


ભાગ-૫

# સંસ્કૃતિની
# રસધાર

પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. આચાર્ય શ્રી વિજય યુગચન્દ્રસૂરિજી મહારાજ પ્રેરિત
શ્રીમતી સૂરજબેન રીખવચંદ સંઘવી ગ્રંથમાળા-૧૬૨

# સંસ્કૃતિની રસધાર

## ભાગ-૫

શૌર્યનો શંખનાદ જગવતા પ્રસંગો.


શબ્દશિલ્પી
સિદ્ધહસ્તલેખક પ્રવચન શ્રુતતીર્થ પ્રેરક પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**



વિજયશીલચંદ્રસૂરિ ગ્રંથ સંગ્રહ



પ્રકાશક
**પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન**
૧૦-૩૨૬૮-A, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧

પ્રકાશન-નિમિત્ત
સૂરિમંત્ર પ્રભાવક
પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**
આચાર્યપદારોહણના ૨૫ વર્ષ
રજત ઉત્સવ પ્રસંગ
વિ.સં. ૨૦૪૭-૨૦૭૨

## લેખક પરિચય

જૈનશાસન શિરતાજ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાવક
સિંહસત્ત્વના સ્વામી પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રદ્યોતક
પ્રશમરસ પયોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન
સિદ્ધહસ્તલેખક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**


| | | |
|---|---|---|
| નામ | : | **સંસ્કૃતિની રસધાર<br>ભાગ-૫<br>Sanskruti's Rasdhar<br>Part-5** |
| પ્રકાશન | : | વૈશાખ-૨૦૭૨, મે-૨૦૧૬ |
| આવૃત્તિ | : | પ્રથમ |
| સાહિત્યસેવા | : | ૪૦-૦૦ |
| પૃષ્ઠ | : | ૮ + ૧૨૦ |
| પ્રતિ | : | ૨૦૦૦ |

મુખ્ય સંપર્કસૂત્ર
**રમેશભાઈ સંઘવી - સુરત.(મો.) 9376770777**

પ્રાપ્તિસ્થાન
(૧) જિતેન્દ્ર જ્વેલર્સ ૧૦૦, ભંડારી સ્ટ્રીટ, ગોળદેવલ, મુંબઈ-૪ (મો.) 9819643462
(૩) ગૂર્જર પ્રકાશન રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અ'વાદ-૧ ફોન : 079-22144663
(૪) પ્રવચન શ્રુતતીર્થ વિરમગામ હાઈવે, શંખેશ્વર. (મો.) 8469377929



# ઓળખ

## સાહિત્ય તીર્થના યાત્રિકની

શ્રુત જેમનો શ્વાસ છે, બહુશ્રુતોને જેમના ઉપર વિશ્વાસ છે.
**એમને ભક્તોની જરૂર નથી, ભક્તોને એમની જરૂર છે.**
કારણ ? એમના હાથમાં જાદુ છે.
**એમણે પસંદ કરેલા ખૂણે, સાહિત્ય સર્જનની ક્ષણે**
ભક્તોને પ્રવેશવું હોય તો ભલે,
**સાહિત્યનો શુદ્ધ શ્વાસ ફેફસામાં ભરવો હોય તો ભલે,**
નહિતર આપણે આપણી રીતે રહેવું. 'નદીની જેમ નિરાંતે વહેવું'.
**આ પંક્તિમાં માનનારા આ સાહિત્ય પુરુષ**
કોઈને જોઈને પાણી પાણી થયા નથી.
**આચાર્ય હરિભદ્રસૂરિજી હોય કે ઉપાધ્યાય યશોવિજયજી,**
મહારાજા કુમારપાળ હોય કે મહારાણા પ્રતાપ,
**દંડનાયક વિમલ હોય કે મહામંત્રી વસ્તુપાલ**
તેઓશ્રી દરેકને મળી ચૂક્યા છે, જોઈ ચૂક્યા છે, સ્પર્શી ચૂક્યા છે,
**ઇતિહાસને એમણે પ્રામાણિકતાથી રજૂ કર્યો છે,**
એકાદ-બે ઉજળી બાજુ ધરાવનારા ચોર લૂંટારાઓને
**દેવના દીકરા જેવા બતાવનારા કે**
એકાદ-બે નબળી બાજુ ધરાવનારા રાજા મહારાજાઓને
**અધમપાત્ર રૂપે દર્શાવનારા લેખકોથી**
એમની કલમ અલગ તરી આવે છે.
**સુકૃત સાગર, પળપળના પલટા, મૃગજળની માયા,**
નળ દમયંતી, મહાસતી મૃગાવતી, મહારાજા ખારવેલ,
**૨૪ તીર્થંકર, વિમલ મંત્રીશ્વર, પાટલીપુત્ર**
આવી અઢળક કૃતિઓથી તેઓએ
**સામાન્ય જનમાનસમાં સંસ્કારનું સિંચન ને વૈરાગ્યનું વાવેતર કર્યું છે.**
'કો'કના તે વેણને વીણી-વીણીને વીરા ઊછી ઉધારા ન કરીએ'
**કવિના આ શબ્દો મુજબ**
સિદ્ધહસ્તસાહિત્ય સર્જક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્
**વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**
હંમેશા પોતાને તુંબડે જ તરતા રહ્યા છે.
**તેઓશ્રીના ચરણ કમલમાં નત મસ્તકે નમન... ભાવસભર વંદન...**

# પ્રકાશકીય

સાહિત્ય પ્રકાશન સમજ અને સમાજના ઘડતરનું પ્રેરક પરિબળ છે. આજના કરાળ કલિકાળમાં ચો તરફ વેર-વાસના-વિપ્લવ આદિની વિકૃતિએ માઝા મૂકી છે. જીવન જીવવાની દિશા અને દશાથી માનવ સમૂહ વિખૂટો પડતો જઈ રહ્યો છે, ત્યારે સંસ્કાર-સંસ્કૃતિ-સદાચાર-ધર્મ-તીર્થરક્ષા-અહિંસા કાજે પ્રાણ પૂરે તેવા સાહિત્ય પ્રકાશનની આવશ્યકતા અતિ વધતી જાય છે.

ધર્મને જીવનની મુખ્ય ધરી પર સ્થિર કર્યા પછી માનવ માત્રની પ્રગતિ સુનિશ્ચિત છે. વાસ્તવિક આધાર તરીકે જો કોઈ હોય, તો તે ધર્મ ને માત્ર ધર્મ છે. આવા ધર્મને પ્રાણાંતે પણ જાળવવાની નેક અને ટેક પેદા થાય, તેવા શુભ-આશયથી પૂજ્યશ્રીની કામણગારી અને કસાયેલી કલમે કંડારાયેલ સાહિત્ય સિંધુમાંથી નાનકડા બિંદુઓ રૂપે આ પુસ્તકો પ્રકાશિત કરતા અમારા અંતરનો આનંદ નિરવધિ બને છે.

સાહિત્ય સર્જક પૂજ્યશ્રીનો આપણા સહુ ઉપર અમાપ ઉપકાર છે. આવું સુષ્ઠુ-સરળ-સાત્ત્વિક-રોમાંચક-રસાળ-બોધપ્રદ સાહિત્યલેખન કરીને પૂજ્યશ્રીએ વિશાળ વાચક વર્ગને ઋણી બનાવ્યો છે.

સૂરિમંત્ર પ્રભાવક પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના આચાર્યપદારોહણના ૨૫ વર્ષના શુભ-આલંબનને પ્રાપ્ત કરીને પૂજ્યશ્રી લિખિત ૨૫ પુસ્તકોનું એક સાથે પ્રકાશન કરવાનો જે પુણ્યલાભ અમને પ્રાપ્ત થયો છે, તેથી અમો ધન્યતા અનુભવીએ છીએ.

શંખેશ્વર તીર્થના પ્રવેશદ્વાર સમા પ્રવચન શ્રુતતીર્થનાં પ્રાંગણે ચતુર્મુખ જિનાલયની પ્રથમ સાલગીરી ઉત્સવ દરમ્યાન સૂરિપદ રજત વર્ષ દિન વૈશાખ સુદ-૬ની પાવન ઘડીએ પ્રગટ થતા આ સાહિત્ય સંપુટના પ્રકાશન કાર્યમાં પૂજ્યશ્રીના શિષ્ય પરિવારરૂપ શ્રમણ-શ્રમણી ભગવંતોના સુંદર સહયોગ પૂર્વક અમારા સંસ્થાના માર્ગદર્શક હૃદયસ્પર્શી પ્રવચનકાર પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય યુગચન્દ્રસૂરિજી** મહારાજાના સદુપદેશથી જે ગુરુભક્તો-શ્રુતભક્તો ઉદારદિલે લાભાન્વિત બન્યા છે, તેની આ તકે હાર્દિક અનુમોદના કરીએ છીએ.

સેંકડો હાથોમાં શોભાવતા આ સાહિત્યને હજારો હાથોમાં રમતું કરવા આપ સહુ વાચકોના સહકારની સદાય અપેક્ષા સાથે......

**લિ. પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન વતી**

**રમેશ રીખવચંદ સંઘવી - સુરત**

સૂરિપદ રજતવર્ષ ઉત્સવ પ્રસંગે પ્રકાશિત ૨૫ પુસ્તક પ્રકાશનના

## લાભાર્થી પરિવારો

### મુખ્ય દાતા

- શ્રીમાન અશોકભાઇ ગજેરા - લક્ષ્મી ડાયમંડ, મુંબઇ
- માતુશ્રી હંસાબેનના આત્મશ્રેયાર્થે બંસીલાલ શાંતિલાલ દલાલ - મુંબઇ
- શ્રીમતી ચેતનાબેન રોહિતભાઇ જોગાણી - મુંબઇ
- શ્રીમતી સોનલબેન કેતનભાઇ ઝવેરી- મુંબઈ
- શ્રીમતી પારૂલબેન ભરતભાઇ કાપડીયા - અમદાવાદ
- શ્રીમતી સેજલબેનના ઉપધાન નિમિત્તે ચન્દ્રાબેન નવીનચન્દ્ર શાહ-મુંબઇ
- શ્રીમતી પરીદાબેન હીતેશભાઇ સરકાર - મુંબઇ
- શ્રીમતી સરોજબેન ભદ્રિકલાલ શ્રોફ - અમદાવાદ
- શ્રીમતી ગીતાબેન સ્વરૂપચંદ મહેતા - મુંબઇ
- શ્રીમતી ધર્મિષ્ઠાબેન સુધીરભાઇ શાહ - અમદાવાદ
- શ્રીમતી હંસાબેન જયંતીભાઇ શાહ - મુંબઇ
- શ્રીમાન નટવરલાલ મૂળચંદ શાહ - માસરરોડવાળા, મુંબઇ
- શ્રીમતી મમતાબેન લલિતભાઇ બી. પટવા - વિસનગર
- શ્રીમતી માયાબેન કેતનભાઇ વસંતલાલ કપાસી - અમદાવાદ
- શ્રીમાન ઉમેદમલજી બાબુલાલજી જૈન - તખતગઢ (રાજસ્થાન)
- તીર્થરત્ન કેવલચંદજી છોગાલાલજી સંકલેશા (રામા) - કલ્યાણ
- શ્રીમાન ભાગચંદજી ગણેશમલજી શ્રીશ્રીમાલ - કલ્યાણ
- પ્રવીણકુમાર પુખરાજજી ફોલામુથાના આત્મશ્રેયાર્થે (આહોર) - કલ્યાણ
- શ્રીમતી પારૂલબેન રાજેશભાઇ છગનલાલ શાહ - વાપી
- નગીનભાઇ પૌષધશાળાના આરાધક ભાઇઓ - પાટણ
- શ્રીમતી પંકુબાઇ ખેમચંદજી ચૌહાણ પરિવાર - દાંતરાઇ



- માતુશ્રી મંગનીબાઇ બાબુલાલજી પ્રતાપજી સતાવત (હરજી) - ભિવંડી
- ડૉ. ભાનુબેન જયંતીલાલ શાહ - સત્રા - મુંબઇ
- મનુભાઇ ત્રિકમલાલના આત્મશ્રેયાર્થે હ. શૈલેષભાઇ શાહ - અમદાવાદ
- સ્વ. રેવીબાઇ માંગીલાલજી જવાનલમજી પરમાર
  હ. ઘીસુલાલ, કુંદનમલ, ડૉ. શ્રેણિક, સંપ્રતિ, ડૉ.વિમલ - વલવણ-પૂના
- શ્રીમતી રશ્મિબેનના અઢારીયા ઉપધાનના ઉપલક્ષ્યમાં
  હ.મહેન્દ્રભાઇ જમનાદાસ દોશી, સાગર, સૌ. પ્રિયંકા તથા અંબર-કોલકાત્તા
- માતુશ્રી જયાબેન બેચરદાસ મહેતા પરિવાર - જેસર - મહુવા
  હ. રાજુભાઇ ડોંબિવલી
- શ્રીમાન ચુનીલાલજી ઘમંડીરામજી ચંદન - સાંચોર
  ચંદન સ્ટીલ લિમિટેડ-મુંબઇ
- ભાઇ કીર્તિકુમાર, માતુશ્રી શાંતાબેન, પિતાશ્રી મોહનલાલ ઝવેરચંદ ઝવેરી - ખેરલાવવાળા (તારાબાગ-મુંબઇ)ના સુકૃતની અનુમોદનાર્થે
  હ. મંજુલાબેન મહેન્દ્રભાઇ ગાંધી - મુંબઇ
- અ.સૌ. ઇન્દ્રાબેન રાકેશકુમાર છત્રગોતાના લગ્નજીવનના ૨૫ વર્ષના ઉપલક્ષ્યમાં - આહોર - કલ્યાણ
- કીરચંદભાઇ જે. શેઠ તથા મનોજભાઇ કે. શેઠના આત્મશ્રેયાર્થે
  હ. નીલાબેન, કલ્પક - સૌ.ઉર્વિ, કુ. ધન્વી શેઠ પરિવાર - સુરેન્દ્રનગર
- ઘોટી નિવાસી સ્વ. જયંતીલાલ ચંદુલાલ મહેતાના સ્મરણાર્થે
  હ. રતિભાઇ, વિશાલકુમાર, દર્શન, વર્ધન
- દોશી જબીબેન પૂનમચંદભાઇ પરસોત્તમદાસ - જેતડાવાળા - અમદાવાદ
  હ. વિપુલ - સૌ. સંગીતા, પિયુષ-સૌ. સેજલ
- સ્વ. ઇન્દુમતીબેન નાથાલાલ ચંપાલાલ શાહના આત્મશ્રેયાર્થે અનીલાબેન-ભુપેન્દ્રભાઇ. પુત્ર : ડૉ. અંકુશ, આતિશ, અનુપ, પુત્રવધૂ : ડૉ. દીપા, રૂપાલી, પન્ના, પૌત્ર : મોક્ષિત, આરવ, વિહાન, પૌત્રી : સ્વરા - કલ્યાણ



- પૂ.સા.શ્રી રમ્યશ્રેયાશ્રીજીના સદુપદેશથી માલેગાંવ નિવાસી શ્રીમતી કાંતાબેન રતિલાલ શાહ બંધુ પરિવાર ડૉ. શૈલેષભાઈ-સુનંદાબેન, અશોકભાઈ-સુનીતાબેન, આશિષભાઈ-નયનાબેન, શ્રીપાળ-નેહા, ઋષભ-ઋત્વી પુત્રી : શુક્લાબેન વિલાસકુમાર શાહ કુ. માન્યા-ટ્વીસા
- ભાભરતીર્થનિવાસી માતુશ્રી ધુડીબેન કાંતિલાલ જીવતલાલ શેઠ પરિવાર હ. રાજેન્દ્રકુમાર - ઉર્મિલાબેન, પુત્ર : દર્શન-વીતરાગ, પુત્રી : શીતલ, કીંજલ, પ્રપૌત્ર : હિતાંશ, પ્રપૌત્રી : સ્તુતિ, ક્રિયા.
- શ્રી ચંપતલાલજી જસરાજજી દોસી - સિરોહી (રાજ.) ધ.પ. લીલાદેવી, પુત્ર - મુકેશ, પ્રવીણ, વિમલ, વિપીન.

## સહયોગી

- શંખેશ્વર પ્રવચન શ્રુતતીર્થ (વિ.સં.૨૦૭૨)ના ઉપધાનતપના આરાધકો
- જાસુદબેનના આત્મશ્રેયાર્થે નવીનભાઈ ચંદુલાલ વિરવાડીયા જેતડા - સુરત
- શ્રીમતી દમયંતીબેન પ્રફુલચન્દ્ર શાહ - ખોડલા - મુંબઈ
- શ્રીમાન દિનેશભાઈ પોપટલાલ શાહ - ધાણધા - મુંબઈ
- શ્રીમતી ભાગવંતીબેન ચંપાલાલજી પાલરેચા - લખમાવા - મુંબઈ
- શ્રીમતી લલિતાબેન નવીનભાઈ ચોપડા - ઘોટી
- એક ગુરુભક્ત પરિવાર - કલ્યાણ
- શ્રીમાન દિનેશકુમાર પ્રવીણકુમારજી જૈન - વાશી - મુંબઈ
- શ્રીમતી દેવીબેન એવંતીલાલ કાંતિલાલ દોશી, રાધનપુર - મુંબઈ
- શ્રીમતી બદામીબેન દેવીચંદજી સિસોદીયાહરણ, પોસાલિયા - થાણા
- શ્રીમાન પારસમલજી પુખરાજજી છાજેડ - માલગઢ - અંધેરી, મુંબઈ
- માતુશ્રી મણીબેન ફુલચંદ કરણીયા - જામનગર - મુલુંડ-મુંબઈ

# કથાક્રમ


| ક્રમ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | સાચો સંન્યાસી કેટલો બધો નિરપેક્ષ હોય ? | ૧ |
| ૨ | નીડર વ્યક્તિત્વ અને વક્તૃત્વ | ૬ |
| ૩ | બહારવટિયો છતાં જોગીદાસ | ૯ |
| ૪ | રાજધર્મ તરફ આંગળી ચીંધણું | ૧૩ |
| ૫ | સિંહ સત્ત્વનું સ્વામીત્વ | ૧૬ |
| ૬ | ગોંડલનું ગૌરવ | ૨૩ |
| ૭ | કેવા એ રાજા! કેવી એ પ્રજા! | ૩૧ |
| ૮ | ભાલાધારી જ્યારે માળાધારી બને છે. | ૩૬ |
| ૯ | લૂંટની લોહિયાળ - લાક્ષ્મીનું પ્રાયશ્ચિત | ૪૪ |
| ૧૦ | સો સો સલામ સંસ્કૃતિને | ૫૨ |
| ૧૧ | સંસ્કૃતિની સુરક્ષા કાજે | ૫૯ |
| ૧૨ | વારાંગના જ્યારે વીરાંગના બને છે | ૬૫ |
| ૧૩ | મરીને પણ જીવવા દો! | ૭૩ |
| ૧૪ | પરાઈ પીડ | ૭૮ |
| ૧૫ | હિન્દુત્વની નેક ટેક | ૮૪ |
| ૧૬ | રહી ગયો રંગ રજપૂતાઈનો! | ૮૯ |
| ૧૭ | રાજધર્મની મર્યાદા | ૯૯ |
| ૧૮ | સઘર્ષ : ધર્મના કામે! સત્તાની સામે | ૧૦૩ |
| ૧૯ | સચની સુરક્ષા કાજે સંગ્રામ | ૧૧૧ |

૧

# સાચો સંન્યાસી કેટલો બધો નિરપેક્ષ હોય ?

અતિથિને આવકાર-સત્કાર આપવો એ જેમ આર્યપ્રજાના લોહીમાં ધબકતો ધર્મસંસ્કાર ગણાય, એમ યજમાન તરફથી સેવા-સત્કાર મેળવવા અંગેની નિરપેક્ષતા એ સંત-સંન્યાસીની વૃત્તિ-પ્રવૃત્તિમાં વણાઈ ગયેલી વિશેષતા ગણાય. સંત-સંન્યાસીની નિરપેક્ષ-વૃત્તિના પ્રભાવે પણ પ્રજાની અતિથિ-સત્કારની ભાવનામાં વૃદ્ધિ થયા કરતી, અને પ્રજાની આવી ભાવના જોઈને સંત-સંન્યાસીઓની યજમાન પાસેથી ઓછામાં ઓછી સેવા સ્વીકારવાની નિરપેક્ષ-વૃત્તિ સુદૃઢ બનતી જતી. આ ભૂતકાળ હતો, વર્તમાન કાળમાં લગભગ વિપરીતતા દૃષ્ટિગોચર થયા વિના નથી રહેતી. આજે યજમાન પાસેથી સેવા સ્વીકારતા રહેવાની વૃત્તિ એક તરફ પ્રબળ બની રહી છે, ત્યારે બીજી તરફ યજમાનમાં અતિથિસત્કારની ભાવનામાં ઓટ આવેલી જણાય છે.

નજીકના ભૂતકાળમાં થયેલા સાધુ-સંતો-સંન્યાસીઓની સેવા માટે યજમાનમાં કેટલી બધી સમુત્સુકતા જોવા મળતી, ત્યારે એનો સ્વીકાર કરવા અંગે સંન્યાસીઓ કેટલી બધી નિરપેક્ષતા દાખવતા, એનો આદર્શ નમૂનો ગણી શકાય, એવો બજરંગદાસજીના જીવનનો એક પ્રસંગ ખાસ

ખાસ જાણવા જેવો છે. સોરઠના ગામડે ગામડે મઢુલીમાં ફોટા રૂપે દર્શન આપતા અને 'બાપા સીતારામ' તરીકે આજે બિરદાવાતા સંત બજરંગદાસજી લગભગ બગદાણા ગામમાં જ વસવાટ કરતા. આજે જેમનામાં આસ્થા ધરાવતો વર્ગ ઠેર ઠેર પથરાયેલો જોવા મળે છે, એ આસ્થાનાં બીજ વર્ષો પૂર્વે રોપાઈ ગયેલાં હતાં. એથી એ કાળમાં પણ એમના પ્રત્યે અનોખી આસ્થા ધરાવતો વર્ગ આ 'બાપુ'ની આગતા-સ્વાગતા કરવા કાજે બધું જ કરી છૂટતો. પણ યજમાન પાસે ઓછામાં ઓછી અપેક્ષા રાખનારા બાપુ લગભગ એ સેવા સ્વીકારતા નહિ.

બગદાણા ના નિવાસ દરમિયાન તો બજરંગદાસજીની આસપાસ પચીસ-પચાસ સંતોનો કાફલો જામેલો જ રહેતો અને આશ્રમ દ્વારા બધી જ સગવડ સુવિધા સાચવી લેવામાં આવતી, પણ જ્યારે બહારગામ જવાનું થાય, ત્યારે પણ આવો જ કાફલો એમની સાથે રહેતો, એથી ગામે ગામ પથરાયેલા એમના ભક્ત-યજમાનો તરફથી ભોજન આદિનો લાભ લેવા માટે અત્યાગ્રહ થયા વિના ન રહેતો. એ આગ્રહને નકારવા જતાં યજમાનનું દિલ દુભાયા વિના ન રહેતું અને આવકારવા જાય તો બાપાનું પોતાનું દિલ દુભાતું હતું. કેમ કે આ રીતનું યજમાનનું આમંત્રણ સ્વીકારાય, તો ભક્તિવશ યજમાનને ખડેપગે પોતાની સેવામાં સજ્જ રહેવું પડે, યજમાન જોકે આવી સેવા ભક્તિભાવથી ઊછળતા હૈયે કરે. પણ આટલીય તકલીફ પોતાના નિમિત્તે સામાને આપવી પડે, એ એમના દિલને ડંખતું હતું.

યજમાનના અત્યાગ્રહને સ્વીકારવાનું ટળી જાય, નકાર ભણવા દ્વારા યજમાનના દિલની દુભવણીમાં પોતાને નિમિત્ત ન બનવું પડે અને આમ છતાં બંનેનાં દિલ સંતોષાય, એવો માર્ગ શોધતા શોધતા અંતે બજરંગ-દાસજીએ મનોમન વિચારીને એક વ્યૂહ ઘડી કાઢ્યો. આ વ્યૂહ-રચના અનેક યજમાનો સમક્ષ આબાદ સફળ થવા પામી.

એક દહાડો બાપુની સવારી અમરેલીની બાજુમાં આવેલા ફત્તેપુરા તરફ રવાના થઈ.ભોજા ભગતની જગા તરીકે પ્રસિદ્ધ એક સ્થાનમાં સત્સંગ-ભજન-ભોજનનો કાર્યક્રમ રંગેચંગે પતાવીને બગદાણા તરફ પાછા વળતાં મોડું થતા લવજી ભગત નામના એક યજમાને વાળુ પતાવીને જવા એટલો બધો અત્યાગ્રહ કર્યો કે, બાપુ એને સ્પષ્ટ રીતે નકારી ન શક્યા. એથી જ એમણે વ્યૂહરચના મુજબ જવાબ વાળ્યો કે, મારા ખાસ સેવક સેક્રેટરીને પૂછીને પછી જ નક્કી કરી શકાય કે, વાળુ કરીને નીકળવું કે બગદાણા જઈને વાળું કરવું!

લવજી ભગતને એ વાતનું અત્યાશ્ચર્ય થયું કે, બાપા વળી સેક્રેટરી રાખતા ક્યારથી થઈ ગયા? આમ છતાં અક્ષર પણ બોલ્યા વિના લવજી ભગત સેક્રેટરીના આગમનની વાટ જોવા માંડ્યા, ત્યાં તો બાપાએ થેલામાંથી એક બાકસ કાઢ્યું અને એને અદ્ધર ઉછાળ્યું. નીચે પડેલા બાકસની છાપ પર દૃષ્ટિપાત કરીને બાપાએ જવાબ વાળતાં કહ્યું કે, લવજી ભગત! વળી ક્યારેક પાછા આવીશું, ત્યારે વાત ! એ વખતે તમારા આમંત્રણ અંગે વિચારીશું. સેક્રેટરીના સંકેત મુજબ વાળુ માટેનું આમંત્રણ અત્યારે - આજે તો સ્વીકારી શકાય એમ નથી.

આટલો જવાબ વાળીને બાપુએ જવાની તૈયારી કરવા માંડી. સેક્રેટરી તરીકે કોઈ વ્યક્તિનું આગમન થયું ન હતું, બાપાએ એક બાકસ ઉછાળ્યું હતું અને નીચે પડેલા બાકસની છાપ પર નજર કરીને જ સેક્રેટરીના સંકેતના નામે એમણે જે નિર્ણય લીધો હતો, એનું રહસ્ય જાણવાની અદમ્ય જિજ્ઞાસા જાગી હોવા છતાં અત્યારે પૂછવાનો અવકાશ ન હોવાથી બાપાને વિદાય આપીને લવજી ભગત પાછા વળ્યા. ત્યારે એમણે મનોમન એવો નિર્ણય લઈ લીધો કે, વહેલીતકે બગદાણા જઈને સેક્રેટરીના સંકેતનું રહસ્ય જાણવું.

લવજી ભગત સાથે એટલી બધી આત્મીયતા હતી કે, એમના આગ્રહને આવકાર્યા વિના ચાલે એમ જ ન હતું, પણ વ્યૂહરચનાના

આધારે સહેલાઈથી એમને સમજાવી-સંતોષીને બાપા બગદાણા પાછા આવી શક્યા હતા, એની પ્રસન્નતા અનુભવતા બાપાની સમક્ષ થોડા જ દિવસો બાદ લવજી ભગત એકાએક ઉપસ્થિત થઈ ગયા. એમનો પહેલો જ પ્રશ્ન એ હતો કે, આપ વિદાય થયા ત્યારથી સેક્રેટરીના સંકેતનું રહસ્ય જાણવા હું અત્યાતુર છું.

આ પ્રશ્ન સાંભળીને બાપાને થયું કે, લવજી ભગત સમક્ષ વ્યૂહ રચનાનું રહસ્ય ખુલ્લું કરવું જ પડશે. રહસ્યની પૂર્વભૂમિકા રચવા એમણે કહ્યું : અતિથિનો સત્કાર એ યજમાનનો ધર્મ છે. એમ એ આતિથ્ય સ્વીકારવું જ પડે, એમ હોય તો બને એટલું ઓછું સ્વીકારવું, એ સંત-સંન્યાસીનો ધર્મ છે. માટે યજમાન ભોજન ભક્તિપૂર્વક સેવામાં ખડે પગે સજ્જ રહેવા તૈયાર હોય, તોય મારા નિમિત્તે કોઈને આવી તકલીફ ન પડે, એ માટે તો વફાદાર સેક્રેટરી પાસે અપેક્ષિત ઇચ્છિત સંકેત મેળવીને પછી જ નિર્ણય કરવાની રીતરસમ મેં અપનાવી છે. આગ્રહ વધી જાય ત્યારે હું યજમાનને કહું છું કે, મારી પણ નહિ, તારી પણ નહિ, આ સેક્રેટરીની મરજી મુજબ નિર્ણય લેવાનો! આ બાકસ હું ઉછાળું છું, નીચે પડ્યા બાદ એની પર બળદની છાપ ઊપસી આવે, તો તારા આગ્રહ અંગે ભવિષ્યમાં વિચારવાનું અને ઘોડાની છાપ ઊપસી આવે, તો તો તારું આમંત્રણ કશી આનાકાની વિના માન્ય રાખવાનું !

લવજી ભગતે વચમાં જ પ્રશ્ન કર્યો કે, બાપુ ! આપની મરજી તો યજમાનને તકલીફ ન આપવી એવી જ હોય છે. માટે કદાચ બળદની છાપ ઊપસી ન આવે, તો તો યજમાનનાં ભાગ્ય ખૂલી ગયાં, એમ માનવું પડે ને?

બાપુએ કહ્યું : ના આવું બને જ નહિ ને ? સેક્રેટરી એટલો બધો વફાદાર છે કે, મારી મરજી મુજબનો જ સંકેત એ દર્શાવે, માટે જ મેં

બે બાજુ બળદની છાપ ધરાવતા બાકસને સેક્રેટરીની જવાબદારી સોંપી છે.

આટલું બોલીને બાપુ હસી પડ્યા. લવજી ભગતે કહ્યું કે, આપનું હાસ્ય મારા જેવા યજમાન માટે રડવાનું કારણ બની જાય એનું શું? બાપુએ ટૂંકો પણ સચોટ જવાબ વાળ્યો : ભગત! સેવા માટેનો તરવરતો તલસાટ એ સેવકની શોભા છે, પણ સેવાની અપેક્ષાપૂર્વકનો થોડોય વલવલાટ, એ તો સ્વામીનું ભૂષણ નહિ, કારમું દૂષણ ગણાય.

બાપા સીતારામ મઢુલીમાં ફોટા રૂપે દર્શન દેતા હોવા છતાં જનજનના હૈયે આજેય જીવતા જાગતા છે, અને વિમાનમાં ઊડનાર કેટલાય સંન્યાસીઓ આશ્રમનાં આલીશાન મંદિરોમાં જ પ્રતિષ્ઠિત છે, લોકહૈયામાં એઓ હાજરાહજૂર જોવા મળતા નથી, આની પાછળનાં કારણ-વારણ પણ આ પ્રસંગના માધ્યમે નથી જાણી શકાતાં શું ?

## ૨

# નીડર વ્યક્તિત્વ અને વક્તૃત્વ

મુખમાંથી મુલાયમ અને મધમીઠું માખણ ઝરતું હોય, હાથ દ્વારા સુંદર શબ્દોના સાથિયા રચાતા હોય અને જેના કાળજે ખુશામતનો ખજાનો અભરે ભર્યો હોય, એવા કવિઓનો ક્યારેય દુકાળ જોવા મળતો નથી. આથી વિપરીત જેનું મુખ સત્યના સ્રોત સમું હોય, જેના હાથ હકીકતને જ સાથ આપતા હોય તેમજ ખુશામતની ખિદમતગારી જેના માટે સ્વપ્નેય સંભવિત ન હોય, એવા કવિઓનો ક્યારેય સુકાળ જોવા મળતો નથી. હિન્દી ભાષામાં અનોખા ઊપસી આવતા કવિ 'નિરાલા' ખરેખર નામની જેમ કામથીય નિરાળા હતા. કવિ તરીકેની કીર્તિ એમને જેટલા પ્રમાણમાં વરી હતી, એથીય વધુ તો નીડર-સાચાબોલા કવિ તરીકેની નામના એમને વરી હતી. એમનું કવિત્વ વધુ પ્રખ્યાત હતું કે સત્ય-વક્તૃત્વ ? એ કહેવું મુશ્કેલ હતું.

નિરાળાજીનું નામ પડતું, ત્યાં એમનું ગીતગાન સાંભળવા જનમેદની ઊમટી પડતી. એઓ સભામાં હાજર હોય, ત્યાં અયોગ્યની આરતી કોઈ ઉતારી શકતું નહિ. અયોગ્યને યોગ્ય પદ મળે, એ જેમ કવિને

કઠતું, એમ યોગ્યનો યોગ્ય પદે અભિષેક ન થાય, એ પણ કવિને ન ગમતું. જ્યાં આવું કંઈ અજુગતું બનતું જોવા મળે, ત્યાં કોઈની શેહ-શરમમાં અંજાયા વિના તેઓ ટકોર તો અવશ્ય કરતા જ. એમની આ વિશેષતાના કારણે જ નિરાળાજી કવિઓની કતારમાં આપબળે આપમેળે જ અલગ ઊપસી આવતા. એમના જીવનનો એક પ્રસંગ જોઈશું, તો એમને વરેલી 'નીડરતા'નું ગુરુશિખર જોઈને આશ્ચર્યચકિત બની ગયા વિના નહિ જ રહેવાય.

સરકારહસ્તક એક વાર દિલ્હીમાં કવિસંમેલનનું આયોજન વિશાળપાયે થયું, આ માટેનાં આમંત્રણ પણ જુદા જુદા કવિઓ પર પાઠવવામાં આવ્યાં. આવું આમંત્રણ નિરાલાજી પર ન જાય એ જ આશ્ચર્ય ગણાય. એમના હાથમાં આમંત્રણ આવતાં જ મુખ્ય અતિથિ તરીકે છપાયેલ વડાપ્રધાન જવાહરલાલ નહેરુનું નામ જોતાં જ એમને આશ્ચર્ય થયું કે, આ કંઈ પ્રધાનમંત્રીઓનું સંમેલન નથી, આ તો કવિઓનું સંમેલન છે. આના અધ્યક્ષપદે તો કવિ જ વધુ શોભી શકે.

ચકોરને ટકોર કરવાની તક કવિ હાથમાંથી થોડી જ છટકી જવા દે. આ દૃષ્ટિથી પણ કવિસંમેલનમાં હાજર રહેવાનું નક્કી કરીને નિરાલાજી સમયસર કવિસંમેલનના સ્થળે પહોંચી ગયા. આમંત્રિતો એક પછી એક આવી રહ્યા હતા. અધ્યક્ષ તરીકે વરાયેલા નહેરુની પાછળ જ નિરાલાજી પ્રવેશ્યા. કવિને આવતા જોઈને નહેરુ ઊભાં રહી ગયા. કવિના વ્યક્તિત્વ કૃતિત્વથી પ્રભાવિત અહોભાવિત નહેરુના મુખમાંથી શબ્દો સરી પડ્યાઃ આવો, નિરાલાજી આવો, સંમેલન શરૂ થવાને હજી થોડી વાર છે, માટે ચાલો થોડી અલકમલકની વાતો કરીએ.

આમંત્રિતોમાંથી થોડા રોકાઈ જતા ત્યાં સંમેલનની નજીકના સ્થળે જ ટોળું ભેગું થઈ ગયું. નહેરુએ વાર્તાલાપનો પ્રારંભ કર્યોઃ કવિજી, તમારા કવિત્વની જેમ નીડર વકતૃત્વ અંગે પણ ખૂબ ખૂબ સાંભળવા

મળ્યું છે. એથી તમારે મોઢે જ એવો કોઈ પ્રસંગ સંભળાવો કે, જેથી અમને નીડર વકતૃત્વની વધુ પ્રતીતિ થવા પામે

ટકોર કરવાની પળ સામેથી આવી હતી. એને ઝડપી લેતાં કવિએ કહ્યું: નહેરુજી ! મંત્રીસંમેલન હોત, તો જુદા જુદા દેશના વડાપ્રધાનોનાં નામ જાણવા અંગે હું પ્રશ્ન કરત, પણ આ તો કવિસંમેલન છે. એથી વિશ્વના વિખ્યાત કવિઓનાં નામ, કાવ્યના પ્રકાર વગેરે માહિતી જાણવા માંગું, તો મને સંતોષપ્રદ સમાધાન મળે ખરું? કમસે કમ એટલી અપેક્ષા તો હું રાખી શકું કે, કવિ સંમેલનનું અધ્યક્ષપદ આપ શોભાવવાના છો, એથી આટલી માહિતી તો અધ્યક્ષશ્રી પાસે હોવી જ જોઈએ.

વડાપ્રધાન જેવાની શેહશરમમાં આવ્યા વિના નિરાલાજીએ પોતાની નીડરતાનો ચમકારો દર્શાવ્યો, આ ટકોરને અને કટાક્ષને સાનમાં સમજી જઈને સવળો અર્થ તારવતાં નહેરુજીએ હસતાં હસતાં જવાબ વાળ્યો: કવિ અને કાવ્યવિષયક તલસ્પર્શી આવી માહિતી આ સંમેલનમાં તમારા જેવા કવિશ્રેષ્ઠના મોઢે જાણવાનો ધન્ય અવસર આજે અમને સૌને મળશે, એનો આનંદ સૌના મુખ પર છવાઈ ગયો છે, જે તમે જોઈ શકો છો.

આ રીતે વાર્તાલાપ સમેટાયો. કવિના કથનનું હાર્દ સૌ સાનમાં સમજી ગયા હતા. નિરાલાજીનું નીડરત્વ આ વાર્તાલાપની પળોમાં સૂર્યની અદાથી ઝગારા મારતું પ્રકાશી ઊઠ્યું હતું, છતાં કોઈની આંખ એથી અંજાઈ ગઈ નહોતી. સૌના હોઠે હાસ્ય જ હિલોળા લઈ રહ્યું હતું, એ હિલોળે હિલોળે હડસેલાતા સૌ સંમેલનમાં પહોંચ્યા અને જયાં નિરાલાજીએ કાવ્ય અને કવિવિષયક માહિતીનો ધોધ અસ્ખલિત વાણીમાં વહેતો કર્યો, ત્યારે નહેરુ સહિત સૌને એવી પ્રતીતિ થવા પામી કે, નિરાલાજીએ કરેલ ટકોર ખૂબ જ વાજબી હતી.

આવું નીડરત્વ આજે જોવા મળે ખરું ? આવા નીડરત્વને જીરવી જનારું નહેરું જેવું વ્યક્તિત્વ પણ આજે સુલભ ખરું ?

3

# બહારવટિયો છતાં જોગીદાસ

સોરઠના સંતો જેમ સુપ્રસિદ્ધ છે, એમ બહારવટિયાઓ માટેય સોરઠ પ્રખ્યાત છે. આવા બહારવટિયાઓમાં જોગીદાસ ખુમાણનું પણ એક આગવું  સ્થાનમાન રહ્યું છે. આમાં બહાદુરી કરતાં પણ ખુમાણના વ્યક્તિત્વ સાથે પરાક્રમની જેમ મુખ્યત્વે પવિત્રતા જે વણાયેલી હતી, એને જ કારણ ગણવી રહી. આ બહારવટિયાને મળેલા 'જોગીદાસ' આવા નામ પર વિચાર કરતાં મનમાં એ જાતનો સંઘર્ષ અને વિમર્શ જાગ્યા વિના ન રહેતો કે, નામ જો જોગીદાસનું તો કામ બહારવટિયા તરીકેનું કેમ અને કામ જો બહારવટિયાનું તો નામ જોગીદાસ કેમ?

સાવરકુંડલાની નજીક આવેલા આંબરડી ગામના વતની આ બહારવટિયાને મળેલું જોગીદાસ નામ ખરેખર સાર્થક હતું. કારણ કે જોગીદાસને શોભે એવું જ એનું વ્યક્તિત્વ હતું. એ કંઈ જન્મથી જ બહારવટિયો ન હતો, જોગીના દાસને અનુરૂપ જીવન જીવનારા એને સંજોગોએ બહારવટિયો બનાવ્યો હતો, છતાં એનામાં 'જોગી-દાસત્વ' તો ઝળહળતું જ રહી શક્યું હતું, આની પ્રતીતિ કરાવતો એક પ્રસંગ જાણીશું, તો આપણે અહોભાવિત બનીને બોલી ઊઠ્યા વિના નહિ જ

રહી શકીએ કે, જોગીદાસ! પહેલાં તો તું ખરેખર જોગીદાસ જ હતો, પછી જ તું બહારવટિયો હતો.

કહેવાય છે કે, જોગીદાસની કાયા એવી કામણગારી હતી કે, એનું બહારવટું ભૂલી જઈને ભલભલી સ્ત્રીઓ એને ભરથાર બનાવવાની ઝંખનામાં ઝૂર્યા કરતી અને એની સાથે એકાંતમાં મળવાના મનસૂબા સેવ્યા કરતી. પણ જોગીદાસ સતત સાગરીતોથી જ ઘેરાયેલો રહેતો, એથી આવા મનસૂબા મનસૂબા જ રહેતા. જોગીદાસને વરવાનો મનસૂબો ધરાવતી આવી જ એક સ્ત્રીને ઘણી ઘણી અને ઘણા દિવસોની મથામણ બાદ એક રાતે પોતાનો મનસૂબો સફળ થાય, એવી આશા બંધાઈ. દિવસોથી એ સ્ત્રી જોગીદાસના રાત્રિ રહેઠાણ અંગેની વિગતો મેળવતી જ રહેતી હતી, એમાં એક દિ' એને એવી માહિતી જાણવા મળી કે, અમુક દિવસે સાગરીતોની છાવણીથી દૂર જોગીદાસ એકલો જ સ્વતંત્ર રાવટીમાં રાત્રિ-રોકાણ કરનાર હતો.

બરાબર આ તક સાધી લઈને એ સ્ત્રી જ્યાં જોગીદાસની રાવટી તરફ જવા નીકળી, ત્યારે મધરાત થવા આવી હતી. મધરાતની આ પળોમાં જોગીદાસ ખુમાણની આંખમાંથી નિદ્રા વેરણછેરણ થઈ ચૂકી હોવાથી પથારીમાં પડ્યો પડ્યો જોગીદાસ પડખાં ફેરવી રહ્યો હતો. જાતજાત અને ભાતભાતના વિચારો એના મનમાં ઘમસાણ મચાવી રહ્યા હતા. એથી એ ઊંઘવાનો પ્રયત્ન કરી રહ્યો હતો, પણ આંખ મટકું મારવાય તૈયાર ન હતી. ત્યાં તો નીરવ રાતને ચીરતો એક મધુર ધ્વનિ એના કાનમાં અથડાયોઃ જોગીદાસ જાગો છો?

ધ્વનિમાંથી છલકાતી મધુરતા પરથી જોગીદાસે નક્કી કરી નાખ્યું કે, કોઈ સ્ત્રી મને મળવા માંગતી લાગે છે. એનો જ આ ધ્વનિ છે. એથી જોગીદાસ એકદમ સાબદો બની ગયો. આ રીતે મધરાતે કોઈ સ્ત્રીનો પ્રવેશ, એના સદાચારથી સિંચિત એના મનને અકારો લાગતો હતો. એણે રાડ પાડી કે, મારી છાવણીમાં  આ રીતે કોઈ સ્ત્રીના પ્રવેશને હું ચલાવી લેવા માંગતો નથી. મને ઝબ્બે કરવા કોઈ ડાકુ પ્રવેશવા માંગતો હોય, તો એના પ્રવેશને હું હજી ચલાવી લઉં, પણ આ રીતે કોઈ સ્ત્રીના

પ્રવેશને સાંખી લેવાની તો મારી હરગિજ તૈયારી નથી. માટે જે સ્ત્રી મને મળવા માંગતી હોય, એ સ્વેચ્છાથી પાછી ફરી જાય, એમ હું ઈચ્છું છું. મારા આ અનુરોધને અવગણીને જો છાવણીમાં પ્રવેશવાની તમે ચેષ્ટા કરશો, તો મારો એક જ સાદ સાંભળીને ધસી આવેલા મારા સાગરીતોને મારો હુકમ શિરોધાર્ય કરતાં કોઈની શેહશરમ નડે, એ શક્ય જ નથી,

જોગીદાસના આ પુણ્યપ્રકોપના પડઘા શમે, એ પૂર્વે જ પેલો મધુર ધ્વનિ વધુ મધુરતા સાથે રણકવા માંડ્યો : જોગીદાસ ! આમ મને તરછોડશો નહિ, મહિનાઓ અને વર્ષોની અગન પ્રતીક્ષા બાદ આજે મારી મનોરથ-પૂર્તિ થવાની પળ પાકી રહી છે, આ પળ જો નહિ સધાય તો જીવવું મારે માટે ઝેર સાબિત થયા વિના નહિ રહે. ખુમાણ! હું તમારામાં અમૃતનું દર્શન કરી રહી છું. છતાં તમને મારામાં ઝેરનો આભાસ કેમ થઈ રહ્યો છે, એ હું સમજી શકતી નથી.

જોગીદાસના અનુરોધને અવગણીને એ સ્ત્રી જ્યારે જોગીદાસની સમક્ષ આવીને ખડી થઈ ગઈ, ત્યારે આંખ મીંચી દઈને જોગીદાસે પુણ્યપ્રકોપ ઠાલવવા માંડ્યો : બહેન! હું તમને અમૃતમય જ રાખવા માંગું છું. નહિ તો બહેન જેવું મધમીઠું સંબોધન મારા મોઢામાંથી કઈ રીતે નીકળે ? ભાલાધારી અને બહારવટિયા તરીકે જ તમે મને ઓળખતા હો, તો તમે થાપ ખાઈ રહ્યાં છો, હું માળાધારી છું, અને પરસ્ત્રીને માત સમાન માનનારો સદાચારી પણ છું. આ મારી સાચી ઓળખાણ પામીને ભાઈ તરીકે મને સંબોધીને જે રસ્તેથી તમે આવ્યાં છો, એ જ રસ્તે સડસડાટ ચાલ્યાં જશો, એવો હું વિશ્વાસ રાખું છું, છતાં તમે વિશ્વાસઘાતનું પાપ વહોરવા માંગતાં હો, તોય મારે તમને આ પાપથી બચાવી લેવાં છે. બોલો, બહેન! તમારે આ પાપથી ઊગરી જવું છે ને? હું માત્ર ભાલાધારી જ નથી, માળાધારી પણ છું. ભાલાના માધ્યમે જીવનરક્ષા થઈ શકે, જ્યારે માળાના માધ્યમે સદાચારની સુરક્ષા થતી રહે.

આ પ્રશ્નનો સાનુકૂળ જવાબ આપવાની તૈયારી જ્યારે એ સ્ત્રીમાં જોવા ન મળી, ઉપરથી સ્નેહાવેશની એંધાણીઓ જ કળાવા માંડી, ત્યારે

જોગીદાસે એક રાડ પાડીને સાગરીતોને સાદ દેતાં જ મધરાતે પણ સામેની છાવણીમાંથી સાગરીતો દોડી આવ્યા. ખુમાણે ખમીરી અને ખુમારીપૂર્વક એ સાગરીતો સમક્ષ નજર સ્થિર કરીને કહ્યું: એક સ્ત્રીની મારી છાવણીમાં આ રીતની ઉપસ્થિતિ તમને યોગ્ય લાગે છે ખરી?

આટલા શબ્દો સાંભળીને જ જોગીદાસનું જિગર કળી ગયેલા સાગરીતો પેલી સ્ત્રીના પગમાં પડી જઈને વિનવી રહ્યા કે, બહેન તરીકે આ ભાઈની ભાવના આપે શિરોધાર્ય ગણવી જ રહી. મધરાત ભલે વધુ ને વધુ ઘેરાઈ રહી હોય અને અંધકારના ઓળા ભયપ્રદ હોય, પણ આપને જ્યાં પાછા ફરવું હોય, ત્યાં સુધી હેમખેમ પહોંચાડવા આવવાની અમારી તૈયારી છે. અમારા પગલે પગલે ભય ભાગી જશે.

સાગરીતોના આ અનુરોધને પેલી સ્ત્રી અવગણી ન શકી. કમને પણ એ જ દિશામાં એને પારોઠનાં પગલાં ભરવાં પડ્યાં, જે દિશામાંથી એ આશાભેર આવી હતી, નિરાશાસભર હૈયે ચાલી જતી એ સ્ત્રીને જોઈને જોગીદાસે સંતોષનો શ્વાસ લેવાપૂર્વક મનોમન એ જ પળે એક એવો નક્કર નિર્ણય લઈ લીધો કે, આ વખતે તો કિરતારે મારી લાજ રાખી, પણ હવેથી કોઈ દહાડો આ રીતે સાગરીતોના સાથ વિના રાત્રિરોકાણ ન જ કરવું, ઉભયના પતનની સંભાવનાની વિષવેલને અંકુરિત થતાં પૂર્વે જ ડામી દેવાની ક્ષમતા ધરાવતી આ ટેકને જોગીદાસ ખુમાણે જીવનભર જાળવી જાણી, એથી જ બહારવટિયા તરીકેનું જીવન જીવવા છતાં સોરઠના ઈતિહાસનાં પાને એનાં કામ-નામ એ રીતે અંકિત થવા પામ્યાં છે કે, વર્ષો વીતવા છતાં લોકજીભે જોગીદાસનું નામ આજેય લેવાતું જ રહે છે. બહારવટિયો હોવા છતાં એ ખુમાણ જોગીનો દાસ હતો, એની પ્રતીતિ કરાવતા અનેક પ્રસંગોમાંનો આ તો એક સામાન્ય જ પ્રસંગ છે, છતાં આના રંગમાંથી જો સદાચારનું આટલું બધું સૌંદર્ય રેલાઈ રહ્યું છે, તો અસામાન્ય પ્રસંગોના રંગ તો કેવા રળિયામણા હશે? એની તો કલ્પના જ કરવી રહી ને?

૪

# રાજધર્મ તરફ આંગળી ચીંધણું

આજના નેતાઓ ભયભીત હોવાથી સઘન સુરક્ષા વિના પ્રજા વચ્ચે હરવા-ફરવાથી દૂર ભાગે છે, એ પોલીસોના પહેરામાં જ રહેતા હોવાથી પ્રજા સાથે એ હળીભળી શકતા નથી, પછી પ્રજાની પીડ જાણવાની અને ભીડ ભાંગવા મથવાની તો આશા જ એ નેતાઓ પાસે ક્યાંથી રાખી શકાય ? હરામ હાડકાં અને હૈયાવિહોણું કાયાનું માળખું ધરાવતા નેતાઓથી વાજ આવી ગયેલી પ્રજા, આજથી થોડા સમય પૂર્વે જ થઈ ગયેલા, નિર્ભય રાજા-રજવાડાંઓ પોતાની પ્રજા માટે શિરછત્ર સમું અને માયાળુ મિત્રસમું કેવું અજબગજબનું વર્તન-વલણ દાખવી ગયા, એની સ્મૃતિ થતાં રોમાંચ અનુભવ્યા વિના ન જ રહે, એમાં આશ્ચર્ય શું?

સયાજીરાવ નજીકના જ ભૂતકાળમાં થઈ ગયેલા આવા રાજવી હતા, પ્રજા વચ્ચે તેઓ નિર્ભયતાપૂર્વક હરતા-ફરતા, નાનામાં નાના માણસની તરફ પણ મદદનો હાથ લંબાવતાં એમને પદ-મદ કે મોટાઈ નડતી નહિ, એમના વ્યક્તિત્વને વરેલી આ જાતની વિરલ વિશેષતાની પ્રતીતિ કરાવતો એક પ્રસંગ જાણવા જેવો છે.

રાજમાર્ગ પર ઘૂમવા નીકળેલા સયાજીરાવની નજર એક વાર મદદ માટે કોઈની પ્રતીક્ષામાં મીટ માંડીને ખડી રહેલી એક સ્ત્રી પર પડી. એની નજર ચોમેર ઘૂમી રહી હતી. માથે લાકડાનો ભારો ઉઠાવીને એ દૂરદૂરથી આવી રહી હતી. થોડોક થાક ઉતારવા માટે એણે કોઈની મદદથી ભારો નીચે ઉતાર્યો હતો, આરામ મળી જતાં હવે એ ભારો ઊંચકીને આગળ વધવા માંગતી હતી. આ માટે જ કોઈના હાથનો સાથ અપેક્ષિત હતો. એની પર સયાજીરાવની નજર પડતાં જ એમણે પૂછ્યું : બહેન ! તમે કોઈની પ્રતીક્ષામાં ખડાં હો, એમ લાગે છે. તો શું કોઈ જાતની મદદ માટેની આ પ્રતીક્ષા છે કે બીજા કોઈ હેતુસર તમારી મીટ મંડાયેલી છે? આ જણાવશો, તો તમને હું જરૂર મદદગાર બની શકીશ.

આ પ્રશ્નનો સાવ સહજ ભાવે જવાબ વળતાં એ સ્ત્રીએ કહ્યું: અહીં અત્યારે તો બીજી કોઈ જાતની મદદની મારે શી અપેક્ષા હોય ? આ લાકડાનો ભારો માથે ચડાવવા હું કોઈની મદદ ઇચ્છી રહી છું. તમે જો સાથનો હાથ લંબાવતા હો, તો આ ભારો માથે ચડાવનાર તરીકે તમારો ઉપકાર માનીશ.

મદદ માટે મીટ માંડીને ઊભેલી એ સ્ત્રીને ખબર ન હતી કે, સામે ઊભેલી વ્યક્તિ સયાજીરાવ પોતે છે. એનો જવાબ સાંભળીને સયાજીરાવ તરીકેની પોતાની ઓળખાણ આપ્યા વિના જ એ બહેનને હાથનો સાથ આપવાપૂર્વક ભારો ચડાવવામાં મદદગાર બનીને સયાજીરાવ 'ભાંગ્યાના ભેરુ' બનવાની આવી તક મળ્યા બાદ સંતોષાનુભૂતિ માનતા જ્યાં થોડા જ આગળ વધ્યા, ત્યાં સામેથી આવનારા એક પ્રોફેસરનું હૈયું પ્રજાવત્સલ રાજવી તરીકે સયાજીરાવ ઉપર ઓવારી ઊઠ્યું, એમણે નજરોનજર એ દૃશ્ય નિહાળ્યું હતું, જેમાં રાજવીએ પોતે હાથનો સાથ આપીને લાકડાનો ભારો ચડાવ્યો હતો. એ પ્રોફેસર પ્રતિભાશાળી હતા, રાજવીની આવી પરોપકાર-પ્રિયતાની પ્રશંસા-અનુમોદના કરવા એમણે 'નિંદા-સ્તુતિ' નામના સાહિત્યનો એક પ્રકાર અજમાવતાં કહ્યું:

'રાજવી તરીકે આપનો ધર્મ તો પ્રજાના માથેથી ભાર ઉતારવાનો ગણાય, પણ આપે તો ઉપરથી આ બહેનના માથે ભાર ચડાવ્યો, એથી

મારે શું સમજવું ? રાજધર્મ અદા કરવામાં તો આપ જરા પણ ઊણા ઊતરો, એ સંભવિત જ નથી !'

આ પ્રશ્ન રાજવીને પણ જરાક વિચારમગ્ન બનાવી ગયો. 'નિંદાસ્તુતિ' એટલે સ્તુતિગર્ભિત નિંદા, જેમાં ખામી દર્શાવીને ખૂબીનાં વખાણ થયાં હોય, પ્રશંસાના આવા પ્રકારને કાવ્યસાહિત્યમાં 'નિંદા-સ્તુતિ'નું નામ અપાયું છે. પ્રોફેસરે આ પ્રકાર અપનાવીને રાજવીને હજી વધુ પરોપકારના પંથે પગલું ઉઠાવવા પ્રેરિત કર્યા હતા, એથી તેઓ રાજવીના પ્રતિભાવની પ્રતીક્ષા કરી રહ્યા. દેખીતી રીતે પ્રોફેસરે દર્શાવેલી ખામીમાંથી સીધો અર્થ તારવતા રાજવીએ જવાબમાં જણાવ્યું.

'તમારી વાતનો સંકેત હું સમજી ગયો. તમે મને એમ કહેવા માંગો છો ને કે, લાકડાનો ભારો માથે ચડાવીને કરેલા કામચલાઉ ઉપકારને હવે કાયમી ચિરંજીવી ઉપકારમાં પલટાવવા મારે એવું કંઈક કરવું જોઈએ કે, આ બહેનને લાકડાનો ભારો ઉઠાવવો જ ન પડે ! આ જાતના રાજધર્મ અંગે આંગળી ચીંધવા બદલ તમારો પણ આભાર !

આટલું કહીને સયાજીરાવે વળતી જ પળે એ બહેનને સાદ દઈને પાછાં બોલાવ્યાં અને કહ્યુંઃ પ્રજાને ભારમુક્ત કરવાનો રાજધર્મ અદા કરવા, મારા તરફથી આટલી ભેટ તમારે સ્વીકારવી જ પડશે અને હવેથી લાકડાનો ભારો ઉઠાવવાનું બંધ કરવાનું મને વચન આપવું જ પડશે.

રાજવીની આ દરખાસ્ત સાંભળીને એ બહેન અને પ્રોફેસરની પ્રસન્નતાનો કોઈ આરો-ઓવારો ન રહ્યો. એ ભેટમાં એટલો ભાર હતો કે, એ બહેનને જીવનનિર્વાહ કાજે હવે બીજો કોઈ જ બોજ ઉઠાવવાની જરૂર ન રહે ! વડોદરાના એ પ્રોફેસર જ આગળ જતાં પોંડિચેરી આશ્રમના સ્થાપક અરવિંદ મહર્ષિ તરીકે પ્રખ્યાત બન્યા. આજના નેતાઓ અને ત્યારના રાજવીઓ વચ્ચે રહેલા આભ-ગાભ જેવા વિરાટ અંતરની ઝાંખી કરાવવા આ પ્રસંગ દર્પણની ગરજ સારે એવો નથી શું ?

# ૫

# સિંહ સત્ત્વનું સ્વામીત્વ

જેની પૂર્તિ અશક્યપ્રાયઃ લાગે, એવી માંગણી શોધી કાઢીને દાતારની સમક્ષ એને રજૂ કરવી, એ હજી સાવ સહેલું ગણાય, પણ દુર્લભનો દાતાર જડી આવે, ત્યારે માંગણી મુજબની એ ચીજ મેળવવા હાથ લંબાવવા માટે તો ઘણી બધી હિંમત જોઈએ. આ સંદર્ભમાં 'દેવું' સહેલું બને, અને 'લેવું' એ અતિદોહ્યલું ગણાય, આને સૂચવતી એક ઘટનાને સંભારીએ, ત્યારે મૂળીના દરબાર ચાંચોજી પરમાર અને હળવદના દસોંદી ચારણનો એક પ્રસંગ યાદ આવ્યા વિના ન જ રહે.

એક વાર હળવદના રાણા કેસરજી, ધ્રોળના રાજવી વિક્રમશી અને ધાંગધ્રાના દરબાર મંગળજી ગોમતીસ્નાન પ્રસંગે અચાનક જ એકઠા થઈ ગયા. એ સ્નાનની સ્મૃતિમાં ત્રણેએ જુદાં જુદાં વ્રત-સંકલ્પ કર્યા. એના પરથી પ્રેરણા પામીને મૂળીના દરબાર ચાંચોજી પરમારે પણ એક એવો ભીષ્મ સંકલ્પ કર્યો કે, જેની પૂર્તિ અશક્યપ્રાયઃ જણાય, એવી પણ કોઈ માંગણી થાય, તો મારે એની પૂર્તિ કરીને જ સંતોષનો શ્વાસ લેવો ! ઘણા ઘણાએ પરમારને આવો સંકલ્પ કરતાં વારવાનો પ્રયાસ કરતાં કહ્યું

કે, કોઈ રાજપાટ માંગી બેસશે તો શું કરશો ? અરે ! રાજપાટનો મોહ તો હજી છૂટી શકે, પણ કોઈ જાનની યાચના કરશે, તો ત્યારે શું જાનનું દાન કરી દેવાની ન્યોચ્છાવરી કરવાની તમારી તૈયારી હશે ખરી ?

આનો જવાબ વાળતાં પરમાર હિંમતભેર કહેતા કે, વચન એટલે વચન ! કોઈ મારો જીવ માંગવા આવશે, તો જીવ આપી દેતાંય હું જરાય વિચાર નહિ જ કરું. જાન કરતાં જીભની જાળવણીને વધુ મહત્તા આપવાની મારી ટેકને અણનમ રાખવા જે કંઈ ભોગ આપવો પડે, એ આપવાની મારી પૂરેપૂરી તૈયારી છે.

ગમે તેવી માંગણીની પૂર્તિ કરવાની ટેકને કારણે થોડા સમયમાં તો ચાંચોજી પરમારનાં નામકામ પર ફૂલ મુકાવા માંડ્યા. હળવદ, ધાંગધ્રા અને ધ્રોળના રાજવીઓએ લીધેલા વ્રત-સંકલ્પો તો સામાન્ય હોવાથી થોડાઘણા સમયમાં જ પરિપૂર્ણ થઈ ગયા. એકમાત્ર ચાંચોજી પરમારનો સંકલ્પ અસાધારણ અને અસામાન્ય હોવાથી એની પૂર્તિ દિવસો સુધી ન થવાથી ચોમેર એની જ વાતો વાટે ને ઘાટે ચર્ચાવા માંડી, એની સાથે જ એમની કીર્તિ પણ ગાથા અને કથા બનીને ચોતરફ વિસ્તરતી ચાલી. ઘણાઘણાની જેમ હળવદના રાણા કેસરજીના કાનમાં પણ એ કીર્તિ-કથા પડઘાવા માંડી, એથી એઓ ઈર્ષ્યાવિશ એવું વિચારી રહ્યા કે, હું કોઈ ચારણના માધ્યમે એવી માંગણી મુકાવીશ કે, જેની પૂર્તિ કરવા ચાંચોજી પરમાર સમર્થ ન નીવડે અને ચારણ સમક્ષ પોતાની હાર કબૂલવાની એ પરમારને ફરજ પડે.

હળવદમાં દસોંદી ચારણનું વ્યક્તિત્વ ઠીકઠીક વિખ્યાત હતું. કવિરાજ તરીકે પણ તેઓ પ્રખ્યાત હતા. એમનો સંપર્ક સાધીને કેસરજીએ બધી વાત કરી. જેમની ટેક આજ સુધી અણનમ જ રહી હતી, એ ચાંચોજી પરમારની સમક્ષ એવી માંગણી રજૂ કરવાની વાત કેસરજીએ મૂકી કે, જે માંગણીની પૂર્તિ ન જ થઈ શકે, એથી પરમારને પોતાની હાર કબૂલવા લાચાર બની જવાની ફરજ પડે !

હળવદના રાણાની બધી વાત સાંભળીને દસોંદી ચારણે મનોમન થોડું મંથન કરી લીધું અને તરત જ જવાબ વાળ્યો કે, રાણાજી ! આજ સુધી પરમારની અણનમતા કેમ જળવાઈ રહી ? એ જ પ્રશ્ન છે. એમની અણનમતાને અણનમ-અખંડ-અતૂટ તરીકે બિરદાવવી, એ વધુ પડતું ગણાય. સાચી વાત તો એ છે કે, પરમાર સમક્ષ મારા જેવા કોઈ માથાભારે માંગણ જ આજ સુધી ખડો થયો નહિ હોય, માટે હું એવી માંગણી મૂકીશ કે, પરમારની અણનમતા માટીના મહેલની જેમ કડડભૂસ કરતી ભોંયભેગી થઈ ગયા વિના ન રહે !

દસોંદી ચારણનો જવાંમર્દીભર્યો આવો જવાબ સાંભળીને હળવદના રાણાના હર્ષનો પાર ન રહ્યો. એમણે ચારણને કહ્યું: મૂળી કંઈ બહુ દૂર નથી, માટે તમારા રાહની કુશળતા ચાહું છું. તમારા પગલે પગલે પરમારની અણનમતાનો પાયો વધુ ને વધુ હલબલી ઊઠ્યા વિના નહિ જ રહે, એમ મને લાગે છે.

હળવદથી હિંમતભેર નીકળેલો ચારણ જેમ જેમ મૂળી ગામ નજીક આવતું ગયું, એમ એમ વધુ હિંમતથી સભર બનતો પગ પછાડતો-પછાડતો જ્યારે મૂળીના દરબારમાં પહોંચ્યો, ત્યારે ચાંચોજી પરમાર દરબાર ભરીને બેઠા હતા. દસોંદી ચારણના દર્શને ખુશખુશાલ બની ગયેલા એમણે સામેથી જ કહ્યું : કવિરાજ ! ચારણ તરીકે તમારા લંબાયેલા હાથને ભરી દેવો, એ મારી ફરજ છે. માટે મન મૂકીને માંગી શકો છો.

ચારણ તો મનમાં એવી ગાંઠ વાળીને જ આવ્યો હતો કે, એવું માંગવું કે જે પરમાર આપી જ ન શકે ! એથી વાતને વળ ચડાવતાં ચારણે કહ્યું : પરમાર ! ચકોરના ચિત્તમાં પાણીની પ્યાસ જ્વાળાની જેમ જલી ઊઠી હોય, તોય એ ગમે તેવા મેઘની સમક્ષ પાણીનો પોકાર પ્રગટ કરતું નથી, પરંતુ જે મેઘ જળસમૃદ્ધ જણાય, તદુપરાંત જેનામાં દાનવીરતા દીપતી હોય, એવી મેઘમાળા સમક્ષ જ ચકોર પાણી કાજેનો પોકાર પાડતું હોય છે. ચકોર જેવા યાચક તરીકે મારે પણ એ જોવું જ જોઈએ

કે, હું માંગું ને મારો મનોરથ પૂરો ન કરી શકે, એવાની આગળ માંગણી મૂકવા કરતાં તો મૂંગા મરવું એ જ ડહાપણનું લક્ષણ ગણાય !

દરબારીઓને થયું કે, ચારણ પરમારની પ્રતિજ્ઞાથી અજાણ લાગે છે, માટે જ આવી આશંકા વ્યક્ત કરીને હાથ લંબાવવાની હિંમત નથી કરી શકતો. એથી દરબારમાંથી પોકાર ઊઠ્યો કે, ચારણ ! અમારા આ પરમારની એવી તો અડગ ટેક છે કે, કોઈ પ્રાણની માંગણી કરે, તો પ્રાણનું પ્રદાન કરતાં પણ ખચકાટ ન અનુભવવો. આવી ટેકને આજ સુધી કોઈ નમાવી શક્યું નથી. માટે તમે મનમાન્યું માંગી શકો છો. તમને માંગતા જેટલો વિચાર કરવો પડે, એટલો આ પરમારને આપતાં નહિ જ કરવો પડે, એમ નક્કી માનજો.

દરબારની આ વાત સાંભળીને તો ચારણને વધુ ચાનક લાગી એણે કહ્યું કે, જે કંઈ માંગવું હોય એ મુક્ત મને માંગવાની છૂટ છે. પણ મારે કંઈ રાજકાજ કે ધન-ધાનની કામના નથી. મારી કામના તો કલ્પનાતીત છે. એટલે જ માંગણી રજૂ કરતાં હું ખચકાટ અનુભવું છું. મારી માંગણી સાંભળીને પરમારને એ ચીજ આપવાની અશક્તિ દર્શાવવી પડે, તો એ બંને માટે સારું ન ગણાય. એના કરતાં તો મોઢે આવેલી માંગણીને ગળેથી ઉતારી દેવાથી બાંધી મુઠ્ઠી લાખની કહેવત કૃતાર્થ બની જશે.

ચારણનો આ પ્રસ્તાવ સાંભળીને તો પરમાર મૌન ન જ રહી શક્યા. એમણે કહ્યું કે, ચારણ ! જાન કરતાં જીભનું જતન કરવાની ટેક મને વધુ વહાલી છે. કોઈ જો મારી સમક્ષ પ્રાણની માંગણી કરે, તો આત્માની આહુતિ આપતાં હું પળનોય વિલંબ ન કરું. પ્રાણ કરતાં વધુ મોંઘી ચીજ તો તમે માગવાના નથી ને ? માટે જરાય સંકોચ કે શરમ રાખ્યા વિના જે કંઈ માંગવું હોય, એ માંગી લો.

પરમારની આ ઉદારતા-વિશાળતા પર આખો દરબાર ઓવારી ઊઠ્યો અને ચારણ તરફ સૌની મીટ મંડાઈ, ચારણની માંગણી શી હશે ? એ અંગે સૌ તરેહ તરેહની કલ્પનાના ઘોડા દોડાવી રહ્યું. ત્યાં તો એ

ઘોડદોડને એકદમ અટકાવી દેતા પોતાની એવી માંગણી રજૂ કરીને ચારણે સૌને ચમકાવી દીધા કે, પરમાર ! તો તો જીવતો-જાગતો એક સાવજ-સિંહ આપની પાસેથી મેળવવાનો મારો મનોરથ છે.

ચારણની આ માંગણી સાંભળીને સમગ્ર સભામાં સોપો પડી ગયો. સૌને થયું કે, આ ચારણ તો પરમારની પ્રતિષ્ઠા પર પાણી ફેરવી દેવા માંગતો લાગે છે. ચોમેર હાહાકાર છવાઈ ગયો. પરમાર માટે જીવલેણ સાબિત થાય, એવી માંગણી કરનાર ચારણને રોષથી સૌ 'ગઢવા' જેવા શબ્દથી વખોડવા લાગ્યા. પરંતુ પરમાર ચાંચોજીએ તો એવી જ સ્વસ્થતા જાળવી જાણીને સૌને શાંત પાડતાં કહ્યું કે, ચારણે અધિકારથી ઉપરવટ જઈને કોઈ માંગણી કરી નથી. જીવતા સાવજનું દાન જાન સાટે પણ કરવાનો હું કોલ આપું છું. સાવજનું દાન કરવા જતાં કદાચ મારે જાનને જોખમમાં મૂકવો પડે, તોય આ માટેની મારી તૈયારી છે. દસોંદી ચારણને બને એટલી વહેલી તકે સાવજનું દાન કરવાનો મારો પ્રયત્ન રહેશે.

ઈશ્વર તરીકે માંડવરાજને માથે રાખીને પરમાર રાજકાજ ચલાવતા હતા. એમને આકંઠ વિશ્વાસ હતો કે, આજ લગી ક્યારેય માંડવરાજે મારી આબરૂની ધૂળધાણી થવા દીધી નથી. એથી સાવજનું દાન કરવામાં પણ માંડવરાજની કૃપાથી મને સફળતા મળશે જ. માંડવરાજનું સ્મરણ કરીને તેઓ સૂઈ ગયા. સ્વપ્નરૂપે સાકાર બનેલા માંડવરાજ મધરાત થતાં જ જાણે એમને જગાડીને કહી રહ્યા કે, પરમાર ! આટલી બધી ચિંતા શાને કરે છે ? ચારણને સાવજનું દાન કરવાનું છે, એમાં આટલી બધી ચિંતા શાને ? ચોટીલાના ડુંગરામાં ઘણા સાવજ રખડતા હશે, એમાંના એકાદ સાવજની કાનપટ્ટી પકડીને લઈ આવજે ને ? તારું વચન પાળવા એ સાવજ ચારણને આપવા માંડીશ, તો બિચારા ચારણની જ છાતી બેસી જશે. કોઈના ચડાવ્યા છાપરે ચડી જતા એ ચારણે એટલોય વિચાર નહિ કર્યો હોય કે, આ રીતે સાવજનું દાન કરવું જ અઘરું નથી, આવું દાન સ્વીકારવું એ તો અઘરામાં અઘરું ગણાય.

સ્વપ્નમાં મળેવા આવા સંકેત પછી તો પરમારના પરાક્રમને કોઈ અવધિ જ ન રહી. સિંહને પણ કાનની બૂટ પકડીને ચરણનો ચાકર બનાવવાનું સત્ત્વ એમનામાં ખળભળી જ રહ્યું હતું. સ્વપ્ન-સંકેત મળતાં તો એ સત્ત્વ ઊછળીને બહાર આવવા જાણે ઝાવાં નાંખી રહ્યું. બીજે દિવસે પ્રચંડ પરાક્રમીની અદાથી એઓ ચોટીલાના ડુંગરોમાં સાવજની શોધમાં એ રીતે કૂદી પડ્યા કે, એમની અષ્ટાપદ જેવી ચાલ જોઈને એક સાવજ ડરી જઈને જાણે સસલા જેવો બની ગયો. એની કાનપટ્ટી ઝાલીને એમણે ચારણને હાકલ કરી : સાવજનું દાન ઈચ્છનારા ચારણને કદાચ કલ્પના નહિ હોય કે, સાવજને દાનરૂપે માંગવો, એના કરતાં તો વરદાન રૂપે સ્વીકારવામાં વધુ બહાદુરી અપેક્ષિત છે. આવી બહાદુરી પુરવાર કરવાની પળે ચારણ ક્યાંક છુપાઈ જાય એ કેમ ચાલે ?

સાવજની કાનપટ્ટી ઝાલીને એનું દાન કરવા પરમાર ચારણની પ્રતીક્ષા કરી રહ્યા. એ જોઈને ચારણનું આખું શરીર ભયથી કંપી અને ફફડી રહ્યું હતું. આ વરદાન સ્વીકાર્યા સિવાય તો ચારણનો કઈ રીતે છુટકારો થાય ? પરંતુ એની કોઠાસૂઝે એની લાજ જાળવી રાખી, એણે કહ્યું : પરમાર ! આપની ટેક ખરેખર અણનમ રહી. સાવજની કાનપટ્ટી પકડીને એને સસલા જેવો બનાવી દેવા દ્વારા આપ તો ખરેખર અષ્ટાપદ જેવા બળિયા સિદ્ધ થયા. માંગ્યું ત્યારે મેં એ વિચાર્યું પણ ન હતું કે, માંગેલું મળશે, તો લેવાની સમર્થતા મારામાં છે કે નહિ ? ખરેખર સિંહ-સાવજનું દાન આપવા તો આપ સમર્થ છો, પણ એને સ્વીકારવાની સમર્થતા મારામાં નથી, એમ મારે કબૂલવું પડે છે. માટે આપનું દાન સ્વીકૃત થઈ ગયું. એમ માનીને આપ આ સાવજને છૂટો મૂકી દો, એવી મારી વિનમ્ર અરજ છે.

ચારણની આ અરજને માન્ય રાખીને પરમારે જ્યારે સાવજને છૂટો મૂકી દીધો અને એ જ્યારે ચોટીલાના એ જંગલમાં ચાલ્યો ગયો, ત્યારે જ ચારણના અંગેઅંગમાં ફરી વળેલી ધ્રુજારી કંઈક શાંત થઈ. પરમારે

બોધના બે બોલ સંભળાવતા કહ્યું કે, કવિરાજ ! કોઈના ચડાવ્યા આ રીતે છાપરે ન ચડી જવાય, એટલો બોધપાઠ આ ઘટનામાંથી ગ્રહણ કરશો, તો હું માનીશ કે અનુભવનો એક લાખેણો અલંકાર આજે તમારા ખજાને ઉમેરાયો.

ચારણની આંખ આંસુભીની હતી. એ આંસુએ એવો ભેદ ઉકેલ્યો કે, ચારણને આ રીતે ઉશ્કેરવા પાછળ કોનો હાથ હતો ? આવા પણ બહાદુરો ભૂતકાળમાં થઈ ગયા કે, વચન પાળવા જેઓ જાનને જોખમમાં મૂકતાં અચકાતા ન હતા, એથી સાવજને પણ સસલા જેવા બની જવાની ફરજ પડતી હતી.

૬

# ગોંડલનું ગૌરવ

પૂત હજી કપૂત થાય, પરંતુ એથી કંઈ માવતરથી કમાવતર ન જ થઈ શકાય, આવી એક કહેવત સુપ્રસિદ્ધ છે. આજે તો લગભગ આ વાત કહેવત રૂપે જ સચવાઈ રહેલી જોવા મળે છે. આટલું પણ જો કે સારું ગણાય. બાકી થોડાં વર્ષો પૂર્વે તો પિતા-પુત્ર ઉપરાંત રાજા-પ્રજાના જીવન-વ્યવહારમાં પણ આ કહેવત ચરિતાર્થ થતી જેવા મળતી હતી. એના પ્રભાવે કપૂત થવા તૈયાર થઈ ગયેલો પૂત પાછો સપૂત તરીકે ઝળકી ઊઠતો. ગોંડલ રાજ્યમાં બનેલો એક પ્રસંગ એવી પ્રેરણાનો પડઘો પાડી શકે એમ છે કે, માવતર જો માવતરપણું જાળવી જાણે, તો કપૂત તરીકે કાળું કલંક વહોરવા તૈયાર થઈ ગયેલો પૂત છેલ્લી ઘડીએય એ કુમાર્ગથી પાછો ફરીને સપૂત તરીકે ઇતિહાસાંકિત બની શકે છે.

ગોંડલ નરેશ તરીકે જ્યારે સગરામજી ઠાકોરનાં નામકામ તપતાં હતાં, ત્યારે રાજ્યસંબંધી બંધારણમાં એક એવો નિયમ પળાતો હતો કે, ખેતરમાં જે અનાજ પાકે, એનો અમુક હિસ્સો ‘રાજ્યભાગ’ તરીકે રાજ્યમાં આપી આવવાનો ! આવી આવક પણ રાજ્યના સંચાલન-

કાર્યમાં ઠીક ઠીક ઉપયોગી નીવડતી. આ સિવાય 'કર' તરીકે ખેડૂતને બીજું કંઈ જ ભરવાનું ન રહેતું. એથી આ નિયમ ખેડૂતો રાજીખુશીથી બરાબર પાળતા. ગોંડલ રાજ્યમાં આ રીતે રાજ્યભાગની વ્યવસ્થા હતી, ત્યારે જામનગર રાજ્યમાં વિઘોટીની પ્રથા ચાલી આવતી હતી. આ બે જાતની પ્રથામાં બહુ ઝાઝો તફાવત નહોતો, પરંતુ એ પણ હકીકત હતી કે, પાકના પ્રમાણમાં જે રાજ્યભાગ ભરવાનો આવતો, એનાં કરતાં થોડોક ઓછો રાજ્યભાગ વિઘોટી-પ્રથા મુજબ આવતો. બંને પ્રથા બંને રાજ્યમાં બરાબર પળાતી હતી. બંને વચ્ચે જો કે બહુ ઝાઝો તફાવત પણ નહોતો. પરંતુ માનવનું મન તો લોભી અને લાલચુ જ રહેતું આવ્યું છે. એની સાખ પૂરતો પ્રસંગ એક દહાડો ગોંડલમાં બનવા પામ્યો.

ગોંડલમાં ગાંગજી પટેલના નામે એક ખેડૂત રહેતો હતો. એને એક વાર એવો વિચાર આવ્યો કે, આપણે ગોંડલ છોડીને જામનગર રાજ્યમાં ચાલ્યા જઈએ, તો ત્યાં વિઘોટીની પ્રથા હોવાથી રાજ્યને અનાજનો થોડો ઓછો ભાગ ભરવો પડે, નજીવા લોભ અને લાભ ખાતર પટેલે થોડા ખેડૂતોને આ માટે ઉશ્કેર્યા. પટેલની હામાં હા કરનારા થોડાઘણા ખેડૂતોએ એ વાતને વધાવી લેતાં કહ્યું : પટેલ ! તમારી વાત સાચી છે. ગોંડલ રાજ્યમાં વિઘોટી પ્રથા હોય તો આપણને લાભ થાય. માટે તમે ઠાકોર આગળ આ અંગે રજૂઆત તો કરો. પછી જોયું જશે.

પટેલને એમ થયું કે, મારી રજૂઆતને આ બધા ખેડૂતોનો ટેકો મળી રહેશે. વધુ પડતા વિશ્વાસનો ભોગ બનીને પટેલે એક દહાડો ગોંડલ નરેશની પાસે જવા અને જરા ઉગ્રતાપૂર્વક રજૂઆત કરવાનું સાહસ ખેડતાં કહ્યું : બાપુ ! સંજોગોએ એવી ફરજ પાડી છે કે, અમારે ગોંડલ રાજ્ય છોડીને જામનગર રાજ્યમાં વસવાટ કરવો પડે.

પટેલની આ વાત સાંભળીને ગોંડલ નરેશે આશ્ચર્ય અને આઘાત અનુભવ્યો. નરેશને આશ્ચર્ય એ વાતનું થયું કે, આ પટેલને વળી કયા કારણે રાજ્ય-ત્યાગ કરવા મજબૂર બનવું પડ્યું હશે ? નરેશને આઘાત

એ વાતનો થયો કે, આ રીતે ગોંડલ રાજ્ય છોડીને પટેલ બીજા રાજ્યમાં જાય તો એથી ગોંડલનું ગૌરવ હણાય. એમણે પૂછ્યું : પટેલ ! રાજ્યમાં કોઈ વાતની તકલીફ પડતી હોય, અધિકારીઓની કોઈ હેરાનગતિ હોય, તો એ અંગે નિઃસંકોચ જણાવો, તો એ વિષયમાં વિચારવાની મારી તૈયારી છે. તમે તો ધરતીના તાત ગણાવ. માટે જે કોઇ મુશ્કેલી હોય, એ ખુલ્લાં દિલે કહી શકો છો. બાકી આ રીતે સીધી જ રાજ્ય-ત્યાગ કરવાની વાત તમને પણ બરાબર જણાય છે ખરી ?

પટેલે કહ્યું : રાજ્યમાં આવી તો કોઈ જ તકલીફ નથી. પણ જામનગરમાં વિઘોટી-પ્રથા છે. એનો અમલ અહીં પણ થાય, તો અમને પટેલ ખેડૂતોને થોડો લાભ થાય.

પટેલની આ વાત સાંભળીને ગોંડલ-નરેશે એવું આશ્ચર્ય અનુભવ્યું કે, આવા નાનકડા એક લાભ ખાતર વળી રાજ્ય છોડવાનું ! એમણે વાત્સલ્યપૂર્વક જણાવ્યું કે, પટેલ ! આ તો બહુ નાની વાત છે. આ વાતની સામે રાજ્યનો ત્યાગ કરવો, એ તો બહુ જ મોટી વાત ગણાય. તમારા જેવા ડાહ્યા માણસ આ રીતે રજને ગજનું સ્વરૂપ આપે, એ બરાબર ન ગણાય. ગોંડલ નરેશે વધુમાં જણાવ્યું કે, રાજ્યને આવકનું કોઈ સાધન તો હોવું જ જોઈએ ને ? ગોંડલમાં પાક પ્રમાણે રાજ્ય-ભાગ નક્કી થાય છે. તો જામનગરમાં વિઘોટી-પ્રથા છે. વર્ષોથી બંને રાજ્યમાં આવી પ્રથાઓ ચાલી આવે છે. વળી, બંને વચ્ચે કોઈ ઝાઝો તફાવત પણ નથી. માટે બીજી કોઈ તકલીફ હોય તો જણાવો. તો જરૂર વિચાર કરવાની મારી પૂરેપૂરી તૈયારી છે.

ગોંડલ-નરેશની આ વાત એકદમ વાજબી હતી. પણ પટેલ લોભમાં તણાયા હતા. વળી પોતાની વાતને ટેકો આપનારા ઘણા પટેલ ખેડૂતો મળી આવશે, એથી અંતે તો રાજ્યને નમતું તોળવું જ પડશે, એવી ધારણા-ભ્રમણાએ પટેલને ઘેરી લીધા હતા. એથી જરાક મર્યાદા ચૂકીને પટેલે કહી દીધું કે, બાપુ ! આપને મન જે વાત નાની ગણાય છે, એ

સરવાળે નાની નથી, મોટી છે. ખેડૂત તરીકે તો અમને લાભનો જ વિચાર આવે ને ? ઘણો ઘણો વિચાર કર્યા બાદ મેં આ નિર્ણય લીધો છે અને એને રજૂ કરવા અહીં આવ્યો છું. આપને મારે કંઈ દોષ દેવો નથી. આ દોષ તો વર્ષોથી આ રાજ્યમાં ચાલી આવતી પ્રથાનો જ છે. કહેવાય છે કે, ગામ ફેરવાય એમ ન હોય તો ગાડું ફેરવાય. માટે જ ખેડૂત તરીકે મારે જામનગર રાજ્યમાં જવાના નિર્ણય પર આવવું પડ્યું છે. બાકી તો આપના રાજ્યમાં બધી જ વાતે લીલાલહેર છે.

ગાંગજી પટેલની આ વાત સાંભળીને ગોંડલ નરેશને થયું કે, હવે બહુ ખેંચવામાં મજા નથી. એમના મન સમક્ષ આ પટેલ અંગે થોડાં વર્ષો પૂર્વે ઘટેલી ચોરી જેવી એક ઘટના તાજી થઈ આવી. છેલ્લા એક ઉપાયરૂપે એ ઘટનાની સ્મૃતિ કરાવવાનું મનોમન નક્કી કરી લઈને અંતે એમણે એટલું જ કહ્યું : પટેલ ! તમારા મનના ધણી આખરે તો તમે જ ગણાવ. માટે રાજ્યનો ત્યાગ ન કરવા અંગે તમારી પર દબાણ કરવાનો મને કોઈ જ અધિકાર નથી. છતાં હું એટલું તો કહીશ જ કે, જો તમને રાજ્ય છોડવાનું વાજબી જ લાગતું હોય અને એનો નિર્ણય તમે અમલમાં મૂકવા જ માંગતા હો, તો રાજ્ય છોડતાં પૂર્વે એક વાર મને મળવા આવી જવાનું વચન આપો.

પટેલની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં, એમણે કહ્યું : બાપુ ! રાજ્ય છોડતાં પૂર્વે હું જરૂર આપને મળવા આવી જ જઈશ, પ્રજા તરીકે પટેલ કુપુત્ર બનવા તૈયાર થઈ ગયા હતા, છતાં રાજ્ય તરીકે માવતર મટીને કમાવતર બનવાની ગોંડલ-નરેશની તૈયારી ન હતી, એથી આટલું વચન મળતાં જ સંતોષાઈ. જઈને એમણે પટેલને પ્રસન્નવદને વિદાય આપી.

ગાંગજી પટેલ ઘરે પહોંચ્યા, નરેશ સાથે થયેલી વાતચીત એમણે સૌની સમક્ષ જરા ગર્વભેર રજૂ કરી. એ વાતો બીજા ખેડૂતોના કાને પણ પહોંચી. પરંતુ જ્યાં મોટી આશા રાખી હતી, એવા આ પૂર્વે હામાં હા

હાંકનારા ખેડૂતો તરફથી હતાશા જ સાંપડી. બધાંએ પટેલને એવી જ સલાહ આપી કે, નજીવા લોભ ખાતર આવા માવતર જેવા ધણીને છોડી દેવાની ભૂલ ન જ કરાય. માટે નિર્ણય માંડી વાળો, પટેલ !

વણિક હોત તો વાર્યા પાછા ન વળેલા પટેલ હાર્યા પાછા વળી જાત, પણ આ પટેલ તો એવા હાર્યા જુગારી હતા કે, હવે તો જે વટને ખાતર પણ પીછેહઠ ન કરતાં બમણું રમવાનું અવિચારી સાહસ ખેડ્યા વિના ન રહે. ઘણા ઘણાના નકાર વચ્ચે પણ પટેલ થોડા જ દિવસો બાદ રાજ્યત્યાગ કરવાના નિર્ણયને અમલમાં મૂકવાનું નિરધારીને ગોંડલ-નરેશ સમક્ષ ખડા થઈ ગયા. પટેલને હાજર થયેલા જોઈને નરેશે પ્રશ્ન કર્યો : પુનર્વિચારણા કરીને રાજ્ય-ત્યાગ ન કરવાનું નક્કી કરીને જ આવ્યા છો ને ?

ગાંગજી પટેલે કહ્યું : બાપુ ! આપને એવું વચન આપ્યું હતું કે, જતાં પૂર્વે મળવા આવીશ. એ વચન પાળવા જ આવ્યો છું. ફરમાવો, આપ જે કહેશો, એ શિરોધાર્ય કરીશ, બાકી ગોંડલ સાથેનાં અન્નજળ હવે પૂરાં થયાં લાગે છે, એથી જામનગર રાજ્યમાં જવાનો નિર્ણય અફર જ છે, આટલું પણ જણાવ્યા વિના ચાલે એમ નથી.

પટેલના નિર્ણયની નક્કરતા લોઢા જેવી જણાવા છતાં નરેશને વિશ્વાસ હતો કે, પોતે એ લોઢાને લાલચોળ બનાવીને ધાર્યો ઘાટ અપાવવામાં જરૂર સફળ થશે. એથી વર્ષો સુધી સાગર સમા પેટમાં છુપાવી રાખેલી એક ગુપ્ત વાતને ખુલ્લી કરવા માટે યોગ્ય ભૂમિકા રચવાના ઈરાદાથી એમણે પૂછ્યું :

'પટેલ ! એક વાતનો જવાબ વાળશો કે, આ રાજ્યમાં કોઈને રાજની ચોરી કરવાનો વિચાર આવે, એ ચોરી કરવા તૈયાર થાય, ચોરીમાં એ પકડાઈ જાય, એવી તક ઊભી થાય અને છતાં રાજ્ય ઉદારતા દાખવીને એને પકડે નહિ, આવું બની શકે ખરું ?

એકી સાથે થયેલા પ્રશ્નોનો એક જ જવાબ વાળતાં પટેલે છાતી ઠોકીને જણાવ્યું : બાપુ ! આપના રાજ્યમાં કોઈને ચોરીનો વિચાર જ ન આવે, પછી આગળની પરિસ્થિતિ તો પેદા થાય જ ક્યાંથી ? ગોંડલ રાજ્ય માટે આવા પ્રશ્નો પેદા થવા શક્ય જ ન ગણાય.

નરેશની ધારણા મુજબ પ્રશ્નોની ગંભીરતા પટેલ કળી શક્યા નહોતા. તેમજ આવા પ્રશ્નો સાથે જોડાયેલા પોતાના ભૂતકાળની આછીપાતળી ઝાંખી પણ પટેલના અંતર સમક્ષ ઊપસી આવી નહોતી. એથી એમણે પુનઃ પ્રશ્ન કર્યો કે, ગોંડલ રાજ્ય માટે અસંભવિત ગણાતા આવા પ્રશ્નો ધારો કે, ઉપસ્થિત થઈ જવા પામે, તો શું તે વખતે રાજ્ય રહેમ રાખીને ચોરનું નામ પણ પ્રગટ ન થવા પામે, એવી ગંભીરતા જાળવી શકે ખરું ?

આવો પ્રશ્ન થતાં જ પટેલને પોતાના જીવનમાં ઘટેલી ભૂતકાળની એક ઘટના સાંભરી આવી : પટેલે ભૂતકાળમાં આવી ચોરી કરી હતી. એ વર્ષે ઢગલાબંધ પાક ઊતર્યો હતો. ત્યારે રાજ્યભાગ ઓછો ભરવો પડે, એ માટે ખળામાંથી જ રાતોરાત અનાજનું એક ગાડું ભરીને ઘરભેગું કરવા પોતે તૈયાર થયેલા. પણ દુર્ભાગ્ય બે ડગલાં આગળ હોવાથી અધવચ્ચે અને અંધારી રાતે એ ગાડું રસ્તામાં જ ફસાઈ ગયેલું. ગાડાને જો બહાર કાઢીને ઘરભેગું કરવામાં ન આવે અને દિવસ ઉગી જાય, તો ચોરી પકડાઈ ગયા વિના ન રહે. એથી સૂડી વચ્ચે ફસાયેલી સોપારી જેવી દશા અનુભવતા પટેલ ગાડું બહાર કાઢવા કોઈની મદદ ઝંખી રહ્યાં. ત્યાં જ ભાગ્યયોગે એક આદમીની મદદ મળી જતાં ગાડું બહાર આવી ગયું અને એ ગાડું અંધારામાં જ ઘરભેગું કરવામાં પટેલને સફળતા પણ મળી જવા પામી. આ રીતની ચોરી કર્યાને વર્ષો વીતી ગયાં હતાં, આજ સુધી એ ચોરીની વિગત પોતાના સિવાય કોઈ જાણતું જ નહોતું. ગાડું બહાર કાઢવામાં જેણે મદદ કરી હતી, એ ગોંડલ-નરેશ પોતે જ હોઈ શકે, એવી તો પટેલને સ્વપ્નેય કલ્પના આવી શકે, એ શક્ય જ ન

હતું. એથી આવી ચોરીની સ્મૃતિ થવા છતાં પટેલે બેધડક જવાબ વાળ્યો કે, બાપુ ! ગોંડલ-રાજ્ય માટે જ્યાં ચોરી જ સંભવિત નથી, ત્યાં આવા પ્રશ્નોને અવકાશ જ ક્યાં રહે ! માટે ફરમાવો બીજી કોઈ આજ્ઞા હોય તો !

લોઢું લાલચોળ બની ઊઠે અને તરત જ ઘણનો ઘા પડતાં ધાર્યો ઘાટ ઘડાઈ જાય, એ રીતનો રહસ્ય-સ્ફોટ કરતાં નરેશે કાનમાં કહ્યું : પટેલ ! યાદ કરો એ ભૂતકાળ ! રાજ્યભાગ ઓછો ભરવો પડે, એ આશયથી તમે રાતોરાત જ ગાડું અનાજથી ભરીને ઘરભેગું કરવાનો પ્રયાસ કરેલો, ત્યારે અધવચ્ચે ફસાયેલા એ ગાડાને બહાર કાઢવા તમને કોઈ સહાયક બનેલું, આથી જ તમારી ચોરી સફળ બનેલી. માટે મારું કહેવું આટલું જ છે કે, ગોંડલ છોડીને જે રાજ્યમાં જાવ, ત્યાં આવા ગંભીરપેટા અને ઉદાર-દિલ ધણી હોવાની ખાતરી કર્યા પછી જ ગોંડલ છોડવું હોય તો છોડજો.

સુરંગમાં ચિનગારી ચંપાતાં જ જેમ હલચલ ને હોહા મચી જાય, એમ નરેશે કરેલા આ રહસ્ય-સ્ફોટથી પટેલના મનમાં મથામણનો મહાસાગર હિલોળે ચડ્યો. પટેલ વિચારી રહ્યા : ગોંડલ-નરેશ જ એ દહાડે શું મને રાજ્ય-ચોરીમાં સહાયક બન્યા હતા. ઓહ ! તો તો આવા ગંભીરપેટા, વર્ષોથી આ ચોરીની વાતને હૈયામાં જ છુપાવી રાખનારા અને મારી આબરૂને અણદાગ રાખનારા ધણી બીજે ક્યાં મળવાના ? માવતર તરીકે એઓ મહાન છે, તો કપૂત તરીકે મારા જેવો બીજો કુલાંગ્નર કોણ નીકળવાનો !

ગાંગજી પટેલની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વહી નીકળ્યો. ગોંડલ-નરેશના પગ પખાળીને પટેલે કહ્યું : આપની સલાહ શિરોધાર્ય છે. માટે હવે બીજે ક્યાંય નથી જવું. ન ખમી શકાય એવો મારો અપરાધ છે, એને ક્ષંતવ્ય ગણવાની પ્રાર્થના કરવાનો અધિકાર પણ હું જો કે ખોઈ બેઠો છું.

પટેલને ઘણું ઘણું કહેવું હતું. પણ એમનો કંઠ રૂંધાઈ ગયો હતો. નરેશની પણ આવી જ સ્થિતિ હતી. એઓ વધુ ન બોલી શક્યા. માત્ર એટલા જ શબ્દો એમના મોંઢામાંથી નીકળ્યા : પટેલ ! ગઈ ગુજરી હવે ભૂલી જાવ. જેનો અંત સારો, એનું બધું જ સારું. ડાહ્યાને છાજે એવો એક નિર્ણય લેવા દ્વારા બગડતી બાજી સુધારી લઈને તમે આજે ગોંડલનું ગૌરવ વધાર્યું છે.

નરેશ અને પટેલ ભેગા થયા, ત્યારે બંનેના હૈયાનાં ગગનમાં ઘનઘોર વાદળ છવાઈને ગોરંભાઈ રહ્યાં હોય, એવી સ્થિતિ હતી. બંને છૂટા પડ્યા ત્યારે મુશળધાર વર્ષા પછી નિર્મળ બની ઊઠેલી આકાશી-આભા જેવી ખુશખુશાલી બંનેનાં હૈયે ખીલી ઊઠી હતી.

માવતરે માવતરપણું જાળવી જાણીને અને એના પ્રભાવે પૂતે કપૂત બનવાની માંડવાળ કરીને એ દહાડે જે રીતે ગોંડલને ગૌરવ અપાવ્યું, એ ગૌરવ-ગાન આજેય ઈતિહાસની ઈમારતમાં ગુંજી જ રહ્યું છે.

૭

# કેવા એ રાજા ! કેવી એ પ્રજા !

પ્રજાના સુખે સુખી અને દુઃખે દુઃખી થનારા રાજવીઓનાં દર્શન આજે જ્યારે સ્વપ્નેય સુલભ નથી રહ્યાં, ત્યારે હજી નજીકના જ ભૂતકાળમાં થઈ ગયેલા આવા રાજવીઓને અહોભાવપૂર્વક યાદ કરીકરીને જ સંતોષ માણવો રહ્યો અને આવા રાજવીઓ જે ભૂમિ પર થઈ ગયા, એ ભૂમિનાં સંતાન બનવાનાં ભાગ્ય બદલ ગર્વ જ અનુભવવો રહ્યો.

પ્રજાનું સુખ જેને સુખી સુખી બનાવી દે અને પ્રજાનું દુઃખ જેને દુઃખી દુઃખી બનાવી દે, એવા રાજવી તરીકે જસદણના વાજસુર ખાચરની નામના-કામનાનો સૂરજ જ્યારે ઝગારા મારતો રાત-દિન તપતો હતો, એ સમયની આ એક ઘટના છે. સોરઠ દેશનાં બે પ્રસિદ્ધ તીર્થો સિદ્ધાચલ-પાલિતાણા અને સોમનાથ-પાટણ એવા પ્રચંડ પ્રભાવવંતા હતાં કે, સિદ્ધાચલના પ્રભાવે જૈન ધર્મની, તો સોમનાથના પ્રતાપે હિન્દુ-સંસ્કૃતિની જયપતાકા દિગદિગંતમાં લહેરાતી રહેતી હતી. સોમનાથ-પાટણ ત્યારે જસદણ રાજ્યની હકૂમતમાં આવતું હતું. વળી વાજસુર ખાચર સોમનાથના ભક્ત હતા, એથી અવારનવાર તેઓ સોમનાથનાં દર્શને જતા. પોતે રાજવી હોવા છતાં સોમનાથના સેવક તરીકે પોતાને

ઓળખાવતાં એઓ ગર્વ અનુભવતા હતા, આટલી હદ સુધીની ભોળાનાથની ભક્તિ એમના હૈયાના સાગરે ભરતી જેવા ઉછાળા મારતી ઘૂઘવતી હતી..

રાજવી વાજસુર એક દહાડો સોમનાથનાં દર્શન માટે ગયા. દર્શન કર્યા બાદ આરતી ઉતારવાનો લાભ લેતાં લેતાં એમની નજર એક બ્રાહ્મણ પર પડી, જે ખડે પગે ધ્યાન-મગ્ન બનીને સોમનાથની સેવામાં ખોવાઈ ગયો હતો. પૂજારીઓ સાથે પૂછપરછ કરતાં કરતાં રાજવીને એટલું જાણવા મળ્યું કે, આ બ્રાહ્મણ ઘણા દિવસથી આ રીતે ભક્તિ કરી રહ્યો છે, અને ભોળાનાથ પ્રસન્ન ન થાય, ત્યાં સુધી ઉપવાસ કરવાનો એનો અટંકી નિર્ણય-નિયમ છે.

બ્રાહ્મણની નિષ્ઠાભરી આવી ભક્તિની વાત સાંભળીને વાજસુર ખાચરને વધુ વિગત જાણવાની ઉત્કંઠા જાગી. માળા દ્વારા જાપ કરતા બ્રાહ્મણને એમણે પૂછ્યું : ભૂદેવજી ! તમારી શક્તિની વાતો સાંભળીને હું તમારી પર ખુશ થયો છું અને એ જાણવા ઈચ્છું છું કે, કયા કારણસર તમે ભોળાનાથને રીઝવવા માંગો છો ? ભોળાનાથની આવી ભક્તિના પ્રભાવે તમે શું ઈચ્છી રહ્યા છો, એ જાણવાની મારી ઈચ્છા છે.

માળા પૂરી થતાં બ્રાહ્મણે આંખ ખોલી, પ્રશ્નકર્તા તરીકે સામે ખડી રહેલી વ્યક્તિને વાજસુર ખાચર તરીકે ઓળખી જઈને જવાબ આપવો જરૂરી જણાતાં બ્રાહ્મણે કહ્યું : આ ભોળાનાથ ભીડભંજન તરીકે પ્રસિદ્ધ છે. ઘણા ઘણાની ભારેમાં ભારે ભીડ પણ આ ભોળાનાથે ભાંગી છે, એથી મારી એક નાનકડી ભીડ ભાંગવા હું આ ભોળાનાથને દિવસોથી ભજી રહ્યો છું. પણ આ ભોળાનાથ હજી રીઝતો નથી, એ જાણે મારી કસોટી કરવા માંગે છે. પણ મેં તો મારી જીવનનાવ આ ભોળાનાથને ભરોસે તરતી મૂકી દીધી છે. એને એ તારવી હોય તો તારે, ડુબાડવી હોય તો ડુબાડે. ભોળાનાથ પ્રસન્ન થાય, એ પછી જ સોમનાથની બહાર પગ મૂકવાનો મારો અફર નિર્ણય છે.

વાજસુરે પૂછ્યું : ભૂદેવજી ! નાનકડી પણ એવી તે કેવી ભીડ તમને મૂંઝવી રહી છે કે, એ ભીડની પીડ ટાળવા તમારે આ રીતે છેક સોમનાથ સુધી લાંબા થવું પડ્યું !

બ્રાહ્મણે કહ્યું : દીકરીનો લગ્નપ્રસંગ સામે આવીને ઊભો છે. સાતસો રૂપિયાનો ખર્ચ છે અને પાસે પાઈ પણ જમા નથી. નાનકડી પણ આ ભીડ કંઈ જેવીતેવી નથી ! આ ભીડ ભાંગવા ભોળાનાથની આગળ ખોળો ન પાથરું, તો બીજે ક્યાં જઈને પાથરું ? શું ભોળાનાથ મને સાતસો રૂપિયા જેવી રકમ નહિ આપે ? નરસૈયાની હૂંડી સ્વીકારનારો મારો ભોળાનાથ મને નિરાશ નહિ જ કરે, એવો પાકો વિશ્વાસ છે. જ્યાં વિશ્વાસ મૂક્યો પછી શ્વાસ અધ્ધર ન રહે, એવું સધ્ધર આ સોમનાથનું સ્થાનમાન છે, પછી નિરાશ થવાની વાતને તો સ્વપ્નેય સ્થાન હોય ખરું ?

ભૂદેવની ભક્તિ-નિષ્ઠા અને આસ્થા પર વાજસુર ખાચર ઓળઘોળ બની ગયા. છતાં પણ પરીક્ષા કરવાના ઈરાદાથી એમણે કહ્યું : ભૂદેવજી ! ભોળાનાથ તો ભોળાનાથ જ છે. પણ તમે ભક્ત નરસૈયા છો ખરા ? શું તમે વિશ્વાસપૂર્વક એવું બોલી શકો એમ છો કે, હું નરસૈયા જેવો નિષ્ઠાવાન છું. આવું બોલવાની સમર્થતા તમારામાં નથી. માટે ભોળાનાથની ભક્તિની લાજ જાળવવા પણ મારું કહ્યું માની જઈને ઘરભેગા થઈ જાવ, સાતસો રૂપિયા જેવી મામૂલી મદદ માટે ગમે ત્યાં હાથ લંબાવશો, તોય એ હાથને સાથ આપનારા મળી આવશે. આવી નાનકડી મદદ માટે મોટાની આગળ હાથ લંબાવવો, એ તો મોટાનું-મહાનનું અપમાન કરવા બરાબર ગણાય.

વાજસુર ખાચરની આ વાત સાંભળીને ભોળાનાથ તરફથી ભૂદેવની ભક્તિની ભરતી ઓટમાં ફેરવાઈ જાય, એવી માયકાંગલી નહોતી. બ્રાહ્મણે મર્યાદા જાળવીને જણાવ્યું : ભોળોનાથ તો ભોળોનાથ છે. મારો ભોળોનાથ એ જોતો નથી કે, માંગણી નાની છે કે મોટી ? એ તો એ જ

જુવે છે કે, ભક્તમાં નરસૈયાનો વંશ-અંશ અવતરિત છે કે નહિ ? હું નરસૈયો નથી, પણ નરસૈયાનો અંશ-વંશ તો હું જરૂર ધરાવું છું ને ? એથી મને વિશ્વાસ છે કે, આ ભોળોનાથ મારી ભીડ ભાંગ્યા વિના નહિ જ રહે. એને મન ભક્તની ભીડ ભાંગવી, એ જ મહત્ત્વની વાત છે. એ ભીજ સાતસો રૂપિયાની હોય, એટલે નાની ગણાય, આ ગણિત તો તમારું છે, સોમનાથનું તો આ ગણિત નથી, નથી ને નથી જ !

ભૂદેવજીએ જે જાતના વિશ્વાસના ધનુષ્ય-ટંકાર સાથે આ શ્રદ્ધાબોલ વ્યક્ત કર્યા, એનો રણકાર સાંભળીને વાજસુરને એમ થઈ ગયું કે, આ ભૂદેવજી જીવ સાટે પ્રતિજ્ઞાનું પાલન કર્યા વિના નહિ જ રહે, એથી આવા ભક્તની ભીડ ભાંગવી, એ રાજવી તરીકે પોતાની જ પ્રથમ ફરજ ગણાય, એવો આત્માનો અવાજ કર્તવ્ય અદા કરવા વાજસુરને પ્રેરિત કરી રહ્યો, વળી એમને એમ લાગ્યું કે, આ ભૂદેવજીની આશા-નિરાશામાં પલટાય અને એ નિરાશામાંથી નિસાસા નીકળે, તો એ મારા માટે સારું પણ ન કહેવાય અને સોમનાથને જે રીતને સુપ્રસિદ્ધિ અને સિદ્ધિ વરી છે, એના માટેય એ સારું ન જ ગણાય. એથી એમણે ભૂદેવજીને કહ્યું :

‘ભૂદેવજી ! આવી ભીડ ભાંગવાનો લાભ મને આપશો, તો હું આપનો વધુ ઉપકૃત બનીશ. આપ એમ જ માનજો કે, ભોળોનાથ મને હાથ બનાવીને તમને સાથ આપવાની પ્રસન્નતા દાખવી રહ્યો છે. લો, રોકડા હજાર રૂપિયા.’

આટલું કહીને વાજસુર ખાચરે ગાંઠે બાંધેલી વાંસળીમાંથી ખણ ખણ કરતા હજાર રૂપિયાની ઢગલી ભૂદેવ સમક્ષ ખડી કરી દીધી. વાજસુર ઉદાર બનીને વરસી રહ્યા હતા, પણ એથી કંઈ ભૂદેવ પોતાની જરૂરિયાતને વધુ વિસ્તૃત બનાવે, એવા લોભમાં તણાઈ જાય, એ શક્ય ન હતું. બ્રાહ્મણે કહ્યું : આવી ઉદારતા બદલ તો આપનો આભાર ! પરંતુ મારી આવશ્યકતા સાતસો રૂપિયાની જ છે. એથી હું હજાર રૂપિયા ગ્રહણ કરું, તો મારી નૈતિકતા ખંડિત થયા વિના ન જ રહે. સાતસોની

મારી આવશ્યકતા છે, આપ હજાર આપવાની ઉદારતા દાખવી રહ્યા છો. એથી હું જો હજાર ગ્રહણ કરી લઉં, તો તો લોભ-લાલચમાં લપેટાયો ગણાઉં. આ રીતે દીકરીના નામે મળી રહેલા વધારાના ૩૦૦ રૂપિયા અન્યાય-અનીતિના ગણાય. માટે ૭૦૦થી વધુ એક રૂપિયો પણ મને ન જ ખપે.

બ્રાહ્મણને દીકરીના લગ્નમાં સાતસોની જ જરૂર હતી, એ સાચું. પણ વધારાના ૩૦૦ રૂપિયા એના જીવનનિર્વાહ માટે ઠીકઠીક ઉપયોગી થઈ પડે, એ પણ એક હકીકત હતી. ગરીબ હોવા છતાં એ બ્રાહ્મણ પાસે સંસ્કૃતિની અઢળક સંપત્તિનું સ્વામીત્વ હતું. એથી ભોળાનાથની કૃપા સમજીને એણે હજારની એ ઢગલીમાંથી ૭૦૦ જ રૂપિયા ગ્રહણ કર્યા અને ભોળાનાથ પ્રશન્ન થયાનો સંતોષ અનુભવતો એ વાજસુર ખાચરનો ઉપકાર માનતો વિદાય થયો. બ્રાહ્મણમાં જો ૩૦૦ રૂપિયા જતા કરવાની ઉદારતા હતી, તો એને પાછા લઈ લઈને વાજસુર ખાચર પોતાના લોભને પંપાળવા માંગતો નહોતા. વાજસુરે એ ૩૦૦ રૂપિયાને દેવચરણે સમર્પિત કરીને જસદણ તરફ જવા પગલું ઉઠાવ્યું, ત્યારે ગરીબીને ગૌરવપૂર્વક જીવતી આવી પ્રજાના માલિક તરીકે એમની છતી પણ ગજગજ ફૂલી ઊઠે, એ પણ સાવ સહજ નહોતું શું ?

છપ્પનિયા દુકાળના વસમા વખતે જસદણ રાજ્યે પ્રજા માટે અન્નના અને પશુઓ માટે ઘાસના ભંડાર ખુલ્લા મૂકી દઈને કોઈને ઊની આંચ આવવા દીધી ન હતી. આની કદર રૂપે ઇ.સ. ૧૯૦૦ના નવેમ્બર મહિને રાજકોટમાં રાજદરબાર ભરીને લોર્ડ કર્જને વાજસુર ખાચરને 'કૈસરે હિંદ' ના એવોર્ડથી નવાજ્યા હતા, એમ ઈતિહાસ નોંધે છે. આજે જ્યારે પ્રજામાંથી નૈતિકતા મરી પરવારી રહી હોય, ત્યારે આવા રાજવીઓ પાકવાની અને રાજવીઓ કર્તવ્ય અને ઉદારતા ખોઈ બેઠા હોય, ત્યારે આવી પ્રજા પાકવાની આશા પણ ક્યાંથી રાખી શકાય ?

# ૮

# ભાલાધારી જ્યારે માળાધારી બને છે.

ભારતીય સંસ્કૃતિની એક એ ભવ્ય-પરંપરા રહી હતી કે, અહીંની માટીમાં મોટા થનારા લગભગ દરેક માનવે મર્યાદાના મહત્વને મૃત્યુ સાટે પણ જાળવી જાણ્યું હતું. પછી ભલે એ સંત હોય કે સંસારી હોય, માળાધારી ભગવાનનો ભક્ત હોય કે ભાલાધારી શેતાનનો શિષ્ય હોય, કાટલધારી વેપારી હોય કે કટારધારી ડાકૂ હોય, વીરાંગ હોય કે વારાંગના હોય, કરૂણાવાળું હોય કે ક્રૂર હોય, શાહુકાર હોય કે શેતાન હોય, પરંતુ દરેકે પોતાના જીવનની આસપાસ અંકાયેલી મર્યાદાને જાનની બાજી લગાવીનેય સાચવી જાણી હતી. આ જાતનો પ્રચંડ પડઘો ઈતિહાસની ઈમારતમાંથી આજેય ઉઠે છે.

આવો પડઘો પાડનારાં અનેકાનેક પ્રસંગોમાંનો એક પ્રસંગ છે. નામચીન ડાકુ નામદેવનો! એ ડાકૂ નામથી જ દેવ હતો, કામ તો એના દાનવથીય વધુ દર્દીલાં હતા. એની કાજળ શી કાળી વર્તન-વાદળીની કોરને રૂપાળીને બનાવતું તેજસ્વીતત્ત્વ ફકત એક જ હતું અને એ એની ભગવદ્‌ભક્તિની ટેક !

ડાકૂ તરીકેનું પાપી જીવન જીવવાના કાળા સંસ્કાર લઈને જન્મેલો નામદેવ, એક સંસ્કારી અને ધર્મનિષ્ઠ માતાનું સંતાન બનવાનું સૌભાગ્ય જરૂર લઈને આવ્ય હતો. અને આ સૌભાગ્યને સદુપયોગ જ એક દહાડો એને ભાલાધારી શેતાનમાંથી માળાધારી સંત બનાવી ગયો !

નામદેવની વધતી વયની સાથે સાથે વધતી જતી વિકરાળ વાઘ-વૃત્તિઓ જોઈને એની માતા કપાળ કૂટી રહી : રે ! આના કરતા તો મારા પેટે પથરો પાક્યો હતો, તો હું ગૌરવ લેત કે, કંઈ નહિ, છેવટે આ પથરો કપડાં ધોવાતો ઉપયોગી બન્યો !

બાલવય વીતી-ન-વીતી, ત્યાં તો નામદેવના દિલમાં સૂતેલો દાનવ જાણે બઈવાખોરના રૂપમાં બેઠો થઈ ગયો કુલની કીર્તિ પર કાળો કૂચડો ફેરવીને કુલાંગાર બનવાની એની વૃત્ત-પ્રવૃત્તિથી હાથ ધોઈ બેઠેલી માતાએ અંતે એક દહાડો પોતાની છેલ્લી આંતરેચ્છા દર્શાવતા ગળગળા સાદે કહ્યું : બેટા ! મારે હવે તને કંઈ નથી કહેવું. મારી આ એક છેલ્લી વાત તું માની જાય, તો સારી વાત છે, નહિ તો હું માનીશ કે, છતે પુત્રે હું વાઝણી છું. તારા જેવા પાજીપુત્રની માતા કહેવડાવવા કરતા વાંઝિયામેણું મને વધારે વહાલું લાગે છે.

માતાની આ ગદ્‌ગદ વાણી નામદેવને નરમ બનાવી ગઈ ! એણે કહ્યું : મા ! મારી લૂંટફાટની વૃત્તિની આડે પાળ ન બંધાય, એવી તારી એક આજ્ઞાને શિરોધાર્ય કરવામાં આનાકાની કરું તો પછી હું ભારતની માટીમાં મોટો થયો ન ગણાવું. તું ગમે તેવી આજ્ઞા કર, એને જીવનની અને જાનની બાજી લગાવીનેય અખંડિત રાખવાની હું શપથ સ્વીકારું છું. પણ એટલો ખ્યાલ જરૂર રાખજે કે, હું ડાકું છું અને ડાકુ જ રહેવા માંગુ છું.

માનું મન પ્રસન્ન થઈ ઉઠ્યું. એણે કહ્યું : બેટા ! એક પ્રતિજ્ઞા લે કે, સવારના સમયે એકગ્રઅંતરે પ્રભુંનું થોડુક ધ્યાન ધરીને પછી જ

બીજી બધી પ્રવૃત્તિ પ્રારંભીશ. એવું ધ્યાન કે, ત્યારે નશ્વરમાં બધા જ નાચ-નખરા ભૂલાઈ જાય, ફક્ત એક ઈશ્વર જ આંખ અને અંતર સામે વ્યાપેલા જણાય !

નામદેવ માની અંતરેચ્છા સાંભળીને રાજીરાજી થઈ ગયો. એને થયું : આ વાતને અમલી બનાવતા બનાવતા જતા પોતાની વૃત્તિ-પ્રવૃત્તિને ક્યાં કંઈ આંચ આવે એમ છે ? હસતે હૈયે એણે કહ્યું : માતાજી ! થાવ રાજી ! પ્રાતની બાજી લગાવીનેય હું આ ટેકને સાજી રાખીશ ! આપે આંકેલી આ મર્યાદાની મહત્તાને, ગમે તેવી તારાજી વહોરીનેય હું અખંડ રાખીશ ! આપનો આ પાજીપુત્ર આ એક નાનીશી પ્રતિજ્ઞાની પાળ આંકીનેય માતાજીની મહેરબાની મેળવી શકશે, એનો એને આનંદ છે.

માતૃ-મન મહોરી ઉઠ્યું. એને થયું : મારા બેટાની કાળી કાળી વર્તન-વાદળીને પ્રતીજ્ઞાની આ પ્રકાશભરી કોર કોક દહાડો ઉજળી બનાવી જાય, તો કેવું સારું ? એણે અંતરથી આશીર્વાદ આપ્યા : જા, બેટા, તારો પ્રતિજ્ઞા-પથનો પ્રવાશ કુશળ નીવોડો !

નામદેવ ગમે તેવો ડાકૂ હોવા છતાં અંતે તો સંસ્કૃતિની ધરતી પર પેદા થયેલો માનવ હતો. બીજા જ દિવસથી એણે પ્રતિજ્ઞાના પંથ પર પ્રવાસ પ્રારંભી દીધો. પથારીમાંથી ઉઠીને એ સીધો પોતાના ઈષ્ટ ઈશ્વરના મંદિરે જતો. અંતરની એકાગ્રતા અંગે આતમની સાથે એકરાર થતો, એ પછી જ એનું ધ્યાન પૂરું થતું. મંદિરના પગથિયા ઉતરી ગયા પછી તો જાણે એ ક્યારેય ભગવાનનો ભક્ત હતો જ નહિ ! એવી પ્રતીતિ કરાવતા પાપપંથે એ પવન-વેગે દોડી જતો. એનો ધૂતવાનો ધંધો જ એવો હતો કે, જ્યાં લૂંટફાટ અને લોહી-લડાઈ વિનાનો કોઈ દિવસ ભાગ્યે જ જાય ! દિવસો સુધી આ પ્રતિજ્ઞા અખંડ રહી.

પ્રતિજ્ઞાનો આ પંથ એક દહાડો એકાએક પરીક્ષાનો પંથ બની ગયો. પોતાના નામ-કામથી આજુબાજુના સમગ્ર પ્રદેશમાં ભય, ફફડાટ,

રોકકળ અને ધ્રૂજારીનું વેદનાભર્યું વાતાવરણ ખડું કરી દેતો નામદેવ કોઈ એક સવારે મંદિરમાં પ્રવેશ્યો. એણે એ દહાડે ઘણીઘણી મહેનત કરી, પણ એકાગ્રતાનું આકાશીપંખી આજે કાળજાના કરંડિયે ન પૂરાયું તે ન જ પૂરાયું ! એકાગ્રતા વિનાના ધ્યાનથી માતાનો વિશ્વાસઘાત કરવા એનું દિલ તૈયાર ન થયું. એ મંદિરમાં પ્રવેશ્યો, ત્યારે પરોઢની પૂર્વભૂમિકાય ન હોતી તૈયાર થઈ અને અત્યારે તો સૂરજ ઝળાહળાં થઈ ગયો હતો.

નામદેવે ચિત્તના ચાકરને ચાબૂક ફટકારીને એકાગ્રતાના ઓટલે બાંધવાનો ફરી પ્રયાસ કર્યો. પણ ચોક અને ચોરામાં રખડતું ચિત્ત હાથમાં ન આવ્યું ! મંદિરમાં એક બાળક રડી રહ્યું હતું. હિમાલય જેવી હઠે ચડીને એ માને પોકારી રહ્યું હતું : મા ! મા ! મને આ મીઠાઈ દે ! મા સમજાવતી હતી : બેટા ! આ મીઠાઈ તો પ્રભુને ધરાયેલી છે. એ ના ખવાય હોં ! પણ બાળહઠ કોનું નામ ! મીઠાઈ મેળવવા રડતું બાળક કેમે છાનું નહોતું રહેતું.

નામદેવને થયું : કદાચ આ બાળકની રોકકળ મારા અંતરને એકાગ્ર નહિ થવા દેતી હોય ! એ ઉભો થયો. રડતાં બાળકની માને એણે કહ્યું : માડી ! મારી અનાડી ચિત્તવૃત્તીઓ આજે ખીલે બંધાતી નથી અને અંતર એકાગ્ર થતું નથી. લાગે છે કે, આ બાળકની રોકકળ કદાચ મને એકાગ્ર નહિ થવા દેતી હોય ! માટે તમે થોડીવાર આ બાળકને લઈ જાવ, તો મારી પ્રતિજ્ઞા પૂરી થાય !

એ માતૃ-હૃદયે વલોવાતા દિલે જવાબ વાળ્યો : હું એક નોંધારી નારી છું. આ બાળક મીઠાઈ મેળવવા જીદ કરી રહ્યું છે. હું એને કઈ રીતે છાનું કરી શકું ?

નામદેવે તરત જ રસ્તો ચીંધ્યો : માડી ! કંદોઈની દુકાનના દરવાજા કંઈ બંધ નથી થઈ ગયા. મીઠાઈનો ટુકડો ખવરાવશો, એટલે

બાળક શાંત થઈ જશે. માતૃત્વને ધરનારી એક નારીને શું એટલું પણ શીખવાડવું પડે કે, બાળકને છાનું કેમ રખાય ?

સામેથી અશ્રુભીની આંખે અને વેદનાભરી વાણીએ જવાબ આવ્યો : અરેરે ! મીઠાઈનો ટુકડો ખરીદવાના પૈસા મારી પાસે હોત, તો તો જોઈતું હતું શું ? મારો પણ ભૂતકાળ ભવ્ય હતો. હું ય પૈસાદારની પત્ની હતી. પણ.. જવા દો ગઈ ગુજરી શાને યાદ કરવી ?

નામદેવને વાતમાં રસ અને રહસ્ય લાગ્યા. એણે કહ્યું : માડી ! મને આપ પુત્ર સમજીને પેટછૂટી વાત કરો. આમ ભીનું ન સંકેલો. આંખમાં આ આંસુ શાના ? વાણીમાં આ વેદના શાની ? પાલવના છેડેથી આંસુ લોહતા એ નોંધારી - નારી દાંત કચકચાવતાં બોલી : પેલો નિષ્ઠુર નામદેવ ડાકૂ એક દહાડો ત્રાટક્યો ને અમારી લીલીછમ વાડી વેરણ-છેરણ બની ગઈ. વૈભવની વાડીમાં ડાકણ જેવા એ ડાકૂએ લૂંટ ચલાવી, એ તો જાણે ઠીક ! પણ એ રાક્ષસે મારા સૌભાગ્ય-કંકણને પણ તોડાવ્યા, મારી સેંથીનું સિંદૂર પણ ભૂંસાવ્યું. મારા અંતરના આધાર અને હૈયાના હારને તલવારના એક ઝાટકે મારી નાખ્યા. એ હત્યારાએ બાળકને નબાપો બનાવ્યો અને મને રંડાપો અપાવ્યો. ઘરનો મોભ તૂટી પડતા અમે નોંધારા બન્યા. આવકની બારી બંધ થઈ ગઈ અને જાવકના બારણા ખુલ્લા જ રહ્યા. આજે અમે વિષમ-સ્થિતિમાં જીવનના બોઝને વેંઢારી રહ્યા છીએ. એક ટંક ખાવા મળી રહે, તોય કીરતારની કીરપા લેખીએ છીએ. ઘરમાં હાંલ્લા કુસ્તી કરે છે, અન્ન ને દાંત વચ્ચે વેરની વડવાઈઓ વિસ્તરી રહી છે. બોલ, બેટા હવે આ કાળજાની કોર જેવા લાડલાંને મીઠાઈનો ટુંકડો કઈ રીતે ખવાડવી શકું ? ચપટી મીઠા ખાતર એ રડતો હોય, તોય મીઠું ખરીદવાના પૈસા માટે પણ જ્યાં ફાંફાં હોય, ત્યાં મીઠાઈની માંગણી તો કઈ રીતે પૂરી કરી શકું ?

ને એ નોંધારી નારી ફફક-ફફક રડી પડી, વેદનાઓની વણઝાર વહીને આવેલી આ સ્મૃતિઓની સળગતી સગડીનો તાપ સહેવા એ

અસમર્થ હતી. મહા મુસીબતે ખાળી રાખેલા અશ્રુપ્રવાહને હવે નામદેવ ડાકૂ પણ ઝાલી ન શક્યો. એ પણ ધ્રુસકે -ધ્રુસકે રડી પડ્યો. વાતાવરણ વેદનામય બની ઉઠ્યું. દિવાલો દર્દ અનુભવી રહી. પવન જાણે થંભી ગયો.

કેડે ભરાવેલી કટાર નોંધારી એ નારીના હાથમાં આપતા નામદેવે કહ્યું : માડી ! લે, આ તલવાર અને આ અનાડી પર ચલાવ ! તારી લીલીછમ વાડીને લૂંટનારો એ હત્યારો અને એ રાક્ષસ હું પોતે જ છું હવે મને જીવવાનો જરાય અધિકાર નથી. મને મારીશ. તો તને પુણ્ય બંધાશે અને જીવતો રાખીશ, તો પાપનું કલંક તારા કપાળે ચોંટશે ! લે, ચલાવ તલવાર હવે ન લગાડ વાર ! માડી ! હું અનાડી ! મેં જ તારી વાડી ઉજાડી !!

વેરની વસૂલાતનું ઝનુંન સેવતી એ નોંધારી-નારી પણ ભારતની સંસ્કૃતિના ધાવણ પીને ઉછરેલી હતી. નામદેવ ડાકૂને આંખ સામે મોતની ભીખ માગતો જોઈને એને થયું : શત્રુને ક્ષમા આપવી, એ જ વેર-વસુલાતની વીરતાભરી-વાટ છે. તલવાર ચલાવવાથી શત્રુ મરે છે, પણ શત્રુતા તો વધુ ઘેરી બને છે, જ્યારે તલવાર મ્યાન કરવાથી શત્રુ જ મિત્ર બની જાય છે ! આંખમાંથી વહેતી આંસુધાર વધુ ઘેરી બની. એ નારી નારાયણી બનીને બોલી ઉઠી :

'નામદેવ ! તેં મને 'માડી' તરીકે સંબોધી, એટલે તો તું મારો 'બેટો' બની ગયો. માડી કદી બેટા પર તલવાર ચલાવે ખરી ? પરભવના કોઈ પાપ મને રંડાપો અપાવી ગયા હશે, હવે કોઈને નપુત્રિયા બનાવીને, એ પાપને વધુ પ્રબળ શાને બનાવવું ? મારી તને ક્ષમા છે. તારા જેવા નામચીન ડાકૂને શીખ દેવોનો મારો અધિકાર નથી, છતાં તેં મને માતા માની છે, એટલે કહેવાઈ જાય છે કે, બેટા ! હત્યાની આ હોળી બુઝાવી દઈને, હવે દયાની દિવાળી પેટાવજે. આ

મનખો દેહ બહુ પુણ્યે મળ્યો છે. તો એનાથી નવી કમાણી ન થાય તો હજી બહુ વાંધો નહીં પણ ગત જનમની કમાણીને ધૂળધાણી તો ન જ કરતો.

એ નોંધારી નારી તો રડતા બાળકને તેડીને ચાલતી થઈ ગઈ. પણ નામદેવના અંતરમાં જોગેલાં વલોપાતના વલોણાં વધુ જોરથી ઘમ્મર-ઘમ્મર ઘૂમવા લાગ્યા. શાંત મંદિરમાં એ ફરીથી એકાગ્રતાની તૂટતી ધારને સાંધવા બેઠો. પણ એનું અશાંત-અંતર મનના મહેલમાં એવો તેફાની તરખાટ મચાવી રહ્યું હતું કે, એકાગ્રતાનો એ એકતારો રોજના લય ન જ છેડી શક્યો. પ્રતિજ્ઞાનો પંથ વેરણછેરણ થતા નામદેવ ઉભો થઈ ગયો. એનું અંતર હવે લોહીના ખાબોચીયાને છાંડીને, લાગણીશીલતાના વિશાળ ગગનમાં પ્રેમના પારેવા રૂપે ઉડવા ફફડી રહ્યું હતું. એના અંતરમાં જાગેલું વિચારોનું વેગીલું વાવાઝોડું, વેદનાના વાદળોને ખેંચી લાવ્યું હતું. એની વેદના કણસી રહી હતી :

'રે ! ચિત્તની મારી આ લોહિયાળ ચાદરને ધોઈ શકે, એવું કોઈ પાણી પૃથ્વીના આ પટ પર વહેતું હશે ખરું ? મેં કેટલાયની અગિયારમાં પ્રાણ સમી લક્ષ્મીની લોહિયાળ-લૂંટ ચલાવી ! સૌભાગ્યના સોહાગોને મેં વૈધવ્યની વિષ-પ્યાલી પીવડાવી ! કેટલાંય પુત્રોને સમશેરોએ નબાપા બનાવ્યા ! આ બધા પાપોના અનંતતંતનો અંત આણતા, સંત થવા સિવાય કોઈ માર્ગ નજરે ચડતો નથી ! ભલું થજો મારી એ માનું કે, જેણે મને 'પ્રભુ-ધ્યાન'નો આ એક નાનકડો નિયમ અપાવ્યો. આ નિયમ જ આજે સંન્યાસની સોહામણી-સૃષ્ટિના સમણાં દેખાડી રહ્યો છે. વાલિયો ભીલ જો વાલ્મિકીઋષિ બની શકે : અને કામાંધ બિલ્વમંડળ જો રામાંધ સંત સુરદાસનું જીવન જીવી શકે તો પછી નામથી દેવ આ 'નામદેવ' કામથી પણ દેવ ન બની શકે શું ? બસ, તો શેતાનના આ જીવનને હવે સો સો સલામ ! સંતનું જીવન એ જ

હવે મારો જીવનકલામ ! હું હવે ભાલાધારી ખૂની નહિ, હું હવે માળાધારી મુનિ !'

નામદેવ અંતરની ધખતી સગડીને ઓલવીને મા પાસે આવ્યો. એણે કહ્યું : મા ! પ્રતિજ્ઞાભંગનું પ્રાયશ્ચિત કરવા તારો આ બેટો સંત થઈ જાય, તો તું રાજી છે ને ? આજે મારી એકાગ્રતા નંદવાણી છે અને મેં એના પ્રાયશ્ચિત કાજે સંત બનવાનો નક્કર નિરધાર કર્યો છે !

પોતાના પાપી-જીવન પર ધિક્કાર અને સંતજીવન પર સત્કારની પુણ્ય પ્રેરણા દેનારા આજના સવારના પ્રસંગને વિસ્તારથી વર્ણવીને નામદેવે માતાની આશિષ માગી અને માએ એની પર અંતરના આશીર્વાદ વરસાવ્યા :

'બેટા ! નામદેવ ! સાપ કાંચળીને છોડી જાય, એમ આ સંસાર-વાસનાને છોડતો જજે. તારું કુશળ હો ! હવે હું માનીશ કે, મારા પેટે નામદેવ કુલદીપક પાક્યો. શિવાસ્તે સન્તુ પંથાનઃ !'

- ને નામદેવની માતાનો પુત્ર-પ્રેમ આંખ વાટે આંસુ રૂપે બહાર છલબલી રહ્યો. આંસુના એ બુંદને ગંગાજલ માનીને નામદેવે પોતાના શિરે ચડાવ્યા અને વાસનાના વમળમાંથી એ ઉપાસનાની ઉર્ધ્વ-કેડીએ કદમ ઉઠાવી ગયો.

ભાલાધારી મટીને માળાધારી બનેલો આ નામદેવ જ પછી 'સંતનામદેવ' તરીકેની પૃથ્વી પર પ્રસિદ્ધિ પામ્યો. આવી હતી અને છે આપણી સંસ્કૃતિ !

# ૯

## લૂંટની લોહિયાળ - લાક્ષ્મીનું પ્રાયશ્ચિત

એ યુગ સંસ્કારોનો હતો. એ સંસ્કારો સંસ્કૃતિના સંતાન હતા અને એ સંસ્કૃતિ નવજાગરણ ભણી પગરણ મંડાવનારી હતી !

આવ નવજાગરણના ઉદ્‌ગાતાઓમાં યોગરાજ પણ એક હતા ! એ પિતા જરૂર હતા. લગ્નની એમની લતા, ત્રણ-ત્રણ ફૂલોનાં હાસ્યથી મહોરી ગઈ હતી. પણ પુત્રો તરફ એમને અંધ મોહ ન હતો. પુત્ર પછી, નવજાગરણ પ્રતિનું પગરણ પહેલું ! આ આદર્શ એમના દેહમાં અસ્થિમજ્જા રૂપે વ્યાપી ગયો હતો !

વનરાજ ચાવડાનું અતુલ-વીર્ય જે યોગરાજને ધાવણમાં મળ્યું હતું, એ યોગરાજની પ્રતિષ્ઠાને કલંકિત કરનારો એક વિચાર એક દિ' ક્ષેમરાજને આવ્યો ! ક્ષેમરાજ યોગરાજનો પાટવી રાજકુમાર થતો હતો.

ગુપ્તચરો હજી હમણાં જ સમાચાર આપી ગયા હતા કે, પ્રભાસપાટણના સાગર તીરે, રોજ પાણીની લહરો આવતી, પણ આજે લક્ષ્મીની લહરો આવી છે. પરદેશનાં વહાણો છે. તૂફાને એમનો દેશ ને એમની દિશા વિસરાવી નાંખી છે, ને એ વહાણો સોમેશ્વરના સાગર-તીરેથી સ્વદેશ ભણી પસાર થઈ રહ્યા છે.

આ વતા સાંભળીને ક્ષેમરાજની આંખ લાભ ને લોભના વિકારોથી ઉભરાઈ ઉઠી, એના મનમાં વિધ્વંસ નોંતરે એવો એક વિચાર ઝબૂકી ગયો : રે ! આ વહાણો પર લૂંટ ચલાવવામાં આવે, તો અણહિલપત્તનનો રાજભંડાર અક્ષય ને અખૂટ બની રહે ! ક્ષેમરાજની આ વિકૃતિએ ગુપ્રચરને પાનો ચડાવ્યો. એણે લોભના અગનમાં ઘી હોમતા કહ્યું :

'યુવરાજ ! અવસર ઘણો સુંદર છે. વહાણોમાં લક્ષ્મીના અખૂટ ભંડાર ભર્યા પડ્યા છે. એક હજાર અશ્વો એ વહાણમાં છે. દોઢસો હાથીઓનો ભાર એ વહાણો વહે છે. અને દેશ-પરદેશના કરિયાણાં તો એમાં ગણ્યાં ગણાય એમ જ નથી !'

ગુપ્તચર ચાલ્યો ગયો, પણ યુવરાજના દિલમાં લોભની લબકારાં મારતી આગ જલાવીને એ ગયો હતો. યુવરાજે પોતાના ભાઈઓને લૂંટની લક્ષ્મી અને પોતાની યોજના જણાવી. સહુએ યુવરાજને સમસ્વરે વધાવી લીધો. પણ ગમે તેમ તોય ક્ષેમરાજ યોગરાજનો પુત્ર હતો. પિતાની ઈચ્છાને પોતીકી ઈચ્છા બનાવવી અને પિતૃ-પારતંત્ર્યને કલ્યાણની કેડી ગણાવી, આ જાતની સંસ્કૃતિનું આ ધાવણ પીને એ મોટો થયો હતો. આ લૂંટની યોજનાને અમલી બનાવવાં કાજે પિતૃઆજ્ઞા લેવાં એ પિતા પાસે ગયો. યોગરાજની કાયા પર વાર્ધક્ય ઢળી પડ્યું હતું. ૧૦૦ વર્ષની વય વટાવીને એમનો દેહ આગળ વધી રહ્યો હતો, છતાં એ દેહમાં તાકાત હતી, ખડતલતા હતી ને ખમીર હતું !

ક્ષેમરાજ પિતાની પાસે આવ્યો. પિતાની ચરણ-રજ મસ્તકે ચડાવીને એણે કહ્યું :

'પિતાજી ! આપણા રાજ્યની સીમાઓ વધતી જાય છે. એ આનંદની વાત છે. આપણી આજ્ઞા નીચે, ધીમે ધીમે ઘણાં રાજ્યો આવી ગયા છે, એય અતિશય આનંદની બાબત છે. પણ આ બધાના ઉજ્જવળ ભાવિ માટે 'રાજભંડાર' અખુટ રહેવો જોઈએ, એનું શું ?'

'બેટા ! ભંડાર અખૂટ જોઈએ, એ વાત સાચી! પણ નેકી/ નીતિથી જ એને ભરી શકાય ! લૂંટની લક્ષ્મીનો સમુદ્ર પણ લહેરાયો હોય, તોય એની કિંમત મારે મન ફૂટી કોડીનીય નથી. ને નેકીની ફક્ત એક કોડીય જેની પાસે હોય, એને હું કરોડપતિ તરીકે ઓળખું છું.'

'પિતાજી ! આપની આ વાત સાચી ! પણ 'રાજકોષ'ને ભરવાના આ બેય માર્ગ સ્વીકાર્ય ગણાવા જોઈએ ! એક નેકીનો, બીજો લૂંટનો ! નેકીથી ભંડાર ભરાય, ત્યાં સુધી લૂંટનો વિચાર ન થાય. પણ પહેલો માર્ગ જ્યાં ભંડાર ન ભરી શકે, ત્યાં બીજો માર્ગ પણ યોગ્ય ગણાવો જોઈએ !'

યોગરાજને આ વાત પ્રતિકાર્ય લાગી એમણે કહ્યું :

'ના, બેટા ના. ભંડાર ભરવાનાં બે માર્ગ તરીકે નેકી ને લૂંટ ન જ હોઈ શકે ! સુવાસ ને શીતલના કદિ બાગ ને આગના બે માર્ગે ન જ મળી શકે ! એ મળે તો બાગના માર્ગે જ. આગના માર્ગે ક્યારેય નહિ !'

ક્ષેમરાજ આમ તો પિતૃભક્ત હતો. પણ એને પિતાજીની 'આદર્શપૂજા' ન ગમી. એની આંખ તો લૂંટની લક્ષ્મીનો ખડકલો જોઈ રહી હતી. એણે હૈયાખોલ વાત કરી નાખી :

'પિતાજી ! પ્રભાસપાટણના સાગરતટે પરદેશનાં વહાણો પસાર થઈ રહ્યા છે. એમાં ખૂબ ખૂબ માલમિલકત ભરેલી છે. અમે યોજના ઘડી છે કે, આ વહાણો પર લૂંટ ચલાવીને આપણો ભંડાર ભરવો ! આ યોજના પર આપની સમંતિ મળે, તો સારી વાત છે. નહિ તો આમેય અમારી યોજના તો અફર જ છે !'

'લૂંટ ! લૂંટની લક્ષ્મી !! લૂંટની લોહિયાળ લક્ષ્મી !!!'

યોગરાજના હૈયાએ વીજળીનાં ઝાટકાં પર ઝાટકાં અનુભવ્યા ! એમના હૈયામાં આઘાતની તીણી-શૂળો ભોંકાવા માંડી. એમનું હૈયું આંસુ અને આગથી છલબલી ઉઠ્યું ! એમના રોમેરોમ રડી ઉઠ્યા કે,

શું મારાં એ બેટાઓ જ આવી લૂંટ ચાલવશે, જે કાલના રાજા હશે ! તો પછી નવજાગરણ ભણી પગરણ માંડવાનો પાઠ પ્રજા ક્યાંથી ને કોની પાસેથી પઢશે ! આવા બેટારૂપે જ મારાં લગ્ન-સંસારનાં ફળ તરીકે પાકવાના છે, એની મને આછીય એંધાણી મળી હતો, તો સંસાર માંડવાની માંડવાળ કરીને હું સંન્યાસી જ બની જાત !

પુત્રોના મોંમાંથી નીકળેલાં શબ્દોમાં યોગરાજે અડગ નિર્ધારનો રણકો સાંભળ્યો હતો. એથી એમણે કહ્યું :

'બેટાઓ ! આપણી સંસ્કૃતિને કલંકિત બનાવે, એવું પગલું તમે ઉઠાવશો, તો મારાં હૈયે ખંજરો ભોંકાશે અને એ ઘાવ એટલાં તો જીવલેણ હશે કે, એ જખમ મારાં જીવનને લઈને જ જંપશે !'

યોગરાજનું હૈયું ભાવિમાં ડોકિયું કરીને ધ્રુજી ઉઠ્યું. એઓ વધુ ન બોલી શક્યા. અમલી ન બને, એવી આજ્ઞા કરવી એમને નિરર્થક લાગી ને લમણે ટકોરા મારીને, એમણે મૌન ધારણ કર્યું.

ક્ષેમરાજનો તો એ મક્કમ-નિર્ણય હતો કે, પિતાજીની સંમતિ મળે તો સારી વાત છે, ન મળે તોય 'લૂટ-યોજના'તો અફર જ છે ! એથી આ નિર્ણય મુબજ એક દિવસ ત્રણે ભાઈઓ થોડાં સાગરીતો સાથે પ્રભાસપાટણ ભણી રવાના થઈ ગયા.

સાગરના ઘૂઘવાટ સાંભળતા જ ક્ષેમરાજનું દિલ બહેલી ઉઠ્યું એણે જોયું તો પ્રભાસપાટણની એ સાગરભૂમિ કીમતી વહાણોથી છવાઈ ગઈ હતી. એનું હૈયુ લલકાર કરી ઉઠ્યું : લૂંટ-લૂંટ-લૂંટ !

- ને થોડીવારમાં તો એ બધાં વહાણો લૂંટાઈ ગયા. ક્ષેમરાજના બળથી ગભરાઈને વહાણના માલમીઓ ને સુકાનીઓ નાસી છૂટ્યા. ક્ષેમરાજ હસી ઉઠ્યો. પોતાના ભાઈઓને તાળી દેતાં એ બોલ્યો :

'ખરેખર સાઠે બુદ્ધિ નાઠી'ની કહેવતને ચરિતાર્થ કરતા પિતાજીનું વચન આપણે માન્યું હોત, તો આવી મહામૂલી લક્ષ્મીને આપણે ખોઈ

બેસત ! શું અશ્વો છે ? શું ગજરત્નો છે ? ને દેશ-પરદેશના શું કરિયાવરો છે ? લક્ષ્મી તો ગમે ત્યાંથી મેળવાય ! શું લૂંટ ને શું લોહી ? આવું બધું જોવા બેસીએ, તો નિર્ધન જ રહેવું પડે !

લૂંટની એ લોહિયાળ લક્ષ્મીને, પોતાની પૂંઠે વેંઢારીને ક્ષેમરાજ પાટણ આવ્યો. એના દિલમાં વિશ્વાસ હતો કે, આ લક્ષ્મી જોતાં જ બાપુજીના આનંદનો પાર નહિ રહે ! લક્ષ્મીની કલ્પના જ જ્યાં નેકી ને ઈમાનને ગળે ટૂંપો દઈ દે છે, ત્યાં એના સાક્ષાત્-દર્શન તો શું ન કરે ! આ લક્ષ્મી જોઈને પિતાજી જરૂર આપણો વાંસો થાબડશે !

ક્ષેમરાજના અંતરમાં આશા હતી. પણ આ વિષયમાં એ ભીંત ભૂલ્યો હતો. પોતાના પિતાને એ હજી ઓળખી શક્યો જ નહોતો. લૂંટની એ લક્ષ્મીને યોગરાજને ચરણે સમર્પિત કરીને ક્ષેમરાજ બોલ્યો :

'પિતાજી ! આપણો રાજભંડાર હવે અખૂટ બન્યો રહેશે. આપ જેના માટે ના પાડતા હતા, એ લૂંટની જ આ લક્ષ્મી છે. જૂઓ, તો ખરા ! કેટકેટલી સમૃદ્ધિ આપના ચરણોમાં છે !'

યોગરાજે આંખો મીંચી દીધી. લૂંટની આ લોહિયાળ-લક્ષ્મીનું દર્શન પણ એમને ખપતું ન હતું. એમણે પોતાના કાને આંગળી મૂકી દીધી. લોહી નીંગળતી એ લક્ષ્મીના સ્તુતિ-લલકારને સાંભળવા પણ એ તૈયાર ન હતા. ને એક લાંબો નિસાસો નાંખીને મનોમન એ બોલ્યા :

'હાય ! પુત્રોના કાજળ-કાળાં આ પાપનું પ્રાયશ્ચિત પિતા તરીકે મારે કરવું જ રહ્યું ! લૂંટની આ લોહિયાળ-લક્ષ્મીનાં પ્રાયશ્ચિત તરીકે અગ્નિસ્નાન કરીનેય મારે જગતને નેકી અને નીતિના પાઠ પઢાવવાં જ જોઈએ ! આદર્શની આ મશાલને લોહી રેડીનેય જલતી રાખવાની ને ઘૂમતી રાખવાની ફરજનો કડવો ઘૂંટડો હું હસતે મોંઢે નહિ પી જાઉં, તો કાલનું ગુજરાત લૂંટ-લોહીને ધાડપાડુઓનો અખાડો બની રહેશે !'

યોગરાજનું હૈયું ભરાઈ આવ્યું. એમની આંખમાંથી દડ-દડ કરતી આંસુધાર વહી ચાલી. એમણે પુત્રોને ફક્ત એટલું જ કહ્યું :

'બેટાઓ ! મારું હૈયુ આજે ચીરાઈ ગયું છે, લૂંટની લોહિયાળ લક્ષ્મી આપણા રાજ્યમાં ? લૂંટ, ભલે તમે ચલાવી, પણ આ લોહિયાળ લક્ષ્મીનું પ્રાયશ્ચિત હું કરીશ. મારો નિર્ણય અણનમ છે. હું આજે જ ચિત્તા-પ્રવેશ કરીને તમારા આ પાપનું પ્રાયશ્ચિત કરવા શહીદ બનીશ !'

ક્ષેમરાજની બાજી ઉંધી વળી ગઈ. એ નહોતો ધારતો કે, આ પાપ આટલું બધું કારમું નીવડશે ને એનું પ્રાયશ્ચિત કરવા જતા, યોગરાજ શહીદીભર્યા મોતને હસતે મોઢેં ભેટી પડશે. એ બોલ્યો :

'પિતાજી! પિતાજી ! શું અમારા પાપનું પ્રાયશ્ચિત વળી આપને કરવાનું હોય ? ને એય આટલું બધું કડક ? અગ્નિસ્નાન ? પિતાજી, શાંત થાવ !'

'ના બેટા ! નિર્ણય તો હવે નહિ ફરે. તમે તો મારી હત્યા કરી છે. રાજાઓને માટે આજ્ઞા-ભંગ એ શસ્ત્ર વિનાની હત્યા છે. હવે હું તમને શી શિક્ષા કરું ! મારા દેહની તમને તમા છે, દિલની ને આદર્શની નહિ ! આ દેહ ભલે ચેહમાં બળીને ખાક થતો. એનો એક એક કણ, સંસ્કૃતિનો ઉપદેશક બનીને બ્રહ્માંડમાં ઘૂમી વળશે, તમારા પાપનું પ્રાયશ્ચિત હું ન કરૂં: તો એનો ભાગીદાર હું પણ ગણાવું. અને આ ભાગીદારીનો આખરી અંજામ તમે જાણો છો ? તમારું આ પાપ કાલે ગુજરાતભરમાં ઘૂમી વળે, ઠેરઠેર લૂંટને લોહીના ચોતરા જામે; એટલે બધા પાતકોનો અંજામ મારા શિરેય આવે ! એના કરતાં સંસ્કૃતિ રક્ષા કાજે આ દેહને હોમી દઈને એ કરપીણ અંજામને અટકાવી દેવો શું ખોટો ? ક્ષેમરાજ ! તેં વહાણો પર લૂંટ નથી ચલાવી, પણ મારા લોહી પર તેં લૂંટ ચલાવી છે. મારો નિર્ણય અફર છે. જા, મંત્રીશ્વરને મોકલ !'

યોગરાજ મંત્રીશ્વરને પ્રતીક્ષી રહ્યા. પ્રાયશ્ચિત કાજેની તૈયારી કરવા એમણે મંત્રીને યાદ કર્યા હતા, નહિ કે આ વિષયમાં એમની સલાહ લેવા !

ક્ષેમરાજ પોતાના ભાઈઓ સાથે પિતાની પાસેથી વિદાય થયો અને મંત્રીશ્વર આવ્યા. ક્ષેમરાજનું હૈયું ય હવે તો પારાવાર વેદનામાં શેકાઈ રહ્યું હતું. એણે નહોતું ધાર્યું કે, બેટાઓનાં પાપનું પ્રાયશ્ચિત બાપ કરશે અને એય આટલું બધું ભીષ્મ ને ગ્રીષ્મ !

મંત્રીશ્વર પરિસ્થિતિને પામી ગયા હતા. એ દિવસ, જ્યારે લૂંટની લોહિયાળ લક્ષ્મીના પાપનું પ્રાયશ્ચિત કરવા યોગરાજ સળગતી ભડભડતી ચિતામાં પ્રવેશતા હોય, એમણે ધાર્યો જ હતો. એમની આંખમાંય આંસુ હતા. પણ આવી આંસુધારોથી ભીની થઈને ભગ્ન થઈ જાય, એટલો બધો કાચો એ આદર્શ ન હતો. એ આદર્શનો દેહ તો લોખંડી પરિબળોથી ઘડાયો હતો. યોગરાજે આદેશ કર્યો :

'મંત્રીશ્વર ! ગામ બહાર એક ચિતા ખડકો ! પુત્રોના પાપનું પ્રાયશ્ચિત કરવા દેહવિલોપન કરવાનો મારો અડગ નિરધાર છે. અને એ પનોતી પળ આજ સાંજની જ છે !'

યોગરાજ પરમાત્માના ધ્યાનમાં બેસી ગયા. આ પ્રાયશ્ચિતની વાતે આખા નગરને સનસનાટીથી બેઠું કરી દીધું. સહુ યોગરાજની પાસે આવ્યા.

યોગરાજનો ખંડ કાકલૂદી ને આસુંઓનો ખંડ બની ગયો. મંત્રીઓએ માથાં પછાડ્યા. પુત્રોએ પગ પકડ્યા ને જનતાએ પોતાનું જિગર ચીરીને અંતરમાં જલતી જ્વાલાઓ બતાવી. સહુએ સમસ્વરે યોગરાજને વિનવ્યા :

'મહારાજ ! આપ હવે તો નિર્ણય ફેરવો. પાપનું પ્રાયશ્ચિત થઈ ગયું છે. જુઓ ક્ષેમરાજ સહિત આપના ત્રણે પુત્રીની આંખેથી ઉની

આંસુધાર અનરાધાર વહી રહી છે. ને એમનાં અંતરમાં અનુતાપની આગ ભડભડ કરતી જલી ઉઠી છે. પાપનું પ્રાયશ્ચિત આંસુ ને આગ જ છે ! આપનો દેહ તો જુઓ ! ૧૨૦ વર્ષની જૈફ-વયે આપ ચિતામાં પ્રવેશશો ? ના, મહારાજ ! ના, નગરનું બચ્ચે-બચ્ચું આપને વિનવે છે કે, આપ નિર્ણય ફેરવો !'

જનતા કરગરી રહી. જનતાના આ અવાજમાં આઘાત, દર્દ અને વેદનાથી પણ કંઈક વધુ હતું. પણ યોગરાજ તો અડગ હતા. પોતાનું લોહી રેડીને ય આદર્શનો રંગ એમને ઘેરો રાખવો હતો. એઓએ કહ્યું :

'તમારા સહુની વાત સાચી ! પુત્રોનું પ્રાયશ્ચિત ભલે થઈ ગયું પણ મારું પ્રાયશ્ચિત હજી બાકી છે. એ ત્યારે પૂરું થશે, જ્યારે આ દેહ રાખની ઢગલીમાં રૂપાંતરિત થઈને નેકીનો પુકાર ઉઠાવતો ઉઠાવતો કણ-કણ રૂપે ગુજરાતના આકાશમાં ઘૂમી વળશે !'

-ને યોગરાજ ખડા થઈ ગયા. આંસુઓમાં પગ બોળીને, જખમી જિગરોની જ્વાલાઓના ઉકળાટને સહીને એઓ નગરના રાજમાર્ગો વટાવતા નગર બહાર આવી ઉભા.

ચિતા ભડભડ કરતી પ્રજ્વળી ઉઠી હતી. એની લબકારા મારતી જ્વાળાઓ આકાશને આંબતી હતી. પુત્રોના પાપનું અને લૂંટની લોહિયાળ લક્ષ્મીનું પ્રાયશ્ચિત કરવા મહારાજા યોગરાજે એમાં પ્રવેશ કર્યો. ઘડી બે ઘડીમાં તો એ દેહ માટી-કણમાં મળી ગયો.

થોડીવાર થઈ, પવનની એક લહરી આવી અને સંસ્કૃતિના સંદેશને સંસારભરમાં ફેલાવવાં કાજે, આદર્શમૂર્તિના દેહની એ ભસ્મ-કણોને લઈને એણે આકાશમાં ઘૂમરાવ્યા !

૧૦

# સો સો સલામ સંસ્કૃતિને

ધન કાજે. ધરા કાજે અને ધામ કાજે ધીંગાણા ખેલનારા તો આ ખલકમાં ખૂણે ખૂણે ખડકાયેલાં પડ્યા છે. પણ ધર્મ કાજે ધીંગાણાના ગાણાં લલકારનારાં અને સંસ્કૃતિ કાજે જાણી જાણીને ઝેરનો પ્યાલો ગટગટાવી જનારા તો વિરલા જ મળવાના ! આવા જવાં મર્દો ભલે વિરલા રહ્યા ! પરંતુ આ વસુંધરાને પોતાના સતના ટેકે એઓ જ ટકાવી શકે છે !

શ્રેષ્ઠિ કન્યા પ્રિયદર્શના આવી જ એક નારી હતી. દેહના હીર-ચીર સૂકવીનેય સંસ્કૃતિને સુરક્ષિત રાખવાની ધર્મ-શીખ એને ગળથુંથીમાંથી જ મળેલી. દેહ પછી, ગેહ પછી, સૌન્દર્ય પછી, સંપત્તિય પછી, પહેલી તો મારી સંસ્કૃતિ ! સો સો સલામ આવી સંસ્કૃતિને ! આ એનો મુદ્રાલેખ હતો. પહેલી સલામ સંસ્કૃતિને ! આ એનું ધર્મ-ધ્યેય હતું.

રાજપુત્ર-સૌન્દર્યસેને પ્રિયદર્શનાનું નામ સાંભળેલું. એના સૌન્દર્યની ઘણી ઘણી વાતો એના કાને અથડાયેલી. પણ એક દહાડો અચાનક જ રાજપુત્રને પ્રિયદર્શનાનું સાક્ષાત દર્શન લાધી ગયું. એક તો એ રૂપ-રૂપ

નો ઢગલો હતી. એમાં વળી એવી અવસ્થામાં રાજકુમારને એનું દર્શન થયું કે, જેથી એનું હૈયુ વિકારના વાદળ દળથી ઉભરાઈ ગયા વિના ન રહે !

પ્રિયદર્શના સ્નાનગૃહમાં હતી, આવે ટાણે એ રાજકુમારની નજરે પડી ગઈ. એ પળ પાપી હશે ? રાજકુમારે મનમાં ગાંઠ વાળી દીધી : આ પ્રિયદર્શનાને પરણું, તો જ મારું જીવ્યું સાર્થક !

વાસનાનો વાયરો ધીમે ધીમે વંટોળનું રૂપ પકડી રહ્યો. એ વંટોળમાં રાજકુમારનો જીવન વ્યવહાર ખોરવાઈ રહ્યો. ખાય પણ ભૂખ શમે નહિ. પીએ પણ તૃષા શાંત થાય નહિ, હોજમાં મોજ કરે, તોય તન-તાપ દૂર થાય નહિ ! આવા પ્રેમ-દર્દના દર્દી બનેલા રાજકુમારે એક દહાડો પોતાનો રાગનો આ રોગ પિતા આગળ ખુલ્લો કર્યો.

રાજવી વીરસેને સહજ ભાવે કહ્યું : બેટા ! બસ, આટલી જ વાત છે ને ? ચિંતાનો આ કીડો આટલા દિવસ સુધી તારી કાયા અને તારા કાળજાને કોરી રહ્યો, તોય તેં એને કેમ સંઘરી રાખ્યો ? પ્રિયદર્શના નગરશેઠની જ પુત્રી છે. આપણે માંગુ મોકલીશું, તો ઉપરથી એઓ રાજી રાજી થઈ જશે !

રાજાજીએ નગરશેઠ પાસે પ્રિયદર્શના માટે માંગુ કર્યું. બધી વાત જાણી લીધા પછી નગરશેઠ ચિંતિત બની ગયા. એમને થયું કે, નહિ આપું તોય મારી પુત્રીને રાજા લીધા વિના નહિ રહે. ને મારી આ પુત્રી તો મનથી એક શ્રેષ્ઠિપુત્રને વરી ચૂકી છે !

જવાબ માટે થોડા દિવસની મુદત માંગીને નગરશેઠ ઘરે આવ્યા. પણ એ મોં પર મેરુ-સમો ભાર જણાતો હતો. પિતાનો ચિંતિત-ચહેરો પુત્રીથી અજાણ્યો ન રહી શક્યો. પ્રિયદર્શનાએ ચિંતાનું કારણ પૂછ્યું. નગરશેઠે વાત ટાળી. બે ત્રણ દિવસ તો આમ જ ચાલ્યું. પણ ચોથે દહાડે તો પુત્રીએ હઠ લીધી. નગરશેઠે ઘણી ઘણી આડીઅવળી વાતો

કરી. અંતે પુત્રી-હઠની આગળ એમને નમતું તોળવું પડ્યું. ભારે હૈયે, દુભાતે દિલે એમણે પુત્રીની આગળ બધી વાત કરી દીધી.

પ્રિયદર્શના પણ બધી વાત સાંભળીને એકવાર તો સન્ન રહી ગઈ ! ઘડી બે ઘડી સુધી એ ગંભીર વિચારમાં ડૂબી ગઈ. અંધારામાં વીજ ઝબૂકી જાય, એમ એક ઉપાય અંતે એને જડી આવ્યો. એ પિતાજી પાસે પહોંચી ગઈ. એણે કહ્યું :

'પિતાજી ! આપ રાજાજીને ખબર આપો કે, અઠવાડિયા પછી રાજકુમાર એકવાર મળી જાય. પછી લગ્નનો વિચાર કરીશું !'

પ્રિયદર્શનાએ પોતાની યોજના પિતાજીને કહી સંભળાવી. એ યોજના સાંભળીને નગરશેઠ બોલી ઉઠ્યા કે, બેટી ! દેહ પર આવો જુલમ ? શરીર સાથે આવી જીવલેણ રમત ? પળ પળના જતન પછી જે લોહી, માંસ ને મેદ ઉભા કર્યા, એનો આવો વિનાશ !

પ્રિયદર્શનાએ કહ્યું : પિતાજી ! હું સંસ્કૃતિની પૂજારણ છું. આ પૂજાએ મને એવા પાઠ પઢાવ્યા છે કે, પહેલી સંસ્કૃતિ, પછી સૌન્દર્યનું ભલે લીલામ થઈ જાય ! પણ પહેલી સલામ તો હું સંસ્કૃતિને જ ભરવાની !

સંસ્કૃતિ-રક્ષા કાજેની એ યોજનાને અમલી બનાવવા એક વૃદ્ધ-વિશ્વાસુ વૈદરાજને બોલાવી લાવવાની સેવકને આજ્ઞા આપીને, નગરશેઠ રાજભવન તરફ વિદાય થયા.

હસતા ચહેરે આવી રહેલા નગરશેઠને આવકારતા રાજાએ કહ્યું : પધારો, નગરશેઠ ! કેમ આપણી વાત નક્કી ને ?

નગરશેઠે ઉત્સાહથી જવાબ વાળ્યો :

'મહારાજ ! લક્ષ્મી ચાંલ્લો કરવા આવે, ત્યારે કંઈ મોં ધોવા થોડું જ જવાય છે ! આપના જેવા જમાઈરાજને જાકારો દઉં, એટલો હું મુર્ખ નથી. પ્રિયદર્શનાએ આપના માંગા પર ખુશાલી વ્યક્ત કરી છે. વહેંચો

ગોળ અને ધાણાં ! ફરી ક્યારે આવશે આવા ટાણાં ! રાજાજી ! પણ પ્રિયદર્શનાની એટલી ઈચ્છા છે કે, લગ્ન પહેલા એક દહાડો રાજકુમાર મળી જાય. આજથી આઠમે દહાડે રાજકુમાર મળવા આવશે, તો એના આનંદનો પાર નહિ રહે !'

સૌન્દર્યસેન માટે તો ભાવતું હતું ને વૈદે બતાવ્યા જેવો ઘાટ હતો. રાજાજીએ આ વાતનો સ્વીકાર કરતા કહ્યું : ઓહો ! નગરશેઠ ! આમાં કઈ મોટી વાત છે ? જાવ, રાજકુમાર આઠમે દિવસે તમારે ત્યાં આવશે.

સભામાં હર્ષ છવાઈ ગયો. સૌન્દર્યસેનનો આનંદ હૈયાપાત્રમાંથી બહાર છલકાતો હતો. આઠ દિવસ પછીની સ્વપ્ન-સૃષ્ટિમાં એ કલ્પના-વિહાર માણી રહ્યો !

— ● —

સંકેત-સ્થળમાં પ્રિયદર્શનાએ પગ મૂક્યો. એની પાછળ મખમલથી ઢાંકેલા પાંચ છ કૂંડા લઈને સેવકોએ પ્રવેશ કર્યો. કૂંડા યોગ્ય સ્થળે મૂકીને સેવકો વિદાય થઈ ગયા !

સંકેત-સ્થળ સૌન્દર્યથી સુશોભિત હતું. વાતાવરણમાં સુગંધનો સાગર લહેરાઈ રહ્યો હતો. વાતાયનની વાટેથી આવતા સૂર્યના પ્રકાશ સાથે ભળી જતી ધૂમ્ર-સેરો કોઈ અદ્‌ભૂત-સૃષ્ટિ સરજી રહી હતી.

મેઘ-બિંદુને પામવા ઝૂરતા ચકોર જેવા તલસાટ અને તરવરાટ સાથે સૌંદર્યસેને એ સંકેત સ્થળમાં પગ મૂક્યો. પણ પગ મૂકતાંની સાથે જ એની સ્વપ્ન-સૃષ્ટિ કડડભૂસ કરતી તૂટી પડી ! ભયથી બેબાકળા બનીને એણે રાડ નાખી : ભૂત !

-ને ભયનો માર્યો સૌંદર્યસેન બહાર કૂદી આવ્યો. એના અંગ અંગમાં ભયની ભૂતાવળ વ્યાપી ગઈ. નખથી શિખ સુધી એ થરથર કંપી રહ્યો. એની આંખો ભયથી ચકળ-વિકળ થતી ઘૂમી રહી.

ત્યાં તો ઘાયલનાં સિસકાર વચ્ચે પાયલના સંગીત રેલાય, એવો અવાજ આવ્યો : પધારો, રાજકુમાર ! ગભરાઈ કેમ ગયા ? હું કંઈ ભૂત નથી તમે જેને મળવા આવ્યા છો, એ જ હું પ્રિયદર્શના છું.

ભયથી બાવરો બની ગયેલો સૌંદર્યસેન આ મધુર-રણકાર સાંભળીને કંઈક સ્વસ્થ બન્યો. એણે આંખ ખોલી, તો પોતાની સામે એક હાડપિંજર ઉભું હોય, એવું લાગ્યું, પણ એને હાડપિંજર કેમ કહેવાય ? મધુર-રણકાર એમાંથી જ આવ્યો હતો !

સૌંદર્યસેનને થયું કે, પોતાની આંખ પોતાને દગો તો નથી દેતી ને ? શું હું ધૂતાઈ તો નથી રહ્યો ને ? રે ! હજી થોડા જ દિવસ પહેલાં તો આ દેહ પર મેં હાસ્ય, હર્ષ અને હેતની હૃદયંગમ-હરિયાળી હિલોળા લેતી ભાળી હતી અને અત્યારે તો અહીં જાણે હુતાત્માનું હાડપિંજર હાહાકાર મચાવી રહ્યું છે. અવલોકન દ્વારા અભયનો સંદેશો મળતાં જ સૌંદર્યસેન એ મહેલમાં પેઠો. પ્રિયદર્શનાનો પલટાઈ ગયેલો દેહ, એની સામે સણસણતા સવાલોની સૃષ્ટિ સરજી રહ્યો હતો.

આંખો ઉંડી ઉતરી ગઈ હતી. હાથ સોટીની જેમ સૂકાઈ ગયા હતા. ગાલમાં બખોલ હતી. પેટમાં ખાડો હતો. છાતીના ફેફસા ઉપસી આવેલા હતા. પગ પાતળા પડી ગયેલા હતા. જાણે નર્યું હાડપિંજર જ જોઈ લો ! સચેતન હાડપિંજર !

પ્રિયદર્શનાને, હાડપિંજર શી પ્રિયદર્શનાને જોઈને સૌંદર્યસેન શૂન્યમનસ્ક થઈ ગયો. વાતાવરણમાં અકળાવનારી એકલતા છવાતી ચાલી. ગંભીરતાનો પડદો ઉંચકતા પ્રિયદર્શના બોલી :

'રાજકુમાર ! હજીય આપ શંકાની શૂલથી કેમ પીડાઈ રહ્યા છો ? હું એ જ પ્રિયદર્શના છું.'

'ક્યાં એ સૌંદર્ય-છલબલતું શરીર ! જે શરીરની શોભાએ મારામાં વિકારનાં વંટોળ જગવ્યા ! ને ક્યાં આ સ... ચે... ત... ન...'

અધૂરા વાક્યને પ્રિયદર્શનાએ પૂર્ણ કર્યું : હાડપિંજર !

'ના, ના. હાડપિંજર તો કેમ કહેવાય ? હું તો સૌંદર્યની વસંતઋતુ માણવા આવ્યો છું. શુષ્કતાની આ પાનખર મને ન ખપે !'

'તો શું આપનું માંગુ ફોક ? આપના પિતાજીએ મારા માટે માંગણી કરી છે, એ શું નિષ્ફળ !'

'એ બધી વાત સાચી ! પણ ચાંદની વિનાની રાતને શું કરે ? માલ વિનાના ભરતીયાને કોણ સાચવે ? હું તો સૌંદર્ય પાછળ પાગલ બન્યો છું. જેમાંથી સૌંદર્યનો પવન નીકળી ગયો છે, એવા આ ખાલી ફુગ્ગાને હું શું કરું ? ક્યાં ગયું એ સૌંદર્ય ? સૌંદર્યનો એ સૂર્ય આથમી કેમ ગયો ?'

'તમે સૌંદર્યના જ સ્નેહી છો, એમ ને ? મારું સૌંદર્ય તમારે ભાળવું છે, એમ ? તો જુઓ મખમલથી ઢંકાયેલા આ કૂંડા! એમાં મારું સૌંદર્ય છૂપાયેલુ પડ્યું છે. ત્યાં જઈને એને જોઈ આવો અને એની સાથે સ્નેહના તાર જોડી આવો.'

રાજકુમાર ઉભો થયો. આશ્ચર્ય સાથે એ એક કૂંડા પાસે ગયો. મખમલનું ઢાંકણ એણે ખેંચી કાઢ્યું અને નાક ફાટી જાય, એવી બદબૂથી વાતવરણ ગંધાઈ ઉઠ્યું. એ કુંડામાં નકરી વિષ્ટા ભરેલી પડી હતી.

નાક મચકોડતા રાજકુમારને પ્રિયદર્શનાએ કહ્યું : જે લોહી, માંસ અને મેદ મારા દેહ પર સૌંદર્યના સલુણા સ્વસ્તિકો પૂરી રહ્યા હતા, એ જ લોહી માંસ-મેદ આ કૂંડામાં ભર્યા પડ્યા છે. નાક શા માટે મચકોડો છો ? સૌંદર્યના જ તમે સ્નેહી હો, તો આ કૂંડાઓથી પ્યાર કરો.

'આ કુંડાને ને સૌંદર્યને શો સંબંધ ?'

'કેમ ? ઘણો બધો સંબંધ છે ! રેચ લઈ લઈને મેં મારા શરીરના તમામ લોહી-માસ-મેદ બહાર કાઢી નાખ્યા છે અને આ કૂંડામાં એને ભરી રાખ્યા છે. આ એક જ નહિ, છ એ છ કૂંડા મારા સૌંદર્યની શરમજનક કથા કહેવાને તલસી રહ્યા છે ! સાંભળો, એની વ્યથા ભરી કથા !'

ને પ્રિયદર્શનાએ બીજા કૂંડાઓ પરથી મખમલનું ઢાંકણ એક જ ઝાટકે ખેંચી કાઢ્યું. વાતાવરણનો કણ-કણ બદબૂથી ખદબદી ઉઠ્યો. સૌદર્યસેન નાક પર હાથ મૂકીને ભાગ્યો. વયોવૃદ્ધ વૈદ દ્વારા પ્રિયદર્શનાએ ભયંકર-રેચ લીધા હતા. સાત સાત દિવસ સુધી રેચ લઈને એણે ખીલેલા કમળ શી પોતાની કાયાને સાવ સૂકાવી નાખી હતી. શરીરના મોહ પર એણે એક માત્ર સંસ્કૃતિની રક્ષા કરવા જ પૂળો ચાંપ્યો હતો. સાત સાત દિવસની અશુદ્ધિ એણે આ કૂંડાઓમાં ભરી રાખી હતી.

વાતાવરણને યોગ્ય વળાંક આપવા કાજે પ્રિયદર્શના બાજુના ખંડખાં દોડી ગઈ. રાજકુમારને એણે કહ્યું : જોઈ લીધો ને, આ શરીરની શોભાનો અંજામ ? સૌંદર્ય માત્રનું ભાવિ આવું જ ભયાનક હોય છે. પછી વર્તમાનની એક પળ પૂરતું રૂડું-રૂપાળું લાગતું દેહ સૌંદર્ય જોઈને એમાં મોહી પડવું શાને ? આ દેહની ઉત્પત્તિ વિચારો. આ દેહનું ભવિષ્ય વિચારો. આ વિચાર કરશો, તો આજની સૌંદર્ય-સામ્રાજ્ઞી સુંદરીમાં તમને બેડોળ અને ખૂં ખૂં કરતી એક વૃદ્ધા દેખાશે. એનો ભૂતકાળ જોશો, તો ચાર પગે ચાલતી અને અશૂચિમાં રૂચિ કરતી એક બાળકીનું ચિત્ર આંખ સામે ખડું થશે.

સૌંદર્યસેનના અંતરાકાશે ઘેરાયેલા વાસનાના વાદળ સામે જાણે વંટોળ ફુંકાયો. થોડી જ પળોમાં બધા વાદળ વિખેરાઈ ગયા. વિકારનો વાદળિયો તાપ શમી ગયો. વાત્સલ્યની હૂંફ અનુભવાઈ રહી. ધર્મની રક્ષા કાજે જાણી જાણીને ઝેર પીવા જેવા ખતરાભર્યા અખતરાને અજમાવનાર પ્રિયદર્શનાની પવિત્રતાનો સૌંદર્યસેન વિચાર કરી રહ્યો. એના મોમાંથી નીકળેલા ત્રણ જ અક્ષરોએ પ્રિયદર્શનાને આનંદિત કરી મૂકી. ગુંજના એ અક્ષરો હતા :

બ...હે...ન...

## ૧૧

# સંસ્કૃતિની સુરક્ષા કાજે

જ્યારે રૂપ અને રૂપિયાની પ્યાસથી તલસાટ અનુભવતા અકબર બાદશાહે નર્તકી રૂપમૂર્તિના રૂપ-સૌંદર્યની વાતો સાંભળી, ત્યારે એ વધુ તરફડી રહ્યો અને નર્તકીને પોતાના પ્રેમના પાંજરે પૂરવાના દિવાસ્વપ્ન એની આંખમાં ઘેરાઈ રહ્યા.

અકબરે ઘણી ઘણી વિચારણાને અંતે નિર્ણય લઈ લીધો કે, નર્તકીને અનુરાગથી નહિ આજ્ઞાથી જ નાથી શકાશે, અને એણે વળતી જ પળે ઓચ્છા નગરીના અધિપતિ ઈન્દ્ર નરેશ પર આજ્ઞાપત્ર પાઠવ્યો. એમાં લખાવ્યું કે, રૂપમૂર્તિ દિલ્હીના દરબારમાં રૂપના અજવાળા વેરે, એમાં જ એની શોભા છે. કોયલ કાગડાના સંગે બેસે, એથી કમી તો કોયલની કીર્તિમાં જ આવે છે. માટે પત્ર મળતા જ રૂપમૂર્તિને રાજીખુશીથી દિલ્હીશ્વરની સેવામાં સમર્પિત કરશો, એવો વિશ્વાસ છે !

આ આજ્ઞાપત્રના એક એક અક્ષર બાણ બનીને ઈન્દ્રનરેશના કોમળ કાળજાને વીંધી રહ્યા. એમણે વળતો જ પત્ર લખાવ્યો કે, કોયલના કમનીય કૂંજનથી મારું ઉપવન દિનરાત સંગીતમય જ ભાસે

છે. એથી નક્કી થાય છે કે, એ કાગડાના કુંસગમાં નથી. કોઈનીપર કાગડાનું કલંક ઠોકી બેસાડવા માત્રીથી જ જો કોઈ કાગડો બની જતું હોત, તો પછી નિર્ણય માટે યુદ્ધનું માધ્યમ નીષ્ફળ ગણાત ! આપ દિલ્હીશ્વર છો, તો હું પણ થોડીઘણી ધરતીનો ધણી છું મારા આ પત્રનો પ્રતિધ્વનિ આપ પણ જણાવી શકો છો !

કામાંધ અકબરને ક્રોધાંધ બનાવવામાં આ પત્રને ધાર્યા કરતાં વધુ સફળતા સાંપડી. અકબરે સણસણતો જવાબ લખાવ્યો : કોના કપાળે કાગડાનું કલંક કોતરાયું છે. એનો નિર્ણય લેવા યુદ્ધના દાનવને જગવવા હું તૈયાર છું. શૂરા-પૂરા હો તો યુદ્ધમેદાને હાજર થઈ જજો. કાયરને રૂપમૂર્તિ પર હક્કનો દાવો કરવાનો કોઈ અધિકાર નથી ! રત્નની જેમ રૂપ પર પણ કોઈના અધિકાર અખંડ રહી શકતા નથી. જેના કાંડામાં કૌવત હોય, એનો અધિકાર અબાધિત બની જતો હોય છે.

કામ અને ક્રોધથી અંધ બનેલો અકબર બાદશાહ હવે વટની ખાતર પણ ક્રુરતાના કમાડ ખોલીને, અંદર સૂતેલી સમશેરોને છંછેડવા તૈયાર થઈ ગયો.

વેરના તણખા વેરતો પત્ર ઓચ્છા નગરીમાંય યુદ્ધના દાનવને ઢંઢોળી ગયો. શાંત સરોવર જેવું વાતાવરણ, સમુદ્રના તોફાનમાં પલટાઈ ગયું. વાતાવરણમાં આવેલો અણધાર્યો- પલટો જોઈને રૂપમૂર્તિનું દિલ ધ્રૂજી ઉઠ્યું. એણે નરેશ પાસે જઈ મનની વાત કરતા કહ્યું.

મહારાજ ! શું મારા એકના રૂપ ખાતર ખૂનખાર જંગ જગવાશે ? શું મારું રૂપ એટલી બધી કીમતી ચીજ છે કે, એ રૂપની રક્ષા ખાતર કેટલાય રૂપિયા અને રૂપની રાખ થઈ જાય, તો ય વાંધો નહિ ? મહારાજ ! મહેરબાની કરો અને યુદ્ધના આ દાનવને અત્યારથી જ જાકારો લઈ દો !

નરેશનો નિર્ણય તો નક્કર હતો કહ્યું : રૂપમૂર્તિ ! તને તો રૂપ અને રૂપિયા સાચવવા જ મહાન લાગે છે ! રાજકારણના રંગની તને શી

ગતાગમ હોય ! આમાં સવાલ માત્ર રૂપનો જ નથી ! ઈજ્જતનો સવાલ મુખ્ય છે. જો યુદ્ધના મેદાને ઉતરું નહિ તો કાયરનું કલંક મારા કપાળે ચોંટે અને દેશની આબરૂ પાણીમાં મળી જાય !

રાજકારણના રંગની અજ્ઞતાનો આરોપ સાંભળીને કંઈ રૂપમૂર્તિ ચૂપ થઈ જાય એવી નહોતી ! એના દિલમાં દેવી તરીકે બિરાજતી ભારતીય સંસ્કૃતિએ જવાબ વાળ્યો.

'મહારાજ ! ક્રોધની જ્વાળા શાંત કરવાનું કહીને, હું કઈ દિલ્હીશ્વરની કામની જ્વાળામાં ખપી જવા નથી માગતી ! હું એવી ચકોરી છું જેનો માલિક એકમાત્ર મેઘ જ હોય ! યુદ્ધનો રસ્તો છોડી દઈને એકવાર મને દિલ્હીના દરબારમાં હાજર થવા દો. પછીનું બધું હું સંભાળી લઈશ. ત્યાં ગયા પછી મને જો લાગશે કે, ચારિત્રની ચાદર ચોખ્ખી રહેવી મુશ્કેલ છે, તો હું હસતે હૈયે મોતને ભેટી લઈશ, પણ આપની કીર્તિને કલંકિત કરીને, મારી પવિત્રતા પર પૂળો નહિ જ ચંપાવા દઉ !

રૂપમૂર્તિના દિલમાં વિરાજતી સંસ્કૃતિ આટલી બધી અણનમ હશે, એની આજ સુધી નરેશ કલ્પના કરી શક્યા નહોતા. એના અવાજમાં પવિત્રતા ને પરાક્રમનો જે પ્રચંડ પડઘો ગુંજતો હતો, એનાથી વિશ્વસ્ત થઈને નરેશે નર્તકીને દિલ્હીના દરબારમાં હાજર થવાની હા ભાણી !

સરાણે ચડેલી સમશેરે મ્યાન થઈ ગઈ. વાતાવરણમાં વ્યાપેલી વીરતા વિલીન બની ગઈ. નર્તકીના સંસ્કૃતિ-સુરક્ષાના વિશ્વાસ આગળ યુદ્ધના ધસી આવતા દાનવને પાછા પગલા માંડવા પડ્યા.

નરેશે દિલ્હીશ્વરની સેવામાં પત્ર પાઠવ્યો : દિલ્હીપતિ! રૂપમૂર્તિ જાતે જ આપની સેવામાં હાજર થઈ જવા તૈયાર હોય, પછી યુદ્ધ જગવવવાનું અવિચારી પગલું ભરવું અયોગ્ય જ કહેવાય ! આ પત્ર-પ્રાપ્તિના બીજા જ દિવસે નર્તકી રૂપમૂર્તિ દિલ્હીના દરબારમાં ઉપસ્થિત હશે, આટલું જ લખીને પત્ર પૂર્ણ કરું છું !

પત્ર દિલ્હી પહોંચ્યો, અકબર આનંદી ઉઠ્યો. સોહામણી સ્વપ્નસૃષ્ટિના સર્જનમાં ગુમભાન બની ગયેલા અકબરને ત્યારે જ ખબર પડી કે, એક દિવસ પૂર્ણ થઈ ગયો ! જ્યારે રૂપમૂર્તિનો કોયલકંઠ કૂંજન કરી ઉઠ્યો :

'જહાંપનાહ ! સેવામાં સમર્પિત છું. આ નાચીજ- નારીને યાદ કર્યા બદલ અનુભવેલો આનંદ આજે ચરણ-ચાકરીની પળે અવધિ વિનાનો બન્યો છે !

આમ્ર-લતા પર બેસીને કૂંજન કરતી કોયલને ભૂલાવી દેતી રૂપમૂર્તિને નજરોનજર નિહાળ્યા પછી અકબરને લાગ્યું કે, રૂપમૂર્તિ ખરેખર રૂપની જ મૂર્તિ છે ! રૂપમાં રતિ શી, ગતિમાં હંસી શી અને આકૃતિમાં અપ્સરા શી આ રૂપજ્યોતિ સાચે જ મારાં અંતઃપુરને અજવાળી જશે !

વાસનાના વિચારમાં અકબરનો દિવસ પૂર્ણ થયો, જ્યારે ઉપાસનાની વૃત્તિમાં રૂપમૂર્તિનો દિવસ વીતી ગયો. રાત-રાણીના રુમ-ઝુમ નાદની મધુરતાને મહાત કરતો પાયલ-નાદ પ્રસરાવતી રૂપમૂર્તિએ જ્યારે શાહી અંતઃપુરમાં પગ મૂક્યો, ત્યારે એને સ્તકારવા ખુદ દિલ્હીશ્વર ખડો હતો. વાસનાભર્યા વાયુમંડળને કોઈ જુદો જ વળાંક આપવા રૂપમૂર્તિએ એક નવી જ વાત છેડી : જહાંપનાહ ! આપણાં મિલનનો પ્રારંભ થોડાંક વાર્તાવિનોદથી થાય, એવી મારી ઈચ્છા છે. હું થોડાંક પ્રશ્ન પૂછવા માગુ છું. આપની આજ્ઞા હોય, તો....

આજ્ઞાની પ્રતીક્ષાનો અંત આણવા અકબરે કહ્યું :

'અહીં એવું અભેદ્ય એકાંત છે કે, દિલના દ્વાર ખોલીને જે પૂછવું હોય, એ પૂછી શકાય છે ! રૂપની ઓ મૂર્તિ ! જે પૂછવું હોય એ પૂછી લે ! તારી ચાલમાં પાયલનો નાદ છે, તો બોલમાં વીણાનું માધુર્ય છે !'

રૂપમૂર્તિએ સંસ્કૃતિ-સુરક્ષાની ભૂમિકા તૈયાર કરતા પૂછ્યું : શાહ ! મારે એ જાણવું છે કે, એઠવાડમાં આનંદ માણનારા આ દુનિયમાં કેટલા હશે ?

કાલક્ષેપને ન સહી શકતા અકબરે વળતી જ પળે જવાબ વાળ્યો : આ દુનિયામાં એવા પાગલો ફકત બે જ છે, જે એંઠવાડને અમૃતની અદાથી આરોગતા હોય ! પહેલો એંઠભોજી છે ભિખારી, બીજો છે કૂતરો !

જીવન-મરણની દરકાર કર્યા વિના બીજી જ પળે રૂપમૂર્તિએ બોધ-બાણનો ટંકાર કર્યો : જહાંપનાહ ! સાચી વાત કરી આપે. હવે આપનો નંબર મારે શેમાં ગણવો ? ભિખારીમાં કે કૂતરામાં ?

'દિલ્હીશ્વર અને ભિખારી ! ભારત સમ્રાટ અને કૂતરો ! રૂપમૂર્તિ ! રૂપના મદમાં આવી જઈને મર્યાદાભંગ કરતા તને શરમ નથી આવતી ! રૂપનો આટલો બધો ગર્વ કે, ત્રણ ટકાની નાચનારી હોવા છતાં મને ભિખારી અને કૂતરા જેવો ગણે છે ! સાબિત કરી આપ : હું ભિખારી કઈ રીતે ? હું કૂતરો કઈ રીતે ?'

વાઘ વિફરે, એમ અકબર ક્રોધાંધ બની ઉઠ્યો. જો પ્રેમના પાશમાં બદ્ધ ન હોત, તો ત્યારે ને ત્યારે જ રૂપમૂર્તિના દેહ પર એની સમશેર ફરી વળત.

રૂપમૂર્તિએ આ પાર કે પેલે પારનો છેલ્લો દાવ નાખતા કહ્યું : દિલ્હીના ઓ અધીશ્વર ! ભિખારીની જેમ ચપ્પણિયું લઈને રૂપની ભીખ માંગવા નીકળ્યા છો અને ઉપરથી પાછી સાબિતી માંગો છો ! કૂતરાની જેમ વમેલું ચાટવા મોં લંબાવી રહ્યા છો અને ઉપરથી પાછી સિદ્ધ કરી આપવાની શેખી મારી રહ્યા છો ! બોલો : આપે મારી ભીખ માંગી કે નહિ ? ભીખમાં ન મળું તો ઝપાઝપી કરીનેય મને મેળવવાના મનસૂબા આપે સેવ્યા છે કે નહિ ? હું અણદાગ નથી મારે માથે પતિ છે. હું ભોગવાઈ ચૂકી હોવાથી એંઠ છું હવે વમેલાને/એંઠને ખાવા આપ તૈયાર થયા છો કે નહિ ? ભીખ અને શ્વાન વૃત્તિના આનાથી વધીને વળી બીજા કયા પ્રબળ પુરાવા હોઈ શકે ?

રૂપમૂર્તિ સાબદી બની ગઈ ! દાવ તો નાખી દીધા હતા-બાદશાહ બળાત્કાર કરવા તૈયાર થઈ જાય, તો વીંટીનો હીરો ચૂસી જઈને મોતને ભેટવા એ તૈયાર થઈ ને ઉભી. પણ એણે જોયું તો બોધના આ બાણ એળે નહોતા ગયા. બાદશાહની આંસુભીની આંખ જોઈને એણે હીરાની વીંટી બાજુમાં ફેંકી દીધી. દિલ્હીશ્વરના પગ ઝાલી લેતા એ બોલી : ભાઈ ! ક્ષમા ચાહું છું. નાના મોઢે માટી વાતો કરીને આચરેલા આ અવિનય બદલ મોટાભાઈ તરીકે આપની મહાનતા મને દરગુજર કરશે, એવો વિશ્વાસ સેવું છું ! ભાઈ ! આ બહેન ક્ષમા કાજે ખોળો પાથરીને ઉભી છે !

ગળગળા સાદે બાદશાહે કહ્યું : ક્ષતિ વિના ક્ષમા કેવી ? તેં તો ઉપકાર કરીને મને ભિખારી બનતો અને કૂતરો થતો અટકાવ્યો છે ! બહેન ! તારા તરફથી બોધ ન મળ્યો હોત, તો હું ભિખારી અને કૂતરાથીય હીણો જાહેર થાત, કારણ કે ઘરમાં ન હોય, તો જ ભિખારી ભીખ માગે છે અને કૂતરો પણ ન છૂટકે, વમેલાને ચાટતો હોય છે !

સંસ્કૃતિની સુરક્ષા કાજે મળેલ સાથવારા બદલ અહોભાવ વ્યક્ત કરીને રૂપમૂર્તિ બહાર આવી, ત્યારે ભાઈ-બહેન બંનેના મન પ્રસન્ન હતા. એ પ્રસન્નતા પવિત્રતાના પથ પરથી પગલાં બઢાવતી આવતી જણાતી હતી !

સંસ્કૃતિ-સુરક્ષાની આ વાત જ્યારે વાયરે ચડીને ઈન્દ્રનરેશ પાસે પહોંચી, ત્યારે જ એમને એ વાતનો વધુ ખ્યાલ આવ્યો કે, સંગ્રામને ન સત્કારતી રૂપમૂર્તિ કંઈ કાયર નહોતી ! એ વારાંગના વીરાંગના ન હોત, તો દિલ્હીશ્વરની સામે આવો ખતરાભર્યો અખતરો કઈ રીતે કરી શકત ?

## ૧૨

# વારાંગના જ્યારે વીરાંગના બને છે

ભારતનો હજી નજીકનો જ એ ભૂતકાળ કેટલો ભવ્ય હતો, જ્યારે વારાંગના પણ વીરાંગના બની શકતી ! જ્યારે આજની આ 'આજ' કેટલી તારાજ. દગાબાજ ને નખરાબાજ છે કે, વીરાંગનાઓ પણ વારાંગના જેવું વર્તન કરતાં લાજતી નથી. ભૂતકાળની ભવ્યતાનું નજરાણું લઈને, અહીં એક એવી વારાંગના શબ્દદેહ ધરીને ખડી છે કે, શીલના શણગારને અણદાગ રાખવા, એણે જે વીરાંગના-વૃત્તિ દાખવી, એ જોઈને કોઈપણ સ્તબ્ધ બની ગયા. વિના ન રહે !

જીવનમાં કઈ પળે કયા પ્રસંગે અને કઈ પરિસ્થિતિમાં પરિવર્તન આવી જાય છે, એ કહેવું આસાન વાત નથી ! વારાંગના રામદુલારીના દિલ પર ઝીંકવામાં આવેલો એ ફટકો, એના જીવનને કોઈ અકલ્પ્ય વળાંક આપશે, એવો આંશિક-અંદેશો પણ એની માના મનમાં ક્યાંથી આવી શકે ?

રામદુલારી એક લોકપ્રિય વારાંગના હતી. એના રૂપની રોશનીમાં અનેક પ્રેમી પતંગિયાઓ ઝંપલાવવા તૈયાર રહેતા. રામદૂલારી એક

દહાડો માતા બની. રામદુલારીની મા તો પૈસાની આંધળી-પૂજારણ હતી. પોતાની બેટી માં બનીને બાળક પર વહાલ વરસાવવાની ઘેલછાનો ભોગ બને, તો પછી પૈસા કોણ રળે ? આ પ્રશ્નનો ઉકેલ ઘાતકી રીતે લાવવાનો એણે નિર્ણય કર્યો.

તાજી ખિલેલી કળી શો એ નવજાત બાળક રામદુલારીની માતાના આંખમાં કણાની જેમ ખૂંચી રહ્યો. એક દહાડો સીડી પરથી એ બાળકને એણે ગબડાંવી દીધો. અને બાળકને બચાવવાનો ડોળ કરતી એ નીચે દોડી ગઈ. રામદુલારી પણ હાંફળી ફાંફળી થતી આવી પહોંચી. આખો મહેલ હચમચી ઉઠયો.

આ જીવલેણ મારને બાળક ક્યાંથી ખમી શકે ? નીચે પટકાતા જ એના રામ રમી ગયા ! ઘરમાં રોકકળ મચી ગઈ. રામદુલારીના કાળજામાંથી ચીસ નીકળી ગઈ. એની મા પણ છાતી કૂટવા લાગી. હસતો રમતો મહેલ એક જ પળમાં રોકકળ અને ડૂસકાઓથી કરૂણ બની ગયો.

જીવલેણ-ઘા તો એ બાળકને લાગ્યા હતા, પણ એના બદલે લોહી જાણે રામદુલારીના શરીરમાંથી વહી રહ્યું હતું. દિવસો વીત્યા, પણ આ આઘાતની અસર ઓછી ન થઈ. રામદુલારી બહાવરી બની ગઈ. એનું મગજ બહેર મારી ગયું. શૂન્યમના થઈને દિવસો ખેંચતી પોતાની પુત્રીને જોઈને એની મા ચિંતાતુર રહેવા માંડી. બાજી આખી ઉંધી વળી ગઈ હતી. દિવસોથી પાઈની પણ પેદાશ નહોતી થઈ અને થવાના આશા-ચિહ્ન પણ હવે કળાતા નહોતા.

વેદના એક એવું તત્વ છે, જે કદીક માણસને વિરાગ તરફ, તો કદીક વિલાસ તરફ લઈ જાય !

રામદુલારીના લમણે ઝીંકાયેલી વેદના એક દહાડો એને નવી જ દિશા ચીંધી ગઈ. મનનો મેરુભાર હળવો કરવા એ દેવદર્શનને ગઈ.

ત્યાં પ્રભુ ભક્તિની મસ્તી માણતા એક સંન્યાસીના મોં પર પથરાયેલી પ્રસન્નતા અને ભાલ પર ચમકતું બ્રહ્મતેજ જોઈને, રામદુલારી છક્ક થઈ ગઈ. એના મનમાં એક વિચાર વીજ ઝબૂકી ગઈ : રે મેં તો રૂપ-રૂપિયા અને બાગ-બગીચામાં જ સુખ પામ્યું છે. પણ આ સંન્યાસીની પાસે આમાંનું તો કંઈ જ નથી ! છતાં આ આટલા બધાં પ્રસન્ન કેમ ? શું આનંદના ઝરણાનું ઉગમ-સ્થળ ભૈતિક-સામગ્રી નહિ હોય ?

રામદુલારી ભ્રમમાં હતી કે, રૂપ-રૂપિયા, પ્રેમ-પ્રતિષ્ઠા, સૌંદર્ય-સંપત્તિના ગિરિશિખરેથી જ સુખની સરિતા વહી નીકળે છે. પણ આ ભ્રમને સંન્યાસીના આ દર્શને જાણે એક-જોરદાર લપડાક મારી હતી. અને એનો ભ્રમ રડી રહ્યો હતો. રામદુલારીએ જિજ્ઞાસા વ્યક્ત કરી :

'સંન્યાસીજી ! આપ આટલા બધા પ્રસન્ન છો, એની આધાર-શિલા કઈ છે ? આપની પાસે ભૌતિક-સામગ્રીની માલિકીમાં કંઈ જ નથી. છતાં આટલો બધો આનંદ !'

સંન્યાસીએ નયન નીચા ઢાળીને જવાબ વાળ્યો :

'મારું આનંદ-ઝરણું પ્રભુભક્તિના પહાડમાંથી વહી રહ્યું છે ! કોણ કહી શકે એમ છે કે, મારી પાસે ભૌતિકતાના વિષયમાં કશું જ નથી ! ભૌતિક સામગ્રીનો હું જેવો ઉપભોગ કરું છું, એવા ઉપભોગનું સૌભાગ્ય તો સમ્રાટનેય નથી વર્યું હોતું ! આ ધરતી મારું બિછાનું છે, તો નવલખ તારલાંઓથી મઢેલું આ આકાશ મારું ઓઢણ છે. પવનદેવ મને પંખો નાખે છે. ચાંદ-સૂરજ મારે માટે આકાશમાં દીપ પ્રગટાવે છે. વર્ષા-સુંદરી મને પાણીનો પ્યાલો ભરી આપે છે. મારાં સુખતો તમારા જેવા સંસારીઓને સ્વપ્નમાં પણ અનુભવવા ન મળે !

મનની મૂંઝવણોનો ઉકેલ લાવતું આ સમાધાન મેળવીને રામદુલારી મહેલમાં આવી. ખાલી ખાલી રહેતું એનું મન હવે ભરાઈ ગયું હતું. ધ્યેય શૂન્ય રઝળપાટ કરતા એના મનને, હવે ભક્તિનો સુંદર-માર્ગ

જડી આવ્યો હતો. ગઈકાલની વારાંગના આજે વીરાંગના બનીને પ્રભુ પાછળ પાગલ બની ગઈ. મીરાની જેમ પગે ઝાંઝર બાંધીને એ પ્રભુ-પૂજારણ બની ગઈ. એની માનું સ્વપ્ન વિલાઈ ગયું ! પોતાના પ્રેમના પાવકમાં અનેકને સળગાવી મારતી રામદુલારી, પ્રભુ-પ્રેમની જ્યોતની આસપાસ પતંગિયાની જેમ પ્રદક્ષિણા ફરી રહી ! ભોગી મટીને ભક્તા બનેલી રામદુલારી કોઈ અનેરી મસ્તીના મોજામાં મસ્તાન બની ગઈ ! દિવસો વીતવા માંડ્યા.

— ● —

મહાસાગરમાં આવતા ઘોડાપૂરની જેમ ઔરંગઝેબનું આક્રમણ એકાએક ધસી આવ્યું ! આ આક્રમણ રામદુલારીના મહેલને પણ ઘેરી વળ્યું. રામદુલારી તો વર્ષોના ક્રમ મુજબ આજે પગે ઝાંઝર બાંધીને મંદિરમાં નૃત્ય કરી રહી હતી. આક્રમણની એને આગાહી પણ મળી નહોતી.

ઔરંગઝેબે એક હાથ લંબાવ્યો અને રામદુલારી કેદ થઈ ગઈ. એના રૂપ પાછળ પાગલ બનેલો ઔરંગઝેબ સમણાંની એક વિરાટ સૃષ્ટિ નિહાળી રહ્યો. રામદુલારી જેવું સૌંદર્ય સાંપડતા એ પોતાના આ આક્રમણને સફળ લેખી રહ્યો. પોતાની રાજધાનીમાં આવીને એણે પ્રેમ-પાશ નાખતા કહ્યું :

'સંસારનું આ સરોવર કામણગારી કમલિનીઓથી સોહે છે, તો એ કમલિનીઓ એની આસપાસ ગુંજારવ કરતા ભ્રમરોથી ભવ્ય લાગે છે.

ઔરંગઝેબના આ અવાજની પાછળ ડોકાતા વિકારના નિઃશબ્દ આંદોલનને રામદુલારી પરખી ગઈ. એણે કહ્યું :

'જહાંપનાહ ! સંસારના સરોવરને સોહાવતી કમલિનીઓની ભવ્યતાની આપની આ કલ્પના બરાબર નથી ! એની ભવ્યતા જાણવી-માણવી હોય, તો દેવમંદિરની દિવ્યસૃષ્ટિમાં નજર દોડાવવી જોઈએ. પ્રભુ-ચરણે સમર્પિત થયેલી કમલિની જેટલી ભવ્ય લાગે છે, એટલી ભવ્ય

એ ક્યાંય અને ક્યારેય લાગતી નથી ! સ્નેહના સોદામાં નહિ, સ્નેહના સમર્પણમાં એની ભવ્યતાનો ભાનુ સોળે કળાએ ખીલી ઉઠે છે !'

આ જવાબ સાંભળવા જ ઔરંગઝેબના અંતરમાં પોઢેલી વાસનાની નાગણ સમસમી ઉઠી. સામદુલારી જે કહેવા માગતી હતી, એનો તાગ એ પામી ગયો હતો. એક ત્રણ ટકાની નોકરડી પોતાના જેવા સમ્રાટને સુણાવવા માંગતી હતી કે, તમે જે કમલિનીને સૂંઘવા અને સુગંધ ઉડી જતા ઉકરડે નાંખવા તોડી લાવ્યા છો, એ કમલિની તો પ્રભુ-ચરણે અર્પિત થઈ ચૂકી છે. હવે એ શિવ નિર્માલ્ય છે. એની પર કોઈપણ ભોગી-ભ્રમરને બેસવાનો હવે હક્ક નથી રહ્યો. તેમ આ કમલિનીને વાસનાના વગડે ઉગેલું ફૂલ માનીને ચૂંટી લાવ્યા હશો ? પણ આ તો ઉપાસનાના ઉપવને પાંગરેલું પારિજાત છે. પ્રભુ-ચરણ સિવાય બીજા કોઈ પણ સ્થાને હવે એના બેસણાં ન હોય !

ઔરંગઝેબનું અંતર હજાર હજાર હતાશાઓથી ઘેરાઈ ગયું. પ્રેમના પાસા પોબાર પડે, એ માટે એણે કેટલાંય ધમપછાડા કર્યા. પણ વારાંગના, વીરાંગના બની ચૂકી હતી. એનું એક પણ પાસું પોબાર ન પડ્યું.

હજારો હતાશા વચ્ચે એક અમર-આશાને આધારે સોહામણાં સપના નિહાળતા ઔરંગઝેબે એક દહાડો છેલ્લો દાવ નાખ્યો. એણે પડકારની આગ ઝરતી જબાનમાં કહ્યું :

'દુલારી ! આજ તો હું મારા મનની મુરાદ બર લાવ્યા વિના રહેવાનો નથી ! હસતે હૈયે તું મારા પ્રેમનો સ્વીકાર કરે દિલ્હીનું પટરાણી પદ તાર ચરણોનું ચાકર બની રહેશે. નહિ તો અંતે મારે બળાત્કારનો રાહ આપનાવવો જ પડશે ! બોલ, જલ્દી જવાબ દે ! હા કે ના ?'

રામદુલારીનું હૈયુ હલબલી ઉઠ્યું : બળાત્કાર! ઔરંગઝેબ જેવા દિલ્હીપતિની સામે હું શરીર-બળથી તો કઈ રીતે મુકાબલો લઈ શકું ? એણે પળ બે પળમાં પોતાનો રાહ નક્કી કરી નાંખ્યો અને કહ્યું :

'જહાંપનાહ ! તમારી ચાહને ચૂકવી દઈને આહને આવકારવાનું કામ તો પાગલ પણ ન કરે. હું મારું હૈયા પાત્ર લંબાવીને તમારી પ્રેમ-ભિક્ષાનો સ્વીકાર કરવા તૈયાર છું. પણ એક શરતે ... ?'

ઔરંગઝેબ આનંદમાં આવી ગયો. એણે ઉત્સુક-હૈયે પૂછ્યું :

'દુલારી ! તું મારી પ્રેમ-ભિક્ષા સ્વીકારવા તૈયાર હોય, તો તારી એક નહિ, શત શત શરતો પૂરી કરવા આ સેવક તૈયાર છે. બોલ, કઈ છે તારી શરત ?'

રામદુલારીનો માધુરી બિછાવતો જવાબ આવ્યો :

'જહાંપનાહ ! તમે જાણો જ છો કે, શંકરને શરણે મેં બધું સમર્પણ કરી દીધું છે. આજે દિવસો થયા : ન મને શંકરના દર્શન થયા છે. ન હું શંકરની સામે પગે ઝાંઝર બાંધીને નાચી શકી છું. કે ન એ ભોળાનાથને હું ભક્તિ-ભેટણું ધરી શકી છું. આપ જો મારા માટે એક શંકર-મંદિર તૈયાર કરાવી આપો. તે પછી હું આપની !'

'શંકરનું મંદિર!' ઔરંગઝેબે દાંત કચકચાવ્યા. એણે કહ્યું : દુલારી ! હું કાફર નહિ બનું તું બીજું કંઈક માંગ. મિયાંમહાદેવનો મેળ કદી ન જામે !

રામદુલારીએ તો એક એ જ વાત પકડી : આમાં મિયા મહાદેવનો મેળ કરાવવાનો કોઈ સવાલ જ નથી ! પ્રેમીને મન પોતાનું પાત્ર ન મુસ્લિમ હોય છે, ન હિંદુ ! પ્રેમી જો સાચો હોય, તો એ પોતાના પાત્રને માત્ર પ્રેમી તરીકે જ નિહાળે છે !

પ્રેમમાં પાગલ બનેલાં ઔરંગઝેબે ઘણી ઘણી આનાકાની બાદ રામદુલારીની આ વાતનો સ્વીકાર કર્યો. કાફર તરીકેનું કાળું-કલંક કપાળે કંડારીનેય પોતાના પ્રેમીને પ્રસન્ન કરવા એણે શંકર મંદિર બંધાવવું શરુ કર્યું. પ્રેમમાં પાગલ બનેલો માણસ ધનને ન જુએ અને

ધર્મનેય ધક્કો મારે; આ વાતનો સાક્ષાત્કાર કરાવતા દિલ્હીપતિ પર ઘણાંએ 'કાફર' તરીકેનો ફિટકાર વરસાવ્યો.

ઔરંગઝેબ ભોગના સપના નિહાળતો રહ્યો, રામદુલારી ભક્તિના સપના નિહાળતી રહી !

એક દહાડો શંકર મંદિર પૂર્ણ થયું. ભોળાનાથની એમાં પ્રતિષ્ઠા પણ થઈ ગઈ. પ્રતિષ્ઠાની રાતે રામદુલારી શંકરના શરણે અને ચરણે મનભર નાચ ગાન કરવાની હતી.

સંધ્યા સુંદરીએ પોતાની રંગ-પ્યાલી આકાશના આંગણે ઢોળી દીધી. ઔરંગઝેબ પોતાના ખાસ ખાસ માનવંતા માણસો સાથે શંકર મંદિરમાં આવીને ગોઠવાઇ ગયો. ઔરંગઝેબને મન નૃત્યનું કંઈ એટલું બધું આકર્ષણ નહોતું, નૃત્ય પછીની રંગીન-સૃષ્ટિની કલ્પના એના તનને તરવરાટ અને મનને મલકાટ આપી રહી હતી.

ત્યાં તો ઝાંઝર ઝણક્યા. પાયલના મધુરા નાદે વાતાવરણને કણ-કણ અને સમયનો ક્ષણ-ક્ષણ સંગીતમય બની ગયો. વારાંગના જ્યારે/વીરાંગના બનીને પ્રભુના આગળ પોતાની કળાની કુરબાની કરી રહી હોય, ત્યારે પછી બાકી શું રહે ?

અષાઢની પહેલી ઘનઘોર મેઘમાળા જોઈને મોર શું નાચતો હતો ? એ મોરને શરમાવું પડે, એ રીતે રામદુલારી મન મૂકીને નાચી રહી. જગતને રીઝવવા નહિ, જાતને રીઝવવા જીવનભરના અથાક-શ્રમ દ્વારા મેળવેલી તમામ કળાઓને આ નૃત્યમાં ઠલવી દેવાનો એનો નિરધાર હતો.

શા એ અંગમરોડ ! શા એ ઠેકાં ! શા એ લય ! અને શી એ લહક ! સહુ વાહવાહ પુકારી રહ્યા.

નૃત્ય પુરૂં થવા આવ્યું, પણ પૂરા થતા આ નૃત્યની સાથે સાથે રામદુલારીએ પોતાના જીવનનું નૃત્ય પણ પૂરૂ કરી નાખવાનો દૃઢ

સંકલ્પ કર્યો હતો. શીલની શુદ્ધિ જાળવવા કાજે, શરીરને શૂન્ય બનાવી દેવાની શહાદતને વરવા, જાણી જાણીને ઝેરને પી જવાનો પોતાનો નિરધાર પાર પડે, એ માટે એ મનોમન પ્રભુને પ્રાર્થી રહી : પ્રભો ! ચિત્તની મારી કાળી ડિબાંગ ચાદર પર પણ આપની ભક્તિના ભાતીગળ-રંગોએ અદ્દ્ભુત-સૌંદર્ય સર્જ્યું છે. હવે આજે ચિત્તની આ ચાદરને ચોખ્ખી રાખવા મેં મૃત્યુને માગી લેવાનું નક્કી કર્યું છે. મારા આપને છેલ્લા સાષ્ટાંગ નમસ્કાર !

-ને હાથની આંગળીઓને અજવાળતી હીરાની વીંટીને ચૂસતી-ચૂસતી રામદુલારી પ્રભુ-ચરણે ઢળી પડી. પળો વીતી, ઔરંગઝેબ પોતાના પ્રેમીને ઉઠાવતા ત્યાં પહોંચ્યો. પણ એણે જોયું તો બારદાન પડી રહ્યું હતું. એમાં માલ હાજર ન હોતો ! જે મોતીથી છીપ લાખેલી હતી, એ આત્માના મોતી વિનાના રામદુલારીના દેહની છીપને ઔરંગઝેબ આંસુભીની આંખે નિહાળી રહ્યો !

દેહની દરકાર ખાતર સમય અને સંપત્તિનો હિસાબ ન રાખનારી વારાંગના જ્યારે વીરાંગના બને છે, ત્યારે એ કેટલી હદ સુધી દેહ પર દમનનો કોરડો વીંઝી શકે છે અને પોતાનું વીરવ્રત જાળવવા એ કેવું બલિદાન દઈ શકે છે, એનો આદર્શ ખડો કરી જનારી રામદુલારી જન-જીભે ગવાઈ રહી !

## ૧૩

# મરીને પણ જીવવા દો !

આર્યત્વની અસ્મિતા જાળવી જાણવા અને મરીનેય જીવવા દેવાનો સંસ્કૃતિ-સંદેશ સંસારને સુણાવવા એક રાજા કેટલી બધી હદે ન્યોચ્છાવરી કરવા તૈયાર થઈ ગયો, એની હૃદયંગમ પ્રતીતિ કરાવતી એક કહાણી, પુણ્યથી પ્રીતિ અને પાપથી ભીતિ આ બે ગુણો રાજાથી માંડીને પ્રજા સુધીની જનતામાં કેવા વણાઈ ચૂક્યા હતા, એનું ભવ્ય-દર્શન પણ કરાવી જાય, એમ છે.

'જીવો અને જીવવા દો'ની સ્વાર્થસ્પર્શી સંકુચિતતાની સીમાને છેદી-ભેદીને, 'મરો પણ જીવવા દો'ના સમર્પણ-શાળી અસીમ આકાશને પોતાની પ્રચંડ-પાંખમાં સમાવતું એક સોહામણું પંખી છે : ભારતીય સંસ્કૃતિ ! સંસ્કૃતિના આ સોહામણા પંખીને અંતરના આંગણે પાળીને પોષનારા અનેકાનેક વીરોએ જાતે જીવીને અન્યને જીવવા દેવાનું જ નહિ, પણ મરીનેય, અન્યને જીવાડવાનું કપરું કર્તવ્ય બજાવ્યું છે અને આ કર્તવ્ય બજાવતા બજાવતા કુરબાનીની કલમે એઓ શૌર્યભર્યો ઈતિહાસ આલેખી ગયા છે !

કરણીની કલમે, કુરબાનીના કંકુથી, કર્તવ્યની કિતાબમાં આવા ઈતિહાસને આલેખવાનો મુદ્રાલેખ ધરાવતો એક રાજા. નામ એનું રાણા

વિક્રમસિંહ ! કથનીથી પાણાનેય પાણી બનાવતો અને કરણીથી વજ્રનેય વિદારતો એ રાજા એક દહાડો શૂળ રોગનો ભોગ બન્યો. એની આંખમાં શૂળ ઉપડી. પાણી વિના તરફડતી માછલીની જેમ મખમલની શૈયામાં રાજા તરફડી રહ્યો વેદના આંખમાં ઉભરાતી હતી, પણ એની તીવ્ર અરસ અંગે અંગ અનુભવી રહ્યાં હતાં. ભાતભાતના ભોગ અનુભવતો રાજા વાતવાતમાં રોગી બને, પછી અને સેવામાં સજ્જ રહેનારા વૈદ્ય-હકીમોની વણઝાર થોડી જ અટકે ! રાજ સેવામાં દિનરાત વૈદ્યોની વણઝાર ચાલુ જ રહેવા માંડી. પણ શૂળથી તરફડતા રાજાના આંખની આંસુધાર કોઈ રોકી શક્યું નહિ ! વૈદ્યોની વણઝાર વધવા માંડી, એમ વેદનાની રફતારય વેગ પકડવા માંડી ! વેદનાના વેગમાં તણાતો રાજા દરેક વૈદ્યને પહેલી વાત એ કરતો કે, બીજાને મારીને મને જીવાડવાની જરૂર નથી, મારવા કરતા તો મરવું ભલું !

વૈદ્યો કલાકોના કલાકો સુધી રાજાની નાડી પકડીને બેસતા, પણ અંતે એમને રોગ અનાડી લાગતો. શૂળ ઉપડવાને દિવસો થયા. વેદનાના વધતા જતા વેગને રાજા જીરવી ન શક્યો. અંતે બેહોશ બનીને એ પથારીમાં પડખા ઘસી રહ્યો.

રાજાના રોગની વાત આસપાસ ફેલાતી ગઈ, એમ જાતને ધન્વંતરીનો અવતાર માનતા વૈદ્યો આવતા ગયા. પણ શૂળના મૂળને કોઈ અડી પણ ન શક્યું ! પછી એને ઉખેડી નાખવાની તો વાત જ ક્યાં રહી !

રાજાને બેહોશ બનાવી દેનારા વેદનાના વેગને વિસર્જિત કરી દેવાની વાતથી વાતાવરણને સસ્મિત કરાવી દેતો એક વૈદ્ય એક દહાડો આવી ચડ્યા, જાતને જીવાડવા અન્યને મારવા કરતા તો મરણને ભલું લેખનારો રાજા બેહોશ હતો. મંત્રીઓએ નવા વૈદ્યને કહ્યું : ગમે તે ભોગે રાજાને જીવાડો આ વેદના અને આ વલોપાતભર્યા વલખા અમારાથી હવે જોયા જતા નથી.

વૈદે નાડી જોઈને કહ્યું : રોગ અનાડી છે. માટે એને મારી હઠાવવામાં હિંસાનો હાથ જ સફળ નીવડશે. હિંસામાં તમારી 'હા'

હોય, તો ઓસડિયા કાઢું. અહિંસક ઓસડીયાં આ શૂળના મૂળને મારી હઠાવે, એ અસંભવિત છે !

મંત્રી પરિવાર તો ગમે તે ભોગે રાજાને જીવાડવા માંગતો હતો. એણે હિંસામાં હકાર ભણ્યો અને વૈદ્યરાજે ઓસડની પેટી ખોલી. પેટી ખોલતા ખોલતા એણે કહ્યું : આરોગ્યશાસ્ત્રના અધિષ્ઠાતા અમારા ચરક ઋષિ અહિંસાના આશક હોવા છતાં એમણે મુખ્યત્વે આરોગ્યને આંખ સામે રાખીને જ વૈદકના ગ્રંથો લખ્યા હોવાથી ન છૂટકે હિંસક ઔષધિનોય ઉલ્લેખ કર્યો છે. આયુર્વેદ અહિંસામાં માનનારું હોવા છતાં એમાં આવતા કોઈ કોઈ હિંસક પ્રયોગો આખરી ઉપાય તરીકે ન છૂટકે જ લખાયા છે. આ શૂળ માટેય આવો હિંસક પ્રયોગ કરવો પડશે. ઔષધિઓ તો મારી પાસે હાજર છે. ફક્ત એક જીવતા કબૂતરની જરૂર પડશે. એના માંસમાં આ ઔષધિઓ કાલવીને, આંખમાં આંજવાથી ગમે તેવું હઠીલું શૂળ પણ શાંત થઈ જાય છે.

વૈદરાજે ઓસડિયા કાઢ્યા, એટલામાં તો જીવતું કબૂતર હાજર થઈ ગયું, કબૂતરને ઉભું ને ઉભું ચીરીને એના લોહી-માંસમાં વૈદરાજે ઓસડિયા કાલવ્યા. લોહીનો આ લેપ શૂળથી તરફડતા રાજાની આંખે ચોપડવામાં આવ્યો અને વળતી જ પળે આરામની એંધાણીઓ કળાવા માંડી. થોડીક જ પળોમાં શૂળનું મૂળ જાણે ઉખડીને ફેંકાઈ ગયું. રાજા સ્વસ્થતા સાથે બેઠો થઈ ગયો. જાણે વર્ષો પૂર્વેની કોઈ ઝાંખી-સ્મૃતિ સતેજ થતી હોય, એમ એણે પૂછ્યું : મારી આંખમાં શૂળ ઉપડી હતી ને ? કોણે એને શાંત કરી હતી ? અને કઈ દવાથી એ શાંત થઈ હતી ?

હિંસાની હોળી દેખાઈ ન જાય, એ માટે એની પર રાખ છાવરવા જેવી ચૂપકીદી રાખવાનો સહુને ઈશારો કરીને મંત્રીએ કહ્યું : રાજાજી ! અમારા પુણ્યે આ વૈદરાજનો પ્રયોગ સફળ નીવડ્યો અને આપ નિરોગી બન્યા.

રાજાને તરત જ પોતાનો મુદ્રાલેખ યાદ આવ્યો. એણે કહ્યું : વૈદરાજ ! મારીને જીવવા કરતા જીવાડીને મરવું મને વહાલું છે. શૂળને શાંત કરનારા તમારા પ્રયોગે કોઈનો જીવ તો નથી લીધો ને ?

વૈદ્યરાજે કહ્યું: મહર્ષિ ચરકને હું પૂજનારો છું હિંસાનો 'હ' પણ લખતા મારામાં કમકમાટી પેદા થાય છે. કોઈને માર્યા બાદ જીવવું, એ તો મરવાથીય વધુ કરુણ દશાનું જીવન છે. રાજાજી ! આપ નચિંત રહો.

રાજાને ચોતરફના વાતાવરણ પરથી એમ લાગ્યું કે, મને ધૂતવાનો પ્રયાસ થઈ રહ્યો છે. કોઈ પંખી-માતા પોતાના પંખી-પુત્રના ઝૂંટવી લીધેલા જીવન-ધન કાજે ન્યાય માટે પોકાર પાડતી ચક્રાવા લેતી હોય, એમ રાજાને લાગ્યું. એટલામાં તો લેપના લાલ રંગ તરફ રાજાની નજર ગઇ, એણે ત્રાડ નાખતા પૂછ્યું : મને લાગે છે કે હિંસાની હોળીને છાવરવા, દંભની રાખ ભભરાવાઈ રહી છે. પ્રયોગ જો પૂર્ણ અહિંસક હોય, તો પછી લેપની આ લાલાશ કોના ઘરની છે ? ઓહ ! અને પેલા ખૂણે પીંખાયેલા પીંછા કોના પડ્યા છે ? સાચું બોલો : બીજાને મારીને હું જીવી નહિ શકું !

રાજાજી જાતે ઉભા થઈને ખૂણે પડેલા પીંછા જોવા ચાલવા માંડ્યા. હિંસાની હોળી પરની રાખ ઉડી ગઈ. તાજા મારેલા કોઈ પંખીનો આર્તનાદ જાણે એ પીંછામાંથી નીકળી રહ્યો હતો. લોહી નીતરતા એ પીછા જાણે પોકાર પાડતા કહી રહ્યા હતા : રાજા ! તેં તારી એક આંખ ખાતર મારી પાંખે-પાંખ પીંખી નાખી. હું કબૂતર ! હું પ્રેમભર્યું પારેવું ! મારે પણ પરિવાર હતો. હું કોઈનો બાળ હતો, તો મારેય કોઈ લાલ હતો ! હું ય પરિવારમાં પ્રિય હતો ને મારે કોઈ પ્રિયા હતી ! ખોઈ-ખોઈને તારે તો એક આંખ જ ખોવી પડત. પણ મારા પરિવારમાંથી તો કોઈએ પિતા તો કોઈએ પુત્ર ગુમાવ્યો છે ! તારી આંખ સાજી થઈ ગઈ, પણ મારી જીવનબાજી સંકેલાઈ ગઈ, એનું શું ?

પોકાર પાડતા પીંછા જોઈને રાજાનું અંતર શૂળ કરતાય સો ગણી વેદના અનુભવી રહ્યું. મંત્રી પરિવારને હવે હકીકત કહ્યા વિના છૂટકો ન હતો. વૈદ્યરાજે ભેદ-ભરમ ખોલી દીધા. રાજાએ વિચાર કર્યોઃ આ બધાને હવે ઠપકો દેવાથી શું ? આ પાપનું પ્રાયશ્ચિત તો મારે પોતાને કરવું જ રહ્યું. એણે પોતાના પુરોહિતને સાદ દીધો.

પુરાણોની પોથી સાથે હાજર થયેલા પુરોહિતોને રાણા વિક્રમસિંહે પૂછ્યું : કોઈના પ્રાણહરણના પાપનું પ્રાયશ્ચિત શું હોઈ શકે ? શેહ કે શરમ રાખ્યા વિના વેદ-પુરાણની સાખે પ્રાયશ્ચિત બતાવજો. મેં આજે હત્યાનું પાપ બાંધ્યું છે ! એક પારેવાના મેં પ્રાણ લૂંટી લીધા છે.

પુરોહિતો રાજાજ્ઞા સાંભળીને સન્ન થઈ ગયા. પ્રાણહરણના પાપના પ્રાયશ્ચિત તરીકે વેદ-પુરાણોમાં ધગધગતો સીસાનો રસ પીવાની આજ્ઞા હતી. આ સત્યને જાહેર કરીને રાજાના જીવનની જાજમ સંકેલવામાં નિમિત્ત કેમ બનાય ? પણ અંતે જ્યારે રાજાએ તલવાર તાણીને પ્રાયશ્ચિત પૂછ્યું ત્યારે પુરોહિતોએ વેદ-પુરાણની પોથી જ રાજાની સામે ખુલ્લી મૂકી દીધી. પુરાણનું એ પ્રાયશ્ચિત શિરસાવંદ્ય કરતા રાજાએ પ્રજાને કહ્યું : 'જીવો અને જીવવા દો' આ સંસ્કૃતિ-સંદેશથીય આગળનો 'મરીને પણ જીવવા દો'નો સંદેશ જાળવવા મરી ફીટજો, ફના થઈ જજો અને કર્તવ્યની વેદી પર વધેરાઈ જજો !!!

પ્રજાના મુશળધાર આંસુ રાજાને પીગળાવી ન શક્યા. ધગધગતો સીસાનો રસ સરબતની જેમ એઓ ગટગટાવી ગયા ! સીસાનો ઉકળતો રસ પી જઈને પ્રાયશ્ચિત અદા કરવાનું પરાક્રમ અને પાપ પ્રત્યેની પારાવાર ભીતિ દાખવી જનારા રાજા વિક્રમસિંહના વંશજો ત્યારથી સીસોદિયા કહેવાયા !

પાપના અંશ તરફ તીવ્ર તકેદારી રાખનારા વંશને મળેલા 'સીસોદિયા'આ નામ પાછળ સંતાયેલો સંસ્કૃતિ-સમર્પણનો આ ઈતિહાસ કેટલો રમ્ય અને રોમાંચક છે ! આવા ઈતિહાસને કથની જ નહિ, કરણીની કલમે કંડારી જનારા વિક્રમ જેવા સિંહો, જ્યારે ફરીથી સંસ્કૃતિનો સંદેશ લઈને પુનરાવતાર પામશે, ત્યારના ઘડીપળ, વિકૃતિના યુગોના યુગને ભૂંસી નાખીને, ભારતને એની પોતાની ભાતીગળ ભવ્યતાનો ભેરો કરાવી આપવાનું સોણલું સાચું સાબિત નહિ કરાવી શકે તુ ?

## ૧૪

# પરાઈ પીડ

એ પણ એક યુગ હતો, આજે 'વાણિયા' તરીકે વખોડાતો સમાજ ત્યારે 'વણિક' તરીકે વખણાતો ! વણિકની એવી આબરૂ હતી કે, જે સાચું બોલે, સાચું તોલે, જે સાચું ભાળે, સાચું ચાલે, એ વણિક ! જે મર્દ થઈને બીજાના દર્દને દૂર કરવા ફના થઈ જાય, એ વણિક ! વણિક ચોપડા જ ચીતરી ન જાણે, વણિક હાટ અને હવેલી જ સંભાળી ન જાણે, પણ વખત આવે એ ધર્મયુદ્ધના મોરચેય મરણિયો થઈને ઝઝૂમે અને 'જિત થકી પણ ઝૂઝવું પ્યારું'નું શૌર્ય ગીત લલકારતો લલકારતો ન્યોચ્છાવર થઈ જઈનેય એ પોતાનો ધન્ય-ધર્મ અદા કરે ! વીતેલા એ યુગમાં વણિકની કીર્તિ આવી હતી.

આવી કીર્તિની કમાનો જેના જીવન દ્વારે રચાયેલી રહેતી, એવા વીરના સંતાન વણિકોમાં ઝાંઝણ શેઠના નામ-કામ પણ સોનાની શાહીથી લખાયેલા છે અને એના તેજ આંખને આંજી દે, એવા છે !

વીરો અને વિદ્વાનો જેમ જ્યાં જાય, ત્યાંની ધરતીને વતન-સમોવડી બનાવી દે છે. એમની પાસે રહેલી વીરતા અને વિદ્વત્તા જ જેમ એમનું મોટામાં મોટું બળ ગણાતું હોય છે, એમ વણિકો પણ જ્યાં જાય, ત્યાં

પ્રામાણિકતા, પરગજુપણું અને પરાક્રમ જેવા ગુણોનું બળ જ એમના માટે પરદેશમાંય સ્વદેશ જેવો સહારો પુરો પાડવામાં સમર્થ બની જતું હોય છે.

ઝાંઝણ શેઠ મૂળ તો ઉત્તર ગુજરાતમાં આવેલ થરાદ-ગામના રહેવાસી હતા. પણ એઓ સોરઠમાં આવેલા છત્રાસા ગામમાં રહેવા આવ્યા, ત્યારથી જ ધીમે ધીમે એમના જીવનમાં આબાદી અને આબરૂનો સુમેળ સધાતો ચાલ્યો. થોડાક વર્ષોમાં તો એ સુમેળ એટલો બધો શુદ્ધિ-વૃદ્ધિ પામ્યો કે, ઝાંઝણ શેઠની કીર્તિ-કથાઓ સોરઠના પ્રત્યેક સીમાડે ઠેરઠેર ગવાવા માંડી. કોઈ પણ વાત હોય, સૌના મોમાં ઝાંઝણ-શેઠનું નામ ન નીકળે, એ બને જ નહિ ! આવી આબરૂ અને આવી આબાદીની કમાણીમાં શેઠના પરગજુ સ્વભાવનો અને પરાક્રમી પ્રભાવનો ખૂબ જ મોટો ફાળો હતો !

અઢારે આલમની હરકોઈ વ્યક્તિ ઝાંઝણને શેઠ તરીકે સ્વીકારતા હર્ષ અનુભવતી, તો દુકાને આવેલા હરકોઈ ગ્રાહકને પુત્ર જેવા વાત્સલ્યથી વધાવવામાં શેઠ આનંદ અનુભવતા. થરાદથી પહેરેલા લુગડે નીકળીને છત્રાસામાં આવ્યા બાદ મેડી-મકાન અને હાટના ઠાઠમાઠ ઝાંઝણ-શેઠ ભોગવી શકતા હતા, એના મૂળમાં વેપારી/ગ્રાહક વચ્ચેનો આવો સ્નેહસંબંધ કારણ હતો ! એથી જ મહાજનના મોવડી તરીકે શેઠને ઓળખાવતા સૌ ગર્વ અનુભવતા.

એક દિ' શેઠ દુકાને બેઠા હતા. કામકાજનો બોજ ઠીકઠીક વધારે હતો, છતાં આવનાર દરેકની આગતા-સ્વાગતા કરવાનું શેઠ ચૂકતા નહિ. શેઠ ચોપડો ચીતરવામાં મશગુલ હતા. મધ્યાહ્ન થવાની તૈયારી હતી, જમવા જવાનો સમય થઈ રહ્યો હતો, થોડીવાર થઈ, ચોપડો બંધ કરીને શેઠ ઘરે જવાની તૈયારી કરવા માંડ્યા. એટલામાં જ એમની દુકાને કોઈનું આગમન થયું. આનંદ અને અહોભાવ સાથે ઝાંઝણ શેઠે એ આગંતુકને પૂછ્યું :

'સ્વરૂપચંદ શેઠ ! તમે ક્યાંથી ? કંઈ ઘણા દિવસે દેખાયા ! તબિયત તો મજામાં છે ને ?'

સ્વરૂપચંદ શેઠે કહ્યું : દીકરાના લગન લીધા છે. એટલે તૈયારી તો કરવી જ પડે. એક બાજુ દુકાનનું કામકાજ અને બીજી બાજુ આ લગનનું કામકાજ ! તમે જ કહો કે, ક્યાંથી સમય મળે ? મન તો ઘણું થાય કે, ચાલો, ઝાંઝણ શેઠને મળી આવીએ ! પણ પગ પહોંચવા જોઈએ ને ?

ઝાંઝણ શેઠે કહ્યું : સારું થયું, તમે આવ્યા તો લગનની વધામણી મળી, ચાલો, જમવાનો સમય થયો છે. જમીને પછી નિરાંતે થોડી ઘણી વાતો કરીશું.

સ્વરૂપચંદ શેઠને જવાની ઉતાવળ હતી. એમણે કહ્યું : જમવા માટે વળી કોઈ દિવસે આવીશ. આજે તો મારે મોડું થાય છે. હું તો તમને જાનમાં જોડાવાનું આમંત્રણ આપવા જ આવ્યો છું. હજી મારે બીજે ઠેકાણે જવાનું છે. તમે 'હા' પાડો, પછી આગળ વધું.

ઝાંઝણ શેઠે કહ્યું : શેઠ ! તમારા આમંત્રણ બદલ તો આભાર ! પણ હમણાં વૈશાખ મહિનો છે, એટલે દુકાનના કારભારનો ભાર રહે છે. માટે તમારું આમંત્રણ ન સ્વીકારું તો દુઃખ ન લગાડશો.

સ્વરૂપચંદ શેઠ એકદમ ગળગળા બની જતા બોલ્યા કે, તો તો મારે દીકરાને પરણાવવો જ નથી ને ? તમારા વગર જાન લઈને જઉં, તો સૌ આંગળી ચીંધે કે, ઝાંઝણ શેઠ કેમ નહિ આવ્યા હોય ? આ દુકાન અને આ મકાન રોજના છે. આવા પ્રસંગ કંઈ વારેઘડીએ નથી આવતા. માટે જાનમાં આવવાની તમે હા પાડો, પછી જ બીજે આમંત્રણ આપવા જવાનો મારો પાકો નિર્ણય છે. વર વિના જેમ વરઘોડો ન હોય, એમ તમારા વિના જાનમાં જાહોજલાલી ન હોય. તમે આવો તો જ જાનમાં જાન-પ્રાણ આવે !

પોતાની અગવડતાને આડે લાવ્યા વિના ઝાંઝણ શેઠે જાનમાં જોડાવવાનું સ્વીકાર્યું. સ્વરૂપચંદ શેઠે ગળગળા ભાવે હૈયાની એક વાત રજૂ કરી, એ સાંભળીને શેઠ ગળગળા બની ગયા. બંને છૂટા પડ્યા. બંનેના અંતરે આનંદ ઉભરાતો હતો. જાન જવાને હજી થોડા દિવસોની વાર હતી. આ દિવસોમાં શેઠે દુકાનનું ઘણુંખરું કામકાજ પતાવી દીધું અને પછી જાનમાં જવાની તૈયારી કરવા માંડી.

મહાજનના મોવડી તરીકેનો મોભો જળવાય, એ રીતના વેશમાં સજ્જ બનીને ઝાંઝણ શેઠ જાનમાં જવા ઉપડ્યા. એમનો વેશ-પહેરવેશ એવો હતો કે, થોડી પળો સુધી તો જોનારની નજર ત્યાં જ ચોંટી જાય ! આખું છત્રાસા ઝાંઝણ શેઠને વળાવવા ઉમટ્યું. 'શેઠ વહેલા વહેલા પાછા આવજો'ના આંસુ-આનંદથી મિશ્રિત વિદાય-ધ્વનિના વાતાવરણ વચ્ચે શેઠ પોતાની ઘોડી પર બેસીને આગળ વધ્યા. એક વીરને છાજે એવી વિદાય આપીને ગામના લોકો પાછા ફર્યા. પણ આજે જાણે કોઈના પગ ઉપડતા નહોતા. માંડ માંડ સૌ ગામમાં આવીને કામકાજમાં ગોઠવાયા. પણ સૌને આજે એવી અનુભૂતિ થઈ રહી હતી કે, જાણે પોતાનું કાળજું આજે પોતાની પાસેથી દૂર દૂર જઈ રહ્યું છે.

શેઠ ઝાંઝણ શાહ એક વણિક અને એક વીરને છાજે એવા પહેરવેશમાં સ્વરૂપચંદ શેઠની જાનમાં જોડાયા. એમના પગલે આખી જાનમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું. પ્રયાણની પળ આવી અને જાન ઉપડી.

અશુભ-શકુનોનો અણસાર શેઠની નજરે કળાઈ ગયો. પણ અત્યારે રંગમાં ભંગ પાડવો શેઠને અયોગ્ય લાગ્યો. અશુભના એ અણસારને શેઠે અંતરમાં જ દાબી દીધો. આનંદ પ્રમોદના વાતાવરણ વચ્ચે જાન આગળ ને આગળ વધી રહી. બીજા દિવસની રાતે કરમદી ગામમાં જાનનો ઉતારો હતો. પણ કહેવાય છે ને કે, જ્યાં પળનોય આડો કાળ, ત્યાં ભાવિની શી પડે ભાળ ! બીજા દિવસની બપોર પસાર થઈ ગઈ. નમતા પહોરે જાનનું પ્રયાણ ચાલુ થયું. સૂર્યાસ્ત પણ થઈ ગયો. કરમદીને હવે ગાઉનું જ છેટું હતું. પણ હજી અંધારું થોડું ઘણું જામ્યું ન જામ્યું, ત્યાં તો દૂરની ઝાડીમાંથી પાંચ દસ બહારવટિયાઓનું એક ટોળું હોકારાં/ પડકારા પાડતું ધસી આવ્યું. એ ટોળાએ 'રૂક જાવ'નો હુકમ કર્યો.

'રૂક-જાવ'ના એ હુકમમાં હિંમતનો જે પ્રચંડ-પડઘો હતો, એ જાનૈયાઓના કાનમાં અથડાયો અને સૌ થરથર ધ્રૂજી ઉઠ્યા. એ ધ્રુજારી વચ્ચેય અડગ અને અણનમ રહેલા ઝાંઝણ શેઠ પોતાની ઘોડી પરથી નીચે કૂદી પડ્યા અને સૌને સહાનુભૂતિ આપતા એમણે કહ્યું કે, ડરવાની

જરાય જરૂર નથી ! જ્યાં સુધી મારી આ તલવાર બુઠ્ઠી નહિ થાય અને મારા આ શરીરમાં લોહીનું એક બિંદુ પણ જ્યાં સુધી બચ્યું હશે, ત્યાં સુધી આ બહારવટિયા તમારો વાળ પણ વાંકો કરવા સમર્થ નહિ બની શકે. હું આ જાનમાં કોઈ શોભાનો જાનૈયો બનવા જ નથી આવ્યો ! મારી ફરજનો મને પૂરેપૂરો ખ્યાલ છે. માટે જ હું યાહોમ કરીને ઝંપલાવું છું. મારો સાદ પડે, તો તમે દોડ્યા આવજો ! તમે સૌ જોઈ લેજો કે, એક મરણિયો સામે સો હોય, તોય સોને કેવો ભારે પડે છે !

જાનૈયાઓને થયું કે, હજારનું ટોળું રણમાં રગદોળાય એનો હજી વાંધો નહિ, પણ હજારોના તારણહારને ઉની આંચ પણ ન આવવી જોઈએ ! એથી સૌએ ઝાંઝણ શેઠને રોકવા માટે ઘણી મહેનત કરી, પરંતુ વાતોથી જ્યારે એઓ ન માન્યા, ત્યારે ચોમેર ઘેરો ઘાલીને શેઠને રોકી લેવા સૌ કટિબદ્ધ બન્યા. પણ શેઠે પોતાની ઘોડીને એક એવી એડી મારી કે, ઘેરાવાની એ દીવાલને ઠેકી જઈને ઘોડી છેક બહારવટિયાઓની નજીક જઈ ઉભી. શેઠે વીર હાક પાડતા કહ્યું :

‘આ કંઈ બોડી-બામણીનું ખેતર નથી કે, તમે મરજી મુજબ લૂંટ ચલાવી શકો ! પહેલા મને લૂંટી લઈને પછી જ તમે આ જાનને લૂંટી શકશો. તમારી પાસે તલવાર છે, એનો તમે ગર્વ ન કરતા, હું વણિક છું પણ તલવાર ભરાવવાને પણ મારી મુઠી ટેવાયેલી છે. આવી જાવ, મેદાનમાં અને જોઈ લો, મારી તલવારના વાર !’

બહારવટિયાઓ આ વણિકની વીરતા અંગે કંઈક વિચારે, એ પૂર્વે તો ઝાંઝણ શેઠ રમકડાની જેમ તલવારને રમાડતા રમાડતા એમની તરફ ધસી ગયા. એ પહેલી મુઠભેડમાં જ ત્રણ-ચાર બહારવટિયાઓની જીવન લીલા સંકેલાઈ ગઈ ! બચેલા બહારવટિયાઓ એકદમ ગભરાઈ ગયા. એટલામાં જાનમાંથી મર્દ માણસોનું એક ટોળું પણ શેઠની પડખે આવીને એ યુદ્ધનો રંગ જમાવવા મેદાને પડ્યું.

બહારવટિયાઓને થયું કે, આ વાણિયો એકે હજારો લાગે છે ! એની તલવાર જો આપણને બધાને આંટી જાય, તો તો આપણું પાણી

ઉતરી જાય અને આપણે બાયલામાં ખપીએ, માટે નીતિ-અનીતિનો વિચાર કર્યા વિના આ વાણિયાના બાર જ વગાડી દેવા જોઈએ ! બચેલા બહારવટીયા છલ-પ્રપંચનો આશરો લઈને ઝાંઝણ શેઠ પર તૂટી પડ્યા ! બળ દ્વારા હજારોને હરાવી શકવા સમર્થ ઝાંઝણ શેઠ છલના એ દાવપેચમાં થોડાક બહારવટિયાઓની સામે ટક્કર ન ઝીલી શકે, એટલા માત્રથી નામર્દનું કલંક પામવાને પાત્ર નહોતા ઠરતા. સૌ જોતા જ રહ્યા અને બચાવવાના અનેક પ્રયાસો ચાલુ હોવા છતાં એ બહારવટિયાઓના છલ-પ્રપંચની છરી ઝાંઝણ શેઠના ગળે ફરી વળી, શેઠનો દેહ પડ્યો અને ફુટી કોડીનીય લૂંટ ચલાવ્યા વિના એ બહારવટિયાઓ નાસી છૂટ્યા. પૈસા કાજે નહિ, જાણે પ્રતિષ્ઠા કાજે જ આ ધિંગાણું એઓ ખેલ્યા ! પરમાર્થ કાજેની વેદી પર હસતા વધેરાઈ ગયેલા શેઠનું આખું અંગ જાણે ઉમંગપૂર્વક એવા ગીત ગાઈ રહ્યું હતું કે,

'વણિકજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે !'

પરાઈ-પીડને જાણનારા ઝાંઝણ શેઠ તો એ દહાડે, એ ભીડમાં બલિદાન પામી ગયા, પણ આ પરમાર્થ ભાવનાની છૂટે હાથે પ્રભાવના કરતી શેઠની ખાંભી, આજેય કરમદી-ગામના પાદરે ઉભી છે. એની પરના કીર્તિલેખ મુજબ આ બનાવ સંવત ૧૭૬૩માં બનવા પામ્યો હતો. એ યુગનો વણિકજન આવો હતો, એને વેપાર ચલાવતા જ આવડતો ન હતો, એ તલવારના વાર પણ ચલાવી જાણતો હતો.

પરાઈ પીડને જાણનાર ભડવીર શેઠ ઝાંઝણ શાહની આ બલિદાન કથા જ્યારે છત્રાસા પહોંચી, ત્યારે તો ત્યાં ઘરે-ઘરે, અંતરે-અંતરે અને શબ્દે શબ્દે વ્યથાનો સાગર ઘૂઘવવા માંડ્યો. શેઠને વિદાય આપતી વખતે અનુભવાયેલા આઘાતની પાછળ સમાયેલું રહસ્ય સૌને આ પળે ખ્યાલમાં આવ્યું ! વિદાયની એ પળે કોણ એવી કલ્પનાય કરી શક્યું હશે કે, ઝાંઝણ શેઠના દર્શનનું પુણ્ય આ છેલ્લું જ છે !

## ૧૫

# હિન્દુત્વની નેક ટેક

હવાના એક હલેસે અને પવનની એક ફૂંકે જ સત્તા આગળ નમી પડવાની કાયરતા આજે જ્યારે ઠેર ઠેર ફુલી-ફાલી રહી છે. ત્યારે નેક-ટેક અને ખુમારીથી ભર્યો ભર્યો આ પ્રસંગ જરૂર પ્રેરણાદાયી થઈ જાય એવો છે. હિન્દુત્વની હિંમતથી ભરેલો એ કવિ જો આટલો અણનમ હોય, તો જૈનત્વથી જ્વલંત સંઘ-સમાજ તો કેવો સામર્થ્ય-શીલ હોવો ઘટે ? આવો પ્રેરક-પ્રશ્નાર્થ ખડો કરતો કવિ ગંગનો આ એક પ્રસંગ છે.

હિન્દુત્વના એ રંગ હળદરિયા નહોતા, એની સાખ પૂરતા એ પ્રસંગને જોનારના અંતર પોકારી રહ્યા : ગંગ ! રંગ છે તારી ટેકને ! તેં જંગ જગવી જાણ્યો, એટલું જ નહિ; પણ ઉમંગથી, ભંગ પાડ્યા વિના તેં જંગ જીતીય જાણ્યો !

ગંગ એક કવિ હતો. બાદશાહ અકબરના નવ રત્નોમાંના એક નેક કવિ તરીકેની કીર્તિ એમને વરી હતી. જ્યારે અકબરના આશ્રિત થવાના અરમાન એમતો મિત્રમંડળ વચ્ચે ખુલ્લાં કરેલ, ત્યારે બધાએ સાવધાનીનો સૂર પોકારતા કહ્યું હતું : અકબર જેવા મુસ્લિમ રાજાના

આશ્રિત થઈને ખાંડ-ખાજાની મોજ ઉડાડવા કરતા, સ્વાશ્રિત રહીને લૂખો-રોટલો ખાવો વધુ સારો છે !

હિન્દુત્વના ચોળ-મજીઠ રંગે રંગાયેલા ગંગ કવિએ ત્યારે કહ્યું હતું : હિન્દુત્વના મારા રંગ હળદરિયા નથી કે, એ ઉડી જાય ! સર્વેશ્વરનો પહેલો આશ્રિત બની રહીને જ બીજા આશ્રય તરીકે હું અકબરના દરબારમાં પ્રવેશવા માંગુ છું. સર્વેશ્વરની સેવામાં આ દરબાર જે દહાડે આડો આવતો જણાશે, એ જ દહાડે બાદશાહનો બહિષ્કાર કરતાં હું રંજ નહિ અનુભવું !

કવિ અકબરનો આશ્રિત બન્યો. થોડા દહાડામાં તો એના કવિત્વે એને જન-જનની જીભનો વાસી બનાવી દીધો, ટૂંક સમયમાં જ પ્રતિષ્ઠાનું શિખર સર કરી જનારો કવિ ગંગ, બીજાઓની આંખમાં કણાની જેમ ખૂંચે, એ સ્વાભાવિક હતું. બીજા કવિઓ એનું છિદ્ર શોધી રહ્યા. સાચું છિદ્ર ન મળ્યું, એટલે આખરે સહુએ કવિની નેક-ટેકને નિશાન બનાવીને, શિકાર કરવાનો નિર્ણય કર્યો. સહુને એ વાતની પાકી-પ્રતીતિ હતી કે, સર્વેશ્વરની કવિતા પાછળ શબ્દ અને શક્તિનો સાગર ઠલવી દેનારી ગંગની એ ઉદારતા, સમ્રાટની સ્તુતિનો એક શબ્દ પણ ગાવા, કૃપણ જાહેર થયા વિના રહે એવી નથી !

બીજા દિવસની સભામાં જ્યારે કવિઓનો વારો આવ્યો, ત્યારે કેટલાંક મુસ્લિમ કવિઓ ઉભા થયા. બાદશાહની કુર્નિશ બજાવીને એમણે કહ્યું :

'જહાંપનાહ ! એક પાદપૂર્તિ લઈને અમે આવ્યા છીએ, એનું છેલ્લું પદ છે : આશ કરો અકબર કી ! આ પદને અંતિમ પદ તરીકે માન્ય રાખીને સહુ કવિઓ જો એક એક કવિતા રચી લાવે, તો આપની ગુણ-ગરિમાને જગત સાચા સ્વરૂપમાં સહેલાઈથી સમજી શકે !

ગંગ તરફની ઈર્ષ્યા વૃત્તિથી બળતા કેટલાક કવિઓએ આ વાતને વધાવતા કહ્યું: હા, જહાંપનાહ ! પ્રસ્તાવ ખૂબ સારો છે. એક તો આપના ગુણોનું ગૌરવ જ કોઈ ઓર છે ! એમાં વળી પાછી કવિરાજ

ગંગ જેવા કેઈ કવિઓની પ્રતિભા ભળે, પછી બાકી શું રહે ! સહુ કવિઓ એમ ઈચ્છે છે કે, આ પાદ પૂર્તિનો પ્રારંભ કવિરાજ ગંગથી જ થાય !

લોકમાં જે ખુશામત ખુદાનેય પ્યારી ગણાય છે, એ ખુશામતથી અકબર જેવો રાજવી/આદમી અલિપ્ત કેમ રહી શકે ? એણે કવિ ગંગને પાદ પૂર્તિ કરવા કહ્યું : 'કવિરાજ ! આશ કરો અકબર કી' આ પાદપૂર્તિ પહેલાં આપ કરો, પછી જ બીજા કવિઓ પાદપૂર્તિનો અધિકાર અદા કરી શકશે !'

કવિ ગંગ અકબરની વાત સાંભળીને સન્ન થઈ ગયા. મિત્રોએ દિવસો પૂર્વે ઉચ્ચારેલો સાવધાનીનો એ સૂર એમના કાનમાં આજે ફરી ગુંજારવ કરી રહ્યો. પાદપૂર્તિ કરવાનો દીવા જેવો ચોખ્ખો અર્થ એ જ થતો કે, હિન્દુત્વની નેક-ટેકને ફગાવી દઈને, સમ્રાટની સ્તુતિ કરવી ! એમણે કાલક્ષેપ કરવાની-માંગ મૂકતા કહ્યું :

'જહાંપનાહ ! સાત દિવસનો સમય મળ્યા વિના પાદપૂર્તિ કરવામાં કોઈ મજા નહિ આવે. આપની આજ્ઞા હોય, તો સાત દિવસ બાદ પાદપૂર્તિ કરીને હું ઉપસ્થિત થઈશ !'

કવિ ગંગની માંગણી માન્ય રખાઈ ! સહુને થયું : સાત દિવસ જેટલી કાલાવધિ પાછળ બીજું તો કોઈ કારણ નહિ હોય ને ? અલંકાર અને અનુપ્રાશ જેની સેવા બજાવે છે, એવા કવિને મન આ પાદપૂર્તિ તો ડાબા હાથનો ખેલ છે !

સભા વિસર્જાઈ, ત્યારે મુસ્લિમ કવિઓ ગંગ કવિને સીસામાં ઉતાર્યા બદલ મનોમન પ્રસન્ન હતા. ગંગ કવિએ જ્યારે પરિસ્થિતિ અને વાતાવરણને નાણી જોયા, ત્યારે જ એમને વધુ ખ્યાલ આવ્યો કે, આ પાદ પૂર્તિ તો માત્ર બહાનું છે. ખરી રીતે તો હિન્દુત્વની મારી નેક-ટેક સામેનો આ એક ખુલ્લો સંગ્રામ જ છે. એમણે નિર્ણય લઈ લીધો કે, મૃત્યુ જો એક જ વખત આવતું હોય, તો મર્દાનગી પૂર્વક એને ભેટવું. એ જ ખરું જીવન છે. મારી સામેના આ સંગ્રામમાં હું ઝઝૂમીશ,

લોહીનું છેલ્લું બુંદ હશે, ત્યાં સુધી અડીખમ ખડો રહીશ ! મારા મડદાંને શરણાગતિ સ્વીકારવી હોય, તો એ જાણે ! પણ હું તો નહિ જ નમું !

દિવસોને વીતતા વાર શી ! સાતમા દિવસે સભા હકડેઠઠ ઉભરાઈ ઉઠી. કવિ ગંગની નેકટેકમાં શ્રદ્ધા ધરાવનાર વર્ગની જેમ એમના હિન્દુત્વને હળદરિયું લેખવાની ભૂલમાં રાચતો એક મોટો વર્ગ પણ એમાં જોડાયો હતો. સહુની નજર કવિ ગંગ તરફ હતી. ત્યાં તો બાદશાહે વાર્તારંભ કર્યો :

'કવિરાજ ! સાત સાત દિવસના સમય બાદ થયેલી પાદ પૂર્તિ કેટલી બધી પ્રતિભા-સભર હશે ? એની કલ્પના પણ સભા કરી શકતી નથી. 'આશ કરો અકબર કી' નું પૂર્વ પદ આપ સંભળાવશો, પછી જ જનતાની પ્રતીક્ષા પૂર્ણ થશે.'

બાદશાહ અકબરનું અભિવાદન કરીને કવિ ગંગ પર્વતની જેમ અણનમ ઉભા રહ્યો, ત્યારે સભામાં મધરાત જેવી શાંતિ છવાઈ ગઈ. જીવન મરણની દરકાર કર્યા વિના નેક-ટેકને જ મહાન લેખતી કવિ-વાણી વળતી જ પળે ગુંજી રહી :

'જિસ કો હરિ પે વિશ્વાસ નહિ, સો હી આશ કરો અકબર કી !'

જેને ભગવાન પર ભરોસો ન હોય, એ જ અકબરની આશા કરે ! આવો પડઘો જગવતી વાણીનો ટંકાર કરીને, પોતે એક જાગતા સિંહની કેસરાં સાથે અડપલું કર્યું હતું, એનો કવિ ગંગને પૂરેપૂરો ખ્યાલ હતો.

'જિસ કો હરિ પે વિશ્વાસ નહીં, સો હી આશ કરો અકબર કી' આ ધ્વનિના પ્રતિધ્વનિ રૂપે સહુ મોતનાં ભણકારા સાંભળી રહ્યા. સભામાં સન્નાટો હતો, તો સમ્રાટના મગજમાં વિફરેલી વાઘણ જેવું ખુન્નસ ઉછળી રહ્યું હતું. એમણે કવિ ગંગને લલકારતા કહ્યું:

'રે ! કવિ ! પાગલ તો નથી થઈ ગયો ને ? દારૂના ઘેનમાં મદહોશ બનીને બકવાટ કરતા દારૂડિયા જેવી એલફેલ વાણી બોલતા પહેલાં એટલું વિચારી લે કે, તું દિલ્હીશ્વરના દરબારમાં ખડો છે.'

કવિ ગંગે જંગ જગવી જાણ્યો હતો, તો હવે એને એ જવાંમર્દીથી જીતી લેવા માગતા હતા. એમણે કહ્યું : હિન્દુત્વની નેક-ટેકથી ભરેલા એક કવિ પાસે આના સિવાય બીજો જવાબ અપેક્ષી જ ન શકાય ! હું આપનો આશ્રિત છું, એનો અર્થ એટલો જ કે, બહુ બહુ તો આપ આ કાયા પર માલિકીનો દાવો ઠોકી બેસાડી શકો છો ! નહિ કે મારાં કવિ આત્મા પર કેદ ઠોકી બેસાડવાનો આપને હક્ક છે !

કવિ ગંગ ગર્વોન્નત મસ્તકે સભા ત્યાગીને ચાલતા થયા. ખમીરવંતી વાણીના કારમા ઘાથી ઘવાયેલો બાદશાહ એમના આ રીતના સભાત્યાગથી વધુ ઉકળાટ અને ફુંફાટ અનુભવી રહ્યો. સમરાંગણમાં સમશેરના ઘા ઘણા ખમ્યા હતા. પણ વાણીનો આ ઘા એમ અંગ-અંગમાં અત્યારે જે જખમ જગવી રહ્યો હતો. એની આગળ યુદ્ધના એ ઘા સાવ સામાન્ય ભાસી રહ્યા હતા. આખી રાત બાદશાહ ઘાયલ-યોદ્ધા જેવી વેદના અનુભવી રહ્યા. આ વેદનાની વસૂલાત લેવા એમ મનોમન એક નિષ્ઠુર-નિર્ણય લઈ લીધો. એ નિર્ણયના અમલનું જ બીજું નામ હતું : કવિ ગંગનું કમોત !

સવારનો સૂર્ય મધ્યાહ્નની મર્યાદા વટાવે, એ પહેલાં તો રાજમાર્ગ પર ભાગાભાગ મચી થઈ. એક ગાંડોતૂર હાથી કોઈનો જીવ લેવા છૂટો મૂકી દેવાયો હતો. જનતાને અંદરખાને સાવધ કરી દેવાઈ હોય, એમ બરાબર કલ્પી શકાતું હતું. મદમાતી ચાલે રાજસભા તરફ આવતા કવિ ગંગ પોતાના મોતને નજરોનજર નિહાળી રહ્યા. હિન્દુત્વનો વાવટો અણનમ રાખવાની તકને વધાવી લેતા એમણે ગગનભેદી-ગર્જના કરી : જિસ કો હરિ પે વિશ્વાસ નહીં, સો હી આશ કરો અકબર કી !

દારૂ પાયેલા હાથીની એ સૂંઢ વળતી જ પળે સમશેર બનીને કવિ ગંગની કાયા પર તૂટી પડી. મરતા મરતાય એ મર્દાનગી લલકારતી રહી : જિસ કો હરિ પે વિશ્વાસ નહીં.........

# ૧૬

## રહી ગયો રંગ રજપૂતાઈનો !

ભારતના ભૌગોલિક-ઈતિહાસનું અભ્યાસના દૃષ્ટિકોણથી અહોભાવભરી આંખે એક સિંહાવલોકન કરીશું, તોય એક વાત દીવા જેવી ચોખ્ખી જણાશે કે, સંસ્કૃતિના આ દેશમાં મુસ્લિમ-બાદશાહોની સત્તાના પાણી જ્યારે ઘોડાપૂરની જેમ ફરી વળ્યા, ત્યારેય ચોતરફ થોડા થોડા એવા રજપૂત રાજવીઓનું અસ્તિત્વ રહ્યું હતું કે, જેમણે પોતાની ટેકથી એ પાણીને આવતા ખાળ્યા હોય અને રજપૂતાઈની શાન-માનમાં જેથી ચાર ચાર ચાંદ લાગે, એવું વીરતાભર્યું વલણ અપનાવ્યું હોય ! રજપૂતાઈના નખ-શિખ ઉપાસક આવા થોડા ઘણા રાજવીઓએ લોખંડી પાળની જેમ અડીખમ બની જઈને મુસ્લિમ સત્તાના પાણી-પૂરને ખાળ્યા, એથી જ ભારતનું એકચક્રી આધિપત્ય ભોગવવાના એ સત્તાલોલુપોના સ્વપ્ન સફળ બનતા રહી ગયા અને ઈતિહાસના પાને આવી રજપૂતાઈ સુવર્ણાક્ષરે અમર થઈ ગઈ !

રજપૂતાઈ અને મોગલાઈના સંઘર્ષ કાળ વખતની આ એક ઘટના છે. ત્યારે અમદાવાદના તખ્ત પર અહમદશાહની આણ વર્તતી હતી. એ આણના આજ્ઞાંકિત ચાકર તરીકે લગભગ સમગ્ર ગુજરાત અહમદશાહની

આગળ નતમસ્તકે ખડું હતું. પણ ત્યારેય આ મુસ્લિમ સત્તાની મર્યાદાને માન્ય રાખ્યા વિના માતર ગામ અણનમ ખડું હતું. ત્યાં સિસોદીયા વંશના સત્રસાલનું રાજ્ય તપતું હતું. એમણે પોતાની ટેક અને નેક જાળવવા ખાતર અહમદશાહની આણને આવકારી નહોતી.

સમગ્ર ગુજરાત ચિઠ્ઠીના ચાકરની જેમ પગચંપી કરતું હતું, છતાં માતર અક્કડ/અણનમ હતું, એથી અહમદશાહની આંખમાં સત્રસાલ રાજવી કણાની જેમ ખૂંચતા હતા. માતર હતું તો મુઠ્ઠી જેવડું જ, છતા પણ એને પોતે નમાવી શકતા ન હતા. એથી માતરનું સ્મરણ થતા જ અહમદશાહની આંખ શરમના ભારથી ભારે બની જતી. એઓ એવી કોઈ તકની શોધમાં જ હતા કે, જેને પામીને માતરનો માનભંગ કરી શકાય !

સત્રસાલ રાજાના પરિવારમાં વટના ટુકડા જેવા બે દીકરા હતા અને રૂપથી રંભા સમી એક દીકરી હતી. દીકરા વીરતાનું એવું ધાવણ પીને મોટા થયા હતા કે, એમની બોલ-ચાલ જોતા જ સિંહના સંતાનનું સ્મરણ થઈ આવે અને દીકરીના અંગેઅંગમાંથી એવું સૌંદર્ય/લાવણ્ય છલકાતું હતું કે, એની આગળ ભલભલાનું રૂપાભિમાન ઓગળી જાય !

સુગંધી ફૂલ ઉકરડે ઉગ્યું હોય, તોય એની સુવાસ ફેલાયા વિના રહી શકતી નથી ! જ્યારે સત્રસાલની દીકરીના દેહમાં સૌંદર્ય પાંગર્યું હતું. એ તો ઉપવનમાં ખીલેલા ફૂલો સાથે સરખાવાય એવું હતું. એથી એની સુવાસ ગુપ્ત ક્યાંથી રહી શકે ? બાદશાહ અહમદશાહની એક છાપ ભોગી ભ્રમર તરીકેની ય હતી. એક દહાડો માતરના ઉપવનમાં ખીલેલા એ ફૂલની સુવાસ એને ક્યાંયથી આવી ગઈ અને મનોમન નિર્ણય લેવાઈ ગયો કે, એ કન્યા રાજપૂત હોય એથી શું થયું ? એને મારી બેગમ બનાવ્યા વિના રહું તો મારી બાદશાહીમાં ધૂળ પડી ગણાય !

એક તો મારું ભ્રમર જેવું મોજીલું મનડું ! અને એમાં વળી સૌંદર્યની સુવાસથી તરબતર ફૂલડાની માળ મળી ! પછી અહમદશાહ

નિરાંતે કેમ બેસી શકે ? એમના અંતરનો અજંપો કળી જઈને એક દહાડો વજીરે પૂછ્યું :

'બાદશાહ ! કહો ન કહો, પણ આપના અંતરમાં કોઈ અકળામણ હોય, એમ મને લાગે છે. પાણી માંગો ત્યાં દૂધ હાજર થાય છે અને દૂધની માંગ સાંભળીને સેવકો અમૃતની પ્યાલી ધરે છે. પછી આપ જો અજંપામાં જ બળશો, તો પછી શાંતિનો અનુભવ કોણ કરી શકશે ?'

બાદશાહે કહ્યું: વજીર ! સાચી શાંતિનો અનુભવ તો કોઈ બ્રહ્મચારી જ કરી શકે ! એ ભાગ્ય અમારા જેવાનું નહિ ! અમને તો સો મેળવવાનું સ્વપ્ન ફળે, તો હજારને હાજરાહજૂર બનાવવાના કોડ જાગે, અને હજાર હાજર થઈ જાય તો લાખનું લફરું વળગે ! માટે શાંતિ અને સંતોષના દર્શન તો અમને સ્વપ્નમાં પણ થવા દુર્લભ ગણાય !

વજીરે સહજ ભાવે કહ્યું : ખુદાવિંદ ! લક્ષ્મીની ક્યાં આપને ત્યાં કમીના છે ! સંપત્તિનો તો સાગર છલકાઈ રહ્યો છે ! સંપત્તિ અને સામ્રાજ્ય આપના કહ્યાગરા સેવકો છે ! અંતઃપુરમાં સૌંદર્યના એવા તો ઢગલા ખડકાયા છે કે, અમાસની રાતેય એમાંથી અજવાળા ઉછળે ! આમ કઈ વાતે આપને ખામી છે કે, શાંતિ અને સંતોષ આપને સ્વપ્નમાંય દર્શન ન દઈ શકે ?

વજીરે ઘણી માર્મિક વાત કરી હતી, છતાં કહેવાય છે ને કે, કામનો આવેશ આંખમાં અંધાપો લાવી દે છે. એથી કામાંધ બનીનેય અહમદશાહે કહ્યું : વજીર ! તમારી બધી વાત સાચી ! પણ જ્યાં સુધી માતરના સત્રસાલ રાજવીની દીકરીને મારી બેગમ ન બનાવું, ત્યાં સુધી હું અન્ન ખાઈશ, તોય મારી ભૂખ નહિ મટે અને પાણી પીશ, તોય મારી તૃષા નહિ ઘટે. માટે રૂપરૂપના ઢગલા જેવી એ છોકરી મારી બેગમ બને એવો કોઈ ઉપાય હોય, તો જણાવો. મારા અજંપાને ટાળવાનું ઔષધ આ જ છે.

વજીરને મનોમન લાગ્યું કે, સંપત્તિના ઢગલાનો સ્વામી ઘણીવાર સાવ ગરીબ હોય છે, એ આનું નામ ! અંતઃપુરમાં આટઆટલી રૂપરાણીઓ પડી છે. તોય આમનું મન માતરના સત્રસાલ પાસે ભીખનું ચપ્પણિયું લંબાવતા શરમાતું કેમ નહિ હોય ! એમણે કહ્યું :

'બાદશાહ ! આપના આ આકાશી સ્વપ્નને નીચે ઉતારવું એ કંઈ સહેલી વાત નથી ! આસમાનના તારા હજી નીચે ઉતારી શકાય, પણ રજપૂતાઈના રંગ જાળવવા જેમણે આપની આણ સ્વીકારી નથી, એ સત્રસાલની દીકરીને કઈ રીતે બેગમ બનાવી શકાય ? જે મર્દાનગી માતરને પણ આપના હવાલે કરવા રાજી નથી, એ મર્દાનગી પોતાની દીકરી આપને સોંપે, એ શક્ય જ નથી ! માટે આ વિષયમાં કોઈ પણ પગલું ભરતા પૂર્વે સો ગળણે ગળીને નિર્ણય લેવાની વિનંતી છે.'

વજીરની આ વાત વિચારવા જેવી હતી, પણ અહમદશાહની રઢ તો એક એ જ હતી કે, ગમે તે ભોગે સૌંદર્યથી સુવાસિત એ ફૂલની પરાગ મારે પીવી જ છે ! જ્યાં સુધી એની સુવાસ હું માણી નહિ શકું, ત્યાં સુધી મને શાંતિ આપવા કોઈ સમર્થ નીવડી શકવાનું જ નથી !

અહમદશાહનો આવો અટંકી-નિર્ણય જોઈને વજીરે દુભાતા-દિલે અંતે એક ઉપાય દર્શાવતા કહ્યું કે, આપ એકવાર માનભેર સત્રસાલને આમંત્રો, પછી દાણો દાબી જોઈને જે પાકો નિર્ણય લેવો હોય, એ લેજો. બાકી મનના આ મનસૂબાને હર કોઈની આગળ વ્યક્ત ન કરતા. દીવાલને પણ કાન હોય છે. આ વાતની ગંધ જો માતર પહોંચી ગઈ, તો સત્રસાલ અહીં આવશે જ નહીં !

અહમદશાહને આ રસ્તો ગમ્યો. એમને થયું કે, સત્રસાલ એકવાર અહીં આવી જાય, પછી એમને મનાવવા એ કંઈ બહુ મોટી વાત નથી. પ્રીતિથી કદાચ એ નહિ માને. તો ભીતિથી તો માની જ જશે !

એક શાહીદૂત માતર જવા રવાના થયો. બહુ મીઠા શબ્દોમાં સત્રસાલને અમદાવાદ પધારવાની વિનંતી કરતો પત્ર એની સાથે હતો.

દૂત જ્યારે માતર પહોંચ્યો, ત્યારે ભરી સભામાં બેઠેલા સત્રસાલ સૂર્યની અદાથી દીપી રહ્યા હતા. એમના હાથમાં એણે અહમદશાહનો પત્ર મૂક્યો. એમાં લખ્યું હતું કે, એક અગત્યનું કાર્ય છે. એના ઉકેલ માટે બાદશાહ સત્રસાલજીને સત્વર યાદ કરે છે. માટે અવશ્ય પધારીને અમારા આંગણાને પાવન બનાવજો.

સત્રસાલના અંતરનો અવાજ આ આમંત્રણ સ્વીકારવાની તરફેણમાં ન હતો. છતાં એમને થયું કે, આવી નાની બાબત સંઘર્ષના સુરંગમાં ચિનગારી ચાંપવાનું નિમિત્ત ન બની જાય, માટે મારે આ આમંત્રણ સ્વીકારી લેવું જોઈએ. એથી અંતરના અવાજને અવરોધીનેય એઓ એ જ દિવસે શાહીદૂતને સાથે લઈને અમદાવાદ જવા રવાના થયા. એ દૂતના મનમાં અવનવા વિચાર-તરંગો પેદા થઈ રહ્યા હતા. પણ સત્રસાલને પોતાની રજપૂતાઈ પર પાકો વિશ્વાસ હતો કે, જંગમાં તોફાની તરંગ પણ પેદા થઈ જશે, તોય પોતે અભંગ અને અણનમ રહી શકશે !

સત્રસાલ અમદાવાદ પહોચ્યા, ત્યારે અહમદશાહ એમને આવકારવા તલપાપડ થઈને જ ઉભા હતા. એમને ભેટી પડતા બાદશાહે કહ્યું : આવો, સત્રસાલજી ! ઘણા દિવસે દર્શન થયા અને આજે હું ધન્ય થઈ ગયો ! થોડા દિવસ પૂર્વે જ આપના દીકરા-દીકરીના રૂપ-રંગ અને ગુણની કીર્તિ કાને પડી અને મને થયું કે, આવા ફરજંદોના સર્જનહારને તો એકવાર મન ભરીને ભેટી લઉં ! જેથી મેં આમંત્રણ પાઠવ્યું. આપે એને અવિલંબે સ્વીકાર્યું. એથી આજે મારા મનમાં હર્ષ સમાતો નથી.

સત્રસાલને આશ્ચર્ય થયું કે, આજ દિ' સુધી મારી સામે સિંહની જેમ ડણકતી શક્તિ આજે કેમ ગાય જેવી થઈને આવી માયા-મમતા બતાવતી થઈ ગઈ ? એમણે સહજ ભાવે કહ્યું : હું તો એમાં નિમિત્ત છું. સર્જનહાર સત્તા તો વળી બીજી જ છે, જે અદૃશ્ય છે !

અહમદશાહ પોતાની મૂળ વાત રજૂ કરવાની ભૂમિકા ઉભી કરવા ઉત્સુક હતા. એમણે પૂછ્યું : આપના દીકરા-દીકરીના નામ તો સંભળાવો !

સત્રસાલે સહજભાવે સંતાનોના નામ જણાવતા કહ્યું : બે દીકરાના નામ વિક્રમસિંહ અને અજિતસિંહ છે અને દીકરી રૂપસુંદરીના નામે ઓળખાય છે.

બાદશાહને તો દીકરીની સાથે જ દિલ્લગી હતી.એથી એ બોલી ઉઠ્યાઃ ઓહ ! જેવું નામ, એવા જ ગુણ ! સાંભળવા મુજબ એ રૂપરૂપના અંબાર સમી છે. એને કેટલા વર્ષ થયા છે ? એ પરણાવવા જોગી છે કે નહિ ?

આ પ્રશ્નમાં ડોકાતો વિકારભાવ પામી જઈને સત્રસાલે અહમદશાહને કહ્યું : આપણે તો નકામી વાતોમાં પડી ગયા ! જે અગત્યના કામ માટે મને યાદ કર્યો, એ અંગે તો આપે હજી હરફ પણ ઉચ્ચાર્યો નથી ! ફરમાવો, શા માટે મને યાદ કર્યો ?

અહમદશાહે લજ્જા-શરમને ઘોળીને પી જતા કહ્યું : અગત્યના કાર્યની ભૂમિકા રચવા જ તો આ વાતો થઈ રહી છે. હું એટલું જાણવા માંગું છુ કે, રૂપસુંદરી કન્યા છે કે કેમ ? એ જો કન્યા હોય અને કોઈના ઘરની શોભા સજાવવા એને આપવાની જ હોય, તો એને તમે મને આપવા રાજી છો કે નહિ ? આ જ મારું મહત્વનું કાર્ય છે.

સત્રસાલની રજપૂતાઈ પુણ્ય પ્રકોપ ઠાલવવા થનગની ઉઠી. એમણે લાલચોળ બનીને કહ્યું : આવી મને ખબર હોત, તો હું અહીં આવત જ નહિ ! લાલ અક્ષરે નોંધી લો કે, હું સીસોદિયા-વંશનો રજપૂત છું. માતરને પણ આપની આણ નીચે મૂકવું ન પડે, એ માટે હું ઝઝૂમ્યો છું. તો મારી સગી દીકરીને આપને સોંપવાનું તો મારે માટે સ્વપ્નેય શક્ય હોઈ શકે ખરું ? માતરની ભૂમિ કરતાય દીકરીની ગૌરવ-રક્ષા મારા માટે વધુ મહત્ત્વની છે. મારી દીકરીને હજી કદાચ હું રખડતા કોઈ રજપૂત સાથે ય હર્ષભેર પરણાવીશ ! પણ એને ગુજરાતના ઈશ્વર એવા મુસ્લિમ રાજવી સાથે રડતા રડતાય પનારે નહિ પાડું !

આ પુણ્ય-પ્રકોપની સામે અહમદશાહે શાંતિ જાળવવામાં સાર સમજીને પ્રીતિનો પંથ અજમાવતા કહ્યું : સત્રસાલજી ! રજપૂતાઈ અને મોગલાઈ વચ્ચે માણસ તરીકે કયું બહુ મોટું અંતર છે કે, તમે મને આમ તરછોડો છો ? તમે માંગો એ જાગીર તમને આપવા હું તૈયાર છું. મારી માંગણી એક જ છે. તમારી દીકરી મને પરણાવો !

'જાગીરની લાલચ જવા દો. તમે મને દિલ્હીનો મુકુટ પહેરાવતા હો, તોય આ વાત બની શકે એમ નથી. માણસ-માણસ વચ્ચે જો ફેર ન હોય, તો તમારા શાહજાદાને રસ્તે રઝળતી કોઈ રૂપાળી ભિખારણના પનારે તમે કેમ પાડતા નથી ? અને મને આવી સુફિયાણી-સલાહ આપો છો ?'

કાળજાને કોરી ખાય, એવા સણસણતા આ જવાબનો કોઈ પ્રતિકાર અહમદશાહ પાસે નહોતો. એથી ભીતિના ભણકારાથી ડારી/ડરાવીને સત્રસાલ પાસે પોતાનું ધાર્યું કરાવવાના ઈરાદે બાદશાહે કહ્યું : સત્રસાલ ! મારા આ મનોરથને અવગણવાનું શું પરિણામ આવશે ? એનો વિચાર કર્યા વિના તમે જાગૃતાવસ્થામાં આ બોલી રહ્યા છો કે ઊંઘમાં આ રીતે બબડી રહ્યા છો ?

અહમદશાહે જે જુસ્સાથી આ પ્રશ્ન પૂછ્યો, એથી હજાર ગણો જુસ્સો બતાવતા સત્રસાલે કહ્યું : પૂરા પરિણામનો વિચાર કરીને જ હું બહાદુરીથી આ બોલી રહ્યો છું. રાણા પ્રતાપનો હું વંશજ છું. એ પ્રતાપનો અંશ અને વંશ મને વારસામાં મળ્યો છે. વીરગતિથી મોતને ભેટવા સિવાય તમારી દ્રષ્ટિએ વધારે ભયંકર બીજું કોઈ પરિણામ તો નથી આવવાનું ને ? સાચો રજપૂત સંસ્કૃતિની રક્ષા કરતા મરવું પડે, તોય એને જ સાચું જીવન ગણતો હોય છે. સંસ્કૃતિ મરી પરવારે અને જીવતો જીવતો એ એને જોયા કરે, તો એ રજપૂત નથી, પણ હાલતું-ચાલતું એક હાડપિંજર જ છે. જેને ભૂત-પ્રેત તરીકે ઓળખી શકાય. મારા બોલ તો બહાદુરીના જ છે. લવરી તો તમે કાઢી રહ્યા છો. કામનું

ઘેન તમને ચડ્યું છે અને એ પાછું પરાકાષ્ટાએ પહોંચ્યું છે. નહિ તો આમ પાગલ થઈને રજપૂત-કન્યાની ભીખ માંગતા તમે ભિખારીની જેમ હાથ લંબાવો ખરા ?

અહમદશાહે હવે જરા ગુસ્સામાં આવી જઈને કહ્યું : સત્રસાલ ! તમે મારા પ્રીતિના પુકાર માનવાય તૈયાર નથી અને ભીતિના ભણકારાનેય વશ થવા તૈયાર નથી ! તો મારે કરવું શું ? રૂપસુંદરીને બેગમ બનાવ્યા વિના હું કોઈ પણ હિસાબે રહેવાનો નથી ! આ મારો મક્કમ નિરધાર છે. માટે હજીય કહું છું કે, માની જાવ !

સત્રસાલે રોકડું પરખાવતા કહી દીધું કે, તમારી પ્રીતિના પાશમાં બંધાઈ જાય, એ બીજા અને તમારી ભીતિથી બીએ એ પણ બીજા ! આ રજપૂત નહિ. તમે ભીતિ અને પ્રીતિના દાવ નાંખવામાં ઘર ભૂલ્યા છો.

અહમદશાહે મગજનો પારો હવે ગુમાવ્યો. વળતી જ પળે એમણે પોતાના સેનાપતિને આજ્ઞા કરી કે, રજપૂતાઈની શેખી મારનારા આ ચૂહાને પકડીને પાંજરામાં પૂરી દો, જેથી એને વિચાર કરવાની તક મળે કે, ગુજરાતના સૂબાની આજ્ઞાનો લોપ કેવું ભયંકર ભાવિ નોતરી શકે છે !

માતરમાં જે સત્રસાલ સિંહની જેમ શૂરા હતા. એ સત્રસાલની સહાયમાં અત્યારે કોઈ ન હતું. એથી વળતી જ પળે એમને કેદ કરવામાં સફળતા મળી ! વીરતાની વીરહાકથી રણના કણ-કણને કંપાવતા કેસરીને જાણે પાંજરામાં પૂરી દેવામાં આવ્યો !

અહમદશાહ માટે હવે રૂપસુંદરીને મેળવવાનો માર્ગ નિષ્કંટક બની ગયો હતો. સત્રસાલની સિંહ જેવી શક્તિને પાંજરે પૂરીને વળતી જ પળે એમણે એક ખેપિયો માતર ભણી રવાના કર્યો. સાંઢણી પર સવાર થઈને માતર પહોંચેલો એ ખેપિયો સીધો જ રાણી સમક્ષ હાજર થઈ ગયો. એની પાસેનો પત્ર વાંચીને રાણીની રજપૂતાઈ ઢીલી-ઘેંસ જેવી થઈ ગઈ. પત્રમાં લખ્યું હતું કે, સત્રસાલને કેદ કરવામાં આવ્યા છે.

એમનો ગુનો એક જ હતો કે, રૂપસુંદરીને માંગવા છતાં એમણે અહમદશાહને સમર્પિત કરવાની સાફસાફ ના સુણાવી દીધી ! માટે હવે તમારે જીવતા રહેવું હોય અને માતરને યુદ્ધનું મેદાન ન બનાવવું હોય, તો વહેલી તકે તમારી દીકરી રૂપસુંદરીને સોંપી દો. તમે નિશ્ચિંત રહેશો. તમારી દીકરીને બાદશાહ પોતાની માનીતી બેગમ બનાવીને સુખથી માલંમાલ બનાવી દેશે. પળ લાખેણી જાય છે. માટે બનતી ઝડપે આ જ ખેપિયા સાથે તમારો નિર્ણય લખી જણાવશો, જેથી મારે જાન લઈને માતર આવવું કે જંગ લઈને આવવું. એની ખબર પડે !

પોતાના પ્રિયતમ સત્રસાલજીને કેદ થયેલા જાણીને રાણીનું હૈયું ભાંગી પડ્યું. એમને થયું કે, હવે માતરની અને દીકરીની રક્ષા કોઈ સંજોગોમાં શક્ય નથી ! એથી રડતી આંખે અને વલોવાતા હૈયે એમણે જવાબમાં જણાવ્યું કે, રૂપસુંદરીને પરણાવવા હું તૈયાર છું. માટે કૃપા કરીને માતરને અને માતરના માલિકને હેમખેમ રાખશો !

આ સમાચાર બાદશાહને મળતા જ એમના આનંદનો પાર ન રહ્યો. એમની બાજી સીધી પડી ગઈ હતી, મોટા ઠાઠમાઠ સાથે એઓ રૂપસુંદરીને પરણી લાવ્યા. મા-દીકરી માટે કડવો ઘૂંટડો ગળે ઉતારવા જેવો આ પ્રસંગ હતો, પણ બહારથી હસતું મોઢું રાખીને એ પ્રસંગ પતાવવો પડ્યો. અહમદશાહે વિચાર્યું કે, હવે સત્રસાલને કેદમાં રાખવાની જરૂર નથી ! એથી એક દિવસ એમણે સત્રસાલને લગ્નની આ વાતની ગંધ પણ આવવા દીધા વિના માતર મોકલી આપ્યા. ત્યાં પહોંચ્યા પછી બની ગયેલી અઘટિત ઘટનાની વિગતો સાંભળીને રજપૂતના અંગે અંગ સળગી ઉઠ્યા. સત્રસાલને થયું કે, ધૂળ પડી મારા ધોળામાં ! શું મારા જીવતા મારી દીકરીને બેગમ બનાવી દેવાઈ ? રજપૂત તરીકે હું હવે હરી-ફરી શકું, એ શક્ય જ નથી ! એમને પરિવારના ચહેરા પર નજર કરી, તો જણાયું કે, દીકરીના લગ્ન ધામધૂમથી થયા હોવા છતાં હૈયાથી સહુ દુઃખી હતા.

સત્રસાલના હૈયામાં રહેલો સંસ્કૃતિ-પ્રેમ એમને જંપીને બેસવા દે, એમ ન હતો, એમને એમ લાગતું હતું કે, રાણા પ્રતાપના વંશની અણદાગ આબરૂને મેં ધૂળમાં મેળવી છે. મને હવે જીવવાનો જરાય અધિકાર નથી ! અને એ જ પળે પેટે ઝૂલનારી તલવારને એમણે પોતાના ગળે ફેરવી દઈને જાણે પાપનું પ્રાયશ્ચિત કર્યું. જોનારને એમ લાગ્યું કે, ખરેખર તો આઘાત-જનક આ પ્રસંગની વેદનાએ જ સત્રસાલજીને વીરમૃત્યું અપાવ્યું છે. આ તલવાર તો એમાં નાનું નિમિત્ત જ બની છે ! આમ, સત્રસાલનો જીવલડો એ દિ' જતો રહ્યો ! પણ રજપૂતાઈનો રંગલડો તો રહી ગયો !

પણની રક્ષા ખાતર પ્રાણનો ત્યાગ કરનાર આ રજપૂતની બલિદાન કથા જેણે સાંભળી, એનું દિલ વ્યથા અનુભવી ઉઠ્યું. આ ખબર મળતાં જ રૂપસુંદરીના વલોવાતા હૈયા પર વેદનાની વીજ ખાબકી ગઈ ! અહમદશાહ પણ મનોમન બોલી ઉઠ્યા કે, આવી રજપૂતાઈ મેં જોઈ નહોતી. સત્રસાલજી જીવતા જીવતા તો રજપૂતાઈની શાન માન વધારતા જ રહ્યા, પણ મરતા-મરતાય એઓ એમાં ચાર ચાર ચાંદ લગાડતા ગયા !

## ૧૭

# રાજધર્મની મર્યાદા

મૈત્રીને મહોરાવવા માટે જેમ કેટલાંક નીતિ-નિયમો હોય છે, એમ વેરની વસૂલાત કાજે પણ કેટલીક નીતિ-રીતિઓ ઘડાયેલી હોય છે. મૈત્રીને મહોરાવવી હોય, તો સામી વ્યક્તિમાં આપણી જાતને દૂધ-પાણીની જેમ મેળવી દેવી જોઈએ : દૂધ બળે તો પાણીય બળે. દૂધની સાકર પાણીમાંય ભળે ! આમ, અરસપરસ સુખ દુઃખમાં સહભાગી બનનાર જ મૈત્રીના માંડવાને મજબૂત બનાવી શકે છે. વેરની વસૂલાત પણ તરણાની સામે તલવાર ઉગામીને ન થાય ! શત્રુ શસ્ત્રો ઉગામીને આવ્યો હોય, ત્યારે જ વેરની વસૂલાત માટે તલવાર તણાય. શત્રુ શરણાગતના સ્વાંગમાં આવ્યો હોય, ત્યારે તો વેરની વાત પણ ન કઢાય ! નીતિ-ભાખી આવી રીત-રસમમાં શ્રદ્ધા ધરાવનાર રાજા-પ્રજાથી ભર્યાભર્યા હજી નજીકના જ ભૂતકાળનો આ એક પ્રસંગ છે !

ભાવનગર રાજ્યમાં ત્યારે રાજા તરીકે જેમ બાપુ વિજયસિંહની કરુણા કવિતા ઠેર ઠેર ગવાતી, એમ રંજાડનાર તરીકે બહારવટિયા જોગીદાસ ખુમાણની ક્રૂરતાની કલંક-કથાઓ ઘરેઘરે થોથરાતી જીભે કહેવાતી અને કંપતા કાને સંભળાતી ! બુકાની અને બંદૂક સાથે એ જ્યારે ધાડ માટે ત્રાટકતો, ત્યારનું ચિત્ર પણ કોઈની સામે ધરાયું હોય,

તો એ થરથર ધ્રુજી ઉઠતો ! આવી એની ધાક હતી. ખુમાણનું નામ પડતું અને રોતું બાળક છાનું થઈ જતું ! શરમજનક આવી હકીકતને પોતાની પ્રતિષ્ઠા અને પરાક્રમની પારાશીશી લેખતો ખુમાણ વનમાં ઘૂમતા વનરાજની જેમ રાજ્યમાં મનફાવે ત્યાં નીડરતાથી ઘૂમતો રહેતો :

ભાવનગર રાજ્યે ખુમાણને જીવતો/મૂઓ પકડી લાવનાર માટે માતબર ઈનામ જાહેર કરેલું. પણ પૈસા કરતા પ્રાણ સહુને વધુ વહાલાં હતા. એથી આ ઈનામ જીતનાર માઈનો કોઈ લાલ હજી બાપુ વિજયસિંહને ભેટ્યો નહોતો. બાપુ સચિંત હતા. દિ' ઉગતો અને ખુમાણે ખેલેલાં ધિંગાણાની હૃદય કંપાવનારી વાતો વાયરાની પાંખે આવી પહોંચતી ! આ વાત પર વિચારણા આરંભાતી, એટલામાં તો લૂંટાયેલા લોકો ફરિયાદ માટે ધા નાખવા આવી પહોંચતા.

ફરિયાદનો ખડકલો વધતો જતો હતો. એમ ખુમાણની ગિરફતારી માટે ટહેલ પાડતા ટહેલિયાનો બુંગિયોય બુલંદ બન્યે જતો હતો. પ્રજા પોતાને જોગીદાસની જંજિરમાંથી છોડાવે, એવા જેવાંમર્દની ઝંખનામાં હતી. રાજા પણ પ્રજાને સંતોષી અને સંરક્ષી ન શકવા બદલ ચિંતિત હતા. ચોરે અને ચૌટે ખુમાણની જ વાતો વધારી અને વધારીને ચર્ચાતી હતી ! પરંતુ એક દિવસ ભાવનગર માટે એવો ગોઝારો ઉગ્યો કે, એ દહાડે પ્રજા પોતાની પીડા ભૂલી જઈને, રાજાની પીડાને સ્વયં અનુભવી રહી. કેમકે બાપુ વિજયસિંહના લાડકવાયા કુંવર દાદભા એકાએક મૃત્યુ પામ્યા હતા. સમગ્ર-પ્રજામાં સન્નાટો છવાઈ ગયો. સહુના મોંમાથી સિસકારો નીકળી ગયો.

કુંવર દાદભાના આઘાત-જનક અવસાનની ખબર ફેલાતી ફેલાતી જોગીદાસ ખુમાણના કાનેય અથડાઈ. રાજા-પ્રજાની સંસ્કૃતિનો એ પણ પ્રેમી હતો. એણે પોતાના સાગરીતોને બોલાવીને કહ્યું : આપણે ગમે તેમ તોય બાપુ વજેસંગની પ્રજા ગણાઈએ. આપણાં બાપુના માથે આજે શોકનો હિમાલય તૂટી પડ્યો છે. બાળકુંવર દાદભાના મૃત્યુથી સંતપ્ત બાપુને સહાનુભૂતિ દર્શાવવા આપણેય ખરખરામાં ભાગ લેવો જ જોઈએ. ચાલો, ચાર-પાંચ સાગરીતો તૈયાર થઈ જાવ !

સહુ સન્નાટા સાથે ખુમાણની આ આજ્ઞાને સાંભળી રહ્યા. બધાંએ સમસ્વરે જોગીદાસ ખુમાણને વિનંતી કરતા કહ્યું : મૃત્યુના મોમાં હાથ નાખવાની હિંમત તો વખાણવા જેવી છે. પરંતુ કોઈ હિંમત વાતમાં જ શોભે છે. એને વર્તનમાં મૂકવા જતા પ્રાણ ખોઈ બેસવાનો પ્રસંગ આવે છે. આપની હિંમત આવી છે. આપને પકડવા માટે જંગી ઈનામ જાહેર થઈ ગયું છે. પ્રજા આપણાંથી ત્રાહિ મામ્ પોકારી રહી છે. ત્યારે સામે પગલે બાપુ પાસે જવું, એ તો ભૂખ્યા સિંહના પાંજરામાં પગ મૂકવા કરતાંય વધુ ખતરનાક-ખેલ છે ! સહાનુભૂતિ અહીં બેઠા બેઠા ક્યાં નથી દર્શાવી શકાતી ! આ શોક પાળવા થોડા દિવસ લૂંટ-ફાટ બંધ રાખીએ, એ શું ઓછી સહાનુભૂતિ છે !

જોગીદાસ ખુમાણને નીતિની એ રીતિ પર વિશ્વાર હતો કે, સાચો રાજા કદિ વેરની વસૂલાત લેવા માટે શરણાગતના રૂપમાં આવેલા શત્રુ પર શસ્ત્ર ન ઉગામે ! એણે કહ્યું :

'આપણાં બાપુની આંખમાં ભલે આપણે કણાની જેમ ખૂંચતા હોઈએ, પણ એ કણાને કાઢવા જોગું વાતાવરણ જ અત્યારે ક્યાં છે ? શોકના વાતાવરણમાં એઓ કંઈ શત્રુતાનો શંખ નહિ ફુંકે ! ડરો નહિ, બાપુનેય રાજધર્મની મર્યાદા છે, આ મર્યાદાના મહાસારગે કદી માઝા મૂકી નથી. માઝા મૂકે કોઈ નદી કે નાળાં, મહાસાગર નહિ ! નદી-કિનારે ઝૂંપડી પણ ન બંધાય ! જ્યારે દરિયા-કિનારે તો મહેલ બાંધીને મઝેથી સહેલ માણી શકાય ! આપણે સહુ આવા સાગરને ખોળે ખેલતાં સંતાનો છીએ, ચાલો, ઘોડી તૈયાર !

થોડીવારમાં તો પાંચ છ ઘોડીઓ તબડક તબડક કરતી ભાવનગરને પંથે પલાણી ગઈ. માથે ફાળિયું નાખીને જતા એ સવારોને કોઈ બહારવટિયા તરીકે પ્રીંછી પણ ન શક્યું. ખરખરો કરવા ઉમટેલી પ્રજાની હરોળમાં ખુમાણ પણ પોતાના સાગરીતો સાથે આબાદ ગોઠવાઈ ગયો. કોઈ એને પીછાણી પણ ન શક્યું.

શોક-મગ્ન પ્રજાની સહાનુભૂતિ ઝીલવા નીકળેલા બાપુ વજેસંગ અનુક્રમે ખુમાણની પાસે આવી ઉભા. ખુમાણના એ રુદનમાંય રેલાઈ રહેલી બહાદુરી અછતી ન રહી શકી. બાપુ રુદન પરથી ખુમાણને ઓળખી ગયા. એમણે કહ્યું : ખુમાણ જોગીદાસ ! બહુ થયું. કર્યા કરમ મારા ઉદયમાં આવ્યા. દાદભા હવે ગયા. એનો હવે ઝાઝો શકો શો ? સ્વસ્થ થાવ. મેં દીકરો ગુમાવ્યો અને જાણે પૂરી પ્રજા 'ન-પુત્રી' બની હોય, એમ શોકમગ્ન છે. આવો રાજા પ્રેમી પ્રજા-જન જ મારા માટે શું લાડકવાયો પુત્ર-પરિવાર નથી !

જોગીદાસ ખુમાણે ફાળિયું ફગાવી દીધું અને બાપુ વજેસંગના ચરણ ઝાલીને એ ધ્રુસકે ધ્રુસકે રડી રહ્યો. ખુમાણનું નામ પ્રગટ થતાં જ ચોતરફ ખૂનખાર જંગ જેવું વાતાવરણ જાગી ગયું. સિપાઈઓ ઉઘાડી તલવારે ખુમાણનો સામનો કરવા ધસી આવ્યા. પ્રજાએ પોકાર પાડ્યો : પકડો, ખુમાણને ! હજારોને હાથતાળી દઈને ઉડી જતો એ બહારવટિયો-બાજ આજે તો આબાદ સપડાયો છે. એને જીવતો ન મૂકતા !

ચોમેરથી 'મારો-કાપો'ની બૂમરાણ મચી ગઈ. પણ રાજધર્મની મર્યાદાને સમજેલા બાપુ સ્વસ્થ અને સાવધાન હતા. હાથ ઉંચો કરીને એમણે પ્રજાને શાંત કરી અને કહ્યું :

'રાજધર્મની મર્યાદા છે કે, શરણાગત તરીકે આવેલા શત્રુ પર શસ્ત્ર ન ઉગામાય ! સહુ શાંત થાવ. હું જે દ્રષ્ટિથી તમને નિહાળું છું એ જ દ્રષ્ટિ અત્યારે ખુમાણ પર ન ઠેરવું તો મારો રાજધર્મ લાજે ! ખબરદાર, ખુમાણનો વાળ પણ વાંકો થયો છે તો ! માટે પ્રજા સંપૂર્ણ શાંતિ જાળવે !'

બાપુએ ખુમાણને કહ્યું : ખુમાણ ! તમ-તમારે ખુશીથી જઈ શકો છો. તમારો વાળ પર વાંકો નહિ વળે. તમારા જેવા બહારવટિયાઓ મારા રાજધર્મ પર જે વિશ્વાસ રાખીને અહીં આવ્યા, એ બદલ હું ગૌરવ લઈશ.

-ને જોગીદાસ ખુમાણે પોતાની વાટ પકડી. ઘોડીના પેગડામાં પગ ભરાવતા એણે પોતાના સાગરીતોને કહ્યું : જોયું ! આનું નામ રાજધર્મની મર્યાદા !

૧૮

# સંઘર્ષ : ધર્મના કામે ! સત્તાની સામે

એ અવસર અંધાધૂંધીનો હતો એ દિવસો દિલાસો લેવા જેવા નહોતા. એ સમય સંગ્રામ અને સંઘર્ષનો હતો. ત્યારે કંપની સરકારનો વાવટો ભારત પર ફરકી રહ્યો હતો અને સત્તાના મદમાં ધર્મ તેમજ સંસ્કૃતિનો દ્રોહ કરનારા નવાનવા ફતવા એ સરકાર બહાર પાડ્યે જ રાખતી હતી. હિન્દુઓનું હિન્દુત્વ હણાય, એવા એ ફતવાઓમાંનો એક ફતવો હતો : ઓગડની યાત્રા બંધીનો !

ભાભરની નજીકમાં હિન્દુઓ માટે જાણીતું-માણીતું ઓગડ નામનું એક દેવસ્થાન હતું. અષાઢ સુદ-૧૩ની એની યાત્રાનો મહિમા હિન્દુઓમાં ઘણો મોટો હતો. આ દિવસે ઉત્તર ગુજરાત બનાસકાંઠામાંથી હજારો યાત્રિકો ઓગડના આંગણે ઉમટી પડતા. કંપની સરકારની આંખમાં આવા દેવસ્થાનો કણાની જેમ ખૂંચતા હતા. હિન્દુ સંસ્કૃતિને બદ્ધમૂલ રાખવામાં આવા સ્થાનોનો ખૂબ જ મહત્વનો ફાળો હતો. એ સરકાર સુપેરે જાણતી હતી, એથી શાંતિ/સુરક્ષા/ સલામતીનું બહાનું ધરીને સરકાર આવા સ્થાનોમાં એકઠી થતી મેદનીને રોકવા 'યાત્રાબંધી'નો

વટહુકમ બહાર પાડતી. પછી ખૂબ વિરોધ જાગે, તો યાત્રાળુ- દીઠ મુંડકાવેરાનો આશ્રય લઈને એ નફાનો બજાર ખોલતી ! આની સામે કોઈ વિરોધ જાગે, તો ઠીક, નહિ તો સરકાર માટે એ મેળા ઘી-કેળા જેવા ભાવતા ભોજન બની જતા !

કંપની સરકારે એકવાર લાગ જોઈને એકાએક ઓગડની યાત્રા-બંધી જાહેર કરી દીધી. અષાઢ સુદ ૧૩ના મેળાનો દિવસ બહુ દૂર નહોતો. હિન્દુઓ સમસમી ઉઠ્યા. પણ પ્રજા પાસે એવું પરાક્રમ ક્યાંથી લાવવું કે, એ સત્તા સામે સંઘર્ષ જગવે ! એ વખતે ભાભરમાં ભીમસિંહજી ઠાકોરનું રાજ્ય હતું. એઓ ભીમ જેવા ભડવીર અને સિંહ જેવા શક્તિશાળી હતા. એથી પ્રજાએ એમની સમક્ષ જઈને પોકાર કર્યો. ઓગડ પર તો એમનેય ભારે આસ્થા હતી. એથી ઓગડની યાત્રાબંધીની જોહુકમી સાંભળીને ભીમસિંહજીના ભવાં ચડી ગયા. ભીમની ગદા જેવો હાથ ઉછાળીને અને સિંહની જેવી ત્રાડ નાખીને એ બોલ્યા :

'હું પણ જોઈ લઉં છું કે, કંપની સરકાર કઈ રીત ઓગડની યાત્રા બંધ કરાવી શકે છે ? કંપની સરકારને પાપના અડ્ડાં બંધ કરાવવાનું સૂઝતું નથી અને આવા ધર્મના ધામો જ બંધ કરાવવાનું સૂઝે છે. લાગે છે કે, એની સત્તાના દિવસો હવે ભરાઈ ગયા છે. પ્રજાજનો ! નિશ્ચિંત રહેશો. સત્તા સામે સંઘર્ષ ખેલીનેય આ યાત્રાબંધના ફતવાના ફુરચે-ફુરચા ન ઉડાવી દઉં, તો મારું નામ ભીમસિંહ નહિ !'

પ્રજાજનો આનંદી ઉઠ્યા અને 'ઘણી ખમ્મા'નો જયધ્વનિ રેલાવીને આનંદના અબીલગુલાલ ઉછાળતા સૌ વિખરાયા. મેળાનો દિવસ જેમ જેમ નજીક આવવા માંડ્યો, એમ એમ સરકાર તરફથી ઓગડના આંગણે પોલિસનો જાપતો વધવા માંડ્યો. અષાઢ સુદ-૧૨ની રાત સુધીમાં તો ઠેરઠેર ખાખી-ચડ્ડી ધરાવતા સિપાઈઓ જ સિપાઈઓ

દેખાવા માંડ્યા. પણ ભીમસિંહજીના શૌર્ય અને સમર્પણ પર પ્રજાને પૂરેપૂરો વિશ્વાસ હતો, એથી અષાઢ સુદ-૧૨ની સવાર થતાની સાથે જ આસપાસથી યાત્રિકોના ટોળેટોળાં યાત્રા કાજે ઉમટવા માંડ્યા. મધ્યાહ્ન થતા સુધીમાં ઓગડથી થોડે દૂરના મેદાનમાં માનવોનો એક મહાસાગર ઘૂઘવાટ રેલાવવા માંડ્યો.

માનવોની એ ભરતી પ્રચંડ હતી, પણ ઓગડના બંધ રખાયેલા પ્રવેશ દ્વારા આગળ ઉભેલો એ કાળો કાયદો કોઈનેય અંદર પ્રવેશવા દેતો નહોતો, એના એક હાથમાં બંદૂક હતી. બીજા હાથમાં તાતી તલવાર હતી અને મોઢામાં જવાળામુખી હતો. એ કાયદાનો કાળો પોકાર એક જ હતો :

'કંપની સરકારે ઓગડની યાત્રાબંધી ઢોલ પીટી-પીટીને જાહેર કરી છે, છતાં આમ ટોળેટોળાં હાલ્યા આવ્યા છો ! એથી લાગે છે, તમે બધા બહેરાં છો. સીધી રીતે પાછા ફરી જાવ એમાં જ મજા છે. નહિ તો તમારી બહેરાશને દૂર કરવા અમારી બંદૂકો બાર કરતા જરાય અચકાશે નહિ ?'

યાત્રિકો સમસમી ઉઠીને કંપની સરકાર સામે મનોમન સંઘર્ષ તો ખેલી જ રહ્યા હતા, એમને વિશ્વાસ હતો કે, સમય થયો છે, ભીમસિંહજી હવે આવવા જ જોઈએ ! થોડીવારમાં પાછલી દિશામાં હો-હા મચી ગઈ. એક ગોરા સિપાઈ અને ભીમસિંહજીની વચ્ચે ઝરી રહેલી ચકમકના એ ચમકારા હતા કંપની સરકારે નીમેલો એક મુખ્ય સિપાઈ ભીમસિંહજીના બઈ-કળને તો ક્યાંથી પીછાણી શકે ? એથી ઘોડે ચડીને ઓગડની યાત્રા માટે જતા ભીમસિંહજીને એણે અટકાવ્યા હતા અને એમાંથી ચકમક ઝરી રહી હતી.

અંગ્રેજ સિપાઈએ ઠાઠમાઠ સાથે આવતા ભીમસિંહજીને રોકડું પરખાવ્યું : કંપની સરકારનો આદેશ સાંભળવા ન મળ્યો હતો, તો કાન

ઉઘાડા રાખીને સાંભળી લો કે, આજના દિવસે ઓગડની યાત્રાબંધી જાહેર કરાઈ છે. અને આ આદેશનું પાલન કરવા પ્રત્યેક પ્રજાજન બંધાયેલો છે !

ભીમસિંહજી એક પગારદારના આવા વેણને સહી લે, તો એમનું ક્ષાત્રતેજ કલંકિત બને ! એમણે વળતી જ પળે જવાંમર્દીભર્યો જવાબ આપ્યો : કંપની સરકારને આવા આદેશો ફાડવાનો પરવાનો કોણે આપ્યો ? આ મેળો કંઈ દેશદ્રોહ કે રાજ્ય દ્રોહનું કાવત્રુ ઘડવા એકઠાં થનારા મેલા-મુત્સદીઓ માટે કાવાદાવા ખેલવાનો અખોડો નથી કે, સરકાર એની પર પ્રતિબંધ મૂકે ! આ તો ઓગડના આંગણે એકઠો થતો ધાર્મિક-મેળો છે. આવા મેળાને કાયદાની એક કલમે બંધ કરી દેવાનું સ્વપ્ન સરકાર સેવતી હોય, તો એ થાપ ખાય છે ! જે મેળાનું મંડાણ વર્ષોથી અવિરત થતું જ રહ્યું છે. જેની આસ્થા-ભાવના પ્રજાના માનસમાં ખૂબ ઉંડી ઉતરેલી છે, એને ઉખેડવાનો વાયદો સરકારને ભલે આ કાયદો આપતો હોય, પણ અમે તો એને પાળવા હરગીઝ બંધાયેલા નથી !

ગોરા સિપાઈને થયું કે, આ તો કોઈ માથાભારે માણસ લાગે છે ! પોતાના માણસો પાસેથી ભીમસિંહજી તરીકે એને ઓળખી જઈને સિપાઈ જરા નરક પડ્યો. આ લાંબીલચ વાતનો જવાબ ટૂંકમાં જ આપતા એણે કહ્યું : આ બધું અમે તો કંઈ જ ન જાણીએ. અમે તો ચિઠ્ઠીના ચાકર ! અમે તો નાણું મળે એના નોકર ! અમારી પાસે બીજી તો કોઈ સત્તા નથી. આ કાયદો અમારા હાથમાં છે. અને એનું પાલન કરાવવા અમે બંધાયેલા છીએ !

સિપાઈ નરમ થયો. એટલે ભીમસિંહજી વધુ ગરમ થતા બોલ્યા : આ બધાના જવાબ તમારી પાસે ન હોય, તો જેની પાસે હોય, એને અહીં અબઘડી જ હાજર કરો. ન્યાયી આદેશનું અક્ષરશઃ પાલન કરવા

આ પ્રજા જેમ બંધાયેલી છે. એમ અન્યાયી આદેશના એક અક્ષરને પણ ન અનુસરવા સામે પૂરેપૂરા સ્વતંત્ર છીએ ! બોલાવો, તમારા અફસરને ! જાત્રાનો સમય વીતી રહ્યો છે. પળ લાખેણી વહી જાય છે.

મેદનીનો ઝોક ભીમસિંહજી તરફ વળ્યો. એમની આસપાસ હજારો યાત્રિકો ગોઠવાઈ ગયા. થોડી જ વારમાં એક ગોરો અફસર હાજર થયો જેની નિમણુક કંપની સરકારે કરી હતી, અને સમાજ તેમજ મિજાજ જોઈને આ દેશમાં બાંધ-છોડ કરવાના તમામ અધિકાર એને આપવામાં આવ્યા હતા. અંગ્રેજ અફસરે જ્યારે ભીમસિંહજીનો રૂઆબ અને એમની આસપાસ એકઠું થયેલું મોટું ટોળું જોયું, ત્યારે એકવાર તો એ ડઘાઈ ગયો. એને થયું કે, કળથી કામ લેવામાં નહિ આવે, તો બાજી બગડી જશે. એથી એણે કહ્યું :

'ભીમસિંહજી ! હું એ જોઈ શકું છું કે, આ બધા યાત્રિકો ઓગડની યાત્રા કરવા થનગની રહ્યા છે, બીજી બાજુ કંપની સરકારે યાત્રાબંધીના આદેશનો અમલ કરાવવાની જવાબદારી મારા માથે સોંપી છે. બોલો, હવે આમાંથી કોઈ માર્ગ નીકળી શકે એમ છે ખરો ?'

અફસરની સામે મર્યાદાથી વાતનો પ્રારંભ કરતાં ભીમસિંહજીએ કહ્યું : મારે તો પહેલાં એ જાણવું છે કે, વર્ષોથી વણથંભી ચાલતી આ યાત્રાને બંધ કરવા પાછળ કંપની સરકારનો કયો આશય છે અને આવું કરવાનો હકક એને કયો કાયદો આપે છે ? પોતાનાં દેશમાં, પોતાના જ ધર્મસ્થાનની યાત્રા આ પ્રજા ન કરી શકે ? શું આ જેવો તેવો અન્યાય છે ! તમારી પાસે સત્તાનું બળ હશે, તો અમારી પાસે સંઘર્ષ અને સમર્પણનું બળ છે ! એટલું ભૂલતા નહિ.

'એટલે ?' અંગ્રેજ અફસરે જરા ડોળાં ચડાવીને સવાલ કર્યો. ભીમસિંહજી પાસે જવાબ રોકડો હતો : તમે હજી મારા કથનનો ભાવ સમજી ન શક્યા ? તમારી સત્તા સામે સંઘર્ષ ખેલીનેય અમે આ

આદેશના કાગળિયાના ટુકડે ટુકડા કરવા પ્રતિજ્ઞાબદ્ધ છીએ. તમે એમ ન સમજતા કે, આ બોલ પાછળ મારું એકલાનું બળ છે ! આ બોલ પાછળ તો ભાભર જેવા કેટલાય ગામોનું બળ છે. અંદર ભલે અમે અલગાવ રાખતા હોઈએ, પણ જ્યારે ઓગડને આંગણેથી ધર્મયુદ્ધની ભેરી ધણધણી ઉઠશે, ત્યારે અમે બધા એક થઈને તમારી સત્તા સામે સંઘર્ષ ખેલી લઈને ધર્મયુદ્ધમાં વિજયી બન્યા વિના નહિ જ રહીએ ! એવું ભવિષ્ય હું અત્યારે જ છાતી ઠોકીને ભાખી શકું છું.

હિન્દુ-રાજવીની શૌર્યકથાઓ સાંભળવાનો અવસર એ અફસરને અનેકવાર મળ્યો હતો, પણ એ શૌર્યનું દર્શન તો આજે પહેલવહેલું જ થતું હતું. આ શૌર્ય પર અફસર દિંગ થઈ ગયો, છતાં દાણો દબાવી જોઈને એ શૌર્યનું પાકું પારખું કરવાં એણે ઠાવકે મોઢે કહ્યું : ભીમસિંહજી ! બોલવામાં બહુ બહાદુરીની જરૂર નથી પડતી અને સૂતેલા સિંહને જગાડવામાં જરાપણ ડહાપણ નથી ! માટે કંપની સરકાર સામે સંઘર્ષ છેડવાની વાતો કરતા પૂર્વે એટલો વિચાર પણ કરી લેવો કે, ધારે તો કંપની સરકાર તમારા ચોવીસે ગામને ખાલસા કરાવી શકે એમ છે. માટે રસ્તે રઝળતા બની જવું હોય, તો ખુશીથી સત્તા સામે સંઘર્ષ માંડવાની આ વાતને આગળ વધારશો.

ભીમસિંહજી પાસે એકલું સામર્થ્ય જ નહિ, સમર્પણ પણ હતું ! સામર્થ્ય જીતની આશા હોય, ત્યારે જ મેદાનમાં ઝંપલાવે છે જ્યારે સમર્પણ તો આવી આશાની કોઈ શક્યતા ન હોય, તોય કર્તવ્ય અદા કરવા શહાદતને સ્વીકારી લેતું હોય છે. ભીમસિંહજીનું સમર્પણ રાડ પાડીને બોલી ઉઠ્યું :

'સૂર્ય પશ્ચિમમાં ઉગે અને પૂર્વમાં આથમે, એ હજી સંભવિત છે પણ તમારી સત્તા સામેના સામૂહિક-સંઘર્ષમાં અમને હાર મળે, એ તો અસંભવિત જ છે. આ પ્રભાવ ધર્મયુદ્ધનો છે. છતાં કદાચ માની લઈએ

કે, કંપની સરકાર અમને ભિખારી બનાવી દેવામાં સફળ નીવડે. તોય અમે એવી ખુમારી સાથે ભીમ માંગીશું કે, ધર્મની રક્ષા ખાતર આવી ફકીરી ભોગવવાનુંય ભાગ્ય કયાંથી ? માટે ભય બતાવીને તમે અમારી ખુમારીનો ક્ષય કરવા માંગતા હો, તો ખાંડ ખાવ છો ખાંડ ! માટે જવા દો એ બધી વાત ! મને હવે આ પ્રશ્નનો ચોખ્ખો જવાબ આપો કે, અમને યાત્રા કરવા દેવી છે કે યુદ્ધમાં અમારું પાણી માપી લેવાનો તમારો નિર્ધાર છે ? બંને રીતે અમે પૂરા તૈયાર છીએ : બોલો, યાત્રા કરવા અમે આગળ વધીએ કે આ ધરતીને પાણીપત બનાવીને પાણી બતાવી આપવા કમ્મર કસીએ ?

અંગ્રેજ અફસરને થયું : હવે વધુ લાંબુ ખેંચવામાં સાર નથી. એથી એણે કહ્યું કે, સરકારની અને તમારી બંનેની આબરૂને ઝાંખપ ન લાગે, એવો કોઈ વચલો માર્ગ ગોતીએ તો કેમ ?

ભીમસિંહજી ચાલાક હતા. એમણે કહ્યું : એ કામ તો તમારા જેવા મુત્સદીઓનું જ ! બોલો, વચલો માર્ગ શો નીકળે એમ છે ? અમે એને અપનાવવા બંધાતા નથી. પણ એ માર્ગ જો ન્યાયી હશે તો યુદ્ધ ખેલવાનો અમને કંઈ શોખ પણ નથી !

થોડી પળો સુધી વિચાર કરીને અંગ્રેજ સરકારે અંતે વચલો માર્ગ જણાવતા કહ્યું : ભીમસિંહજી ! તમે માત્ર તમારો રસાલો લઈને ઓગડની આ યાત્રા કરી શકો છો. કંપની સરકારની આ ઉદારતાથી તમને સંતોષ થઈ જશે, એવો વિશ્વાસ છે.

વળતી જ પળે ભીમસિંહજીએ અફસરને કહ્યું કે, તમારા સિપાઈઓને કહી દો કે, સમશેર મ્યાન કરી દે, સંધિ થઈ ગઈ છે ! અંગ્રેજ અફસરે આશ્ચર્ય અને આનંદ એકી સાથે અનુભવ્યા. સમશેરો મ્યાન થતાની સાથે જ ભીમસિંહજીની આંખના એક ઈશારે સમગ્ર પ્રજા પૂરના પ્રવાહની જેમ ધસમસતી ગતિએ ઓગડના ખુલેલા દરવાજામાંથી અંદર

પ્રવેશવા માંડી. થોડી પળોમાં તો સેંકડો યાત્રિકો ઓગણા મંદિરમાં પહોંચી ગયા. ભીમસિંહજી હજી ત્યાં ને ત્યાં જ ઉભા હતા.

અંગ્રેજ અફસરની આંખ ક્રોધથી ધૂઆંપૂઆં થઈ ગઈ. એણે સત્તાવાહી સ્વરે પૂછ્યું : ભીમસિંહજી ! આપણી સંધિ-સુલેહનો ભંગ થઈ રહ્યો છે અને એથી જંગને આમંત્રણ અપાઈ રહ્યું છે. આ બધા ટોળાને નહિ, માત્ર તમારા રસાલાને જ યાત્રા કરવા દેવાની ઉદારતા સરકારે કરી છે. આંગળી પકડવા મળી, એ લાભથી લોભાઈને પોંચો પકડવાની વૃત્તિ વાણિયાને શોભે, વીરને નહિ !

ભીમસિંહજી પાસે જવાબ તૈયાર હતો : અંગ્રેજ અફસર ! ભારતનો રાજવી કોઈ દહાડો એકલપેટો નથી હોતો ! આ બધા યાત્રિકો મારો રસાલો નથી, તો કોનો તમારો રસાલો છે ? હું રાજા છું. આ બધા મારા પ્રજાજન છે. વસુધૈવ કુટુમ્બકંની વિશાળતા અમને ધાવણમાં પીવા મળી છે. આ આખી પ્રજા જ મારો પરિવાર છે !

આ જવાબનો અંગ્રેજ અફસર પાસે કોઈ જવાબ ન હતો, એ મૂંગે મોઢે અને વિલખા વદને, યાત્રાબંધીનો ફરમાનના ફુરચે-ફુરચાં ઉડાડીને મંદિરમાં મર્દાનગી સાથે પ્રવેશતા યાત્રિકોને જોઈ રહ્યો, યાત્રીઓના એ પગલામાં એવો તો પ્રચંડ-વેગ હતો કે, યાત્રાબંધીનો કાયદો એ દહાડે એવો કચડાઈ ગયો કે, ફરી પાછો ક્યારેય એ બેઠો જ ન થઈ શક્યો !

આવા હતા, ભારતીય-રાજવીઓ ! જે અલગ-અલગ એકમોમાં વિભક્ત હોવા છતાં જ્યારે ધર્મના કામે સત્તાની સામે સંઘર્ષ ખેલવાના કર્તવ્યની હાકલ સંભળાતી, ત્યારે એક બની જવામાં પળનો ય વિલંબ કર્યા વિના સજ્જ રહેતા અને એ ધર્મયુદ્ધને વિજય અપાવીને જ સંતોષનો શ્વાસ લેતા !

## ૧૯

# સચની સુરક્ષા કાજે સંગ્રામ

ધન, ધામ, ધરતી અને ધંધા ખાતર ધિંગાણું વહોરી લઈને ધડ દેનારા સ્વાર્થ-વીરો તો ઘણા મળી આવે છે. પણ સંસ્કૃતિ અને સતથી સુરક્ષા કાજે સંગ્રામને સાદ દેનારા સમર્પણવીરો આ ધરતી પર ક્યારેક ક્યારેક જ જન્મે/જાગે છે ! આવા એક વીરની આ સમર્પણ કથા છે ! સ્ત્રી-સ્વાતંત્ર્યને નામે સ્ત્રી-સ્વચ્છંદતાનો યુગ આજે જ્યારે વધુ ને વધુ ભ્રષ્ટાચારની ભવાઈઓ ભજવી રહ્યો છે, ત્યારે આ કથામાં ગુંજતી આદર્શ-નિષ્ઠા જરુર બોધપાઠ બની રહે એવી છે.

ધન, ધરતી અને ધામ ખાતર ધડ દઈ દેનારાં વીરોના નામ-કામથી જ કંઈ ભારતીય-ઈતિહાસના પાનાં ભરાયેલા નથી ! એ પાનાંઓ પર એવા પણ મહાવીરોના નામ નોંધાયા છે, જેમણે કોઈ પણ જાતના સ્વાર્થથી સ્નેહાયા વિના માત્ર પરમાર્થ કાજે જ મોતનો મીઠું ગણ્યું હોય ! આવા મહાવીરોના નામથી મેવાડ/મારવાડનો ઈતિહાસ ભરપૂર છે. એ ઈતિહાસમાં જોધપુરના રાજવી રાજ સાતલજીનુંય એક નામ સુવર્ણાક્ષરે નોંધાયેલું છે. સુંદરીઓના સતની સુરક્ષાર્થે એમણે ખેલેલા

જીવ સટોસટના સંગ્રામની આ એક પરાક્રમ કથા જાણવા અને માણવા જેવી છે :

મારવાડના મર્દ-માનવો આજના જોધપુરનો જ્યારે જોધાણા તરીકે મહિમા ગાતા હતા, ત્યારે ત્યાંના સિંહાસન પર રાવ સાતલજીનો સૂર્ય તપતો હતો. એ સૂર્યના અજવાળા એવા તેજસ્વી હતા કે, સતીઓના સત લૂંટીને નાસનારો કોઈ શયતાન એ પ્રકાશમાં પકડાઈ ગયા વિના ન રહેતો. પોતાના રાજ્ય પર આવતા આક્રમણને પડકારવા એ જાગૃત રહેતા, તો પોતાની પ્રજાની મા-બેટીના સત સામે કોઈ કુનજર કરતું, તો એને જવાંમર્દીભર્યો જવાબ આપવામાં એઓ ધર્મ સમજતા !

જોધપુરના તાબામાં રહેલા પીપાડ શહેરના પાદરે એક દહાડો ગોઝારી એક ઘટના બની ગઈ. ચૈત્રનો મહિનો હતો. મેળામાં મહાલવા અને ગૌરીપૂજાનો તહેવાર ઉજવવા સો દોઢસો સરખે સરખી છોકરીઓનું એક ટોળું ગરબે ઘૂમી રહ્યું હતું. મેળાનો રંગ જામ્યો-ન-જામ્યો, ત્યાં જ ભંગનો એક ભણકારો સહુને ડરાવી ગયો. સહૂએ દૂર નજર કરી, તો એક ટોળું ધૂળની ડમરીઓ ઉડાડતું પોતાની તરફ આવતું જણાયું. મેળામાં મસ્ત બનેલી સ્ત્રીઓએ પહેલા તો ઉડતી એ ધૂળની ડમરીને ઉપેક્ષાની નજરે નિહાળી. પણ પછી એમને ભય લાગ્યો કે, વાસના ભૂખ્યા કોઈ મુસ્લિમ સિપાઈઓની તો એ સેના નહિ હોય ને ?

મ્લેચ્છ-મુસ્લિમ સત્તા પોતાનો પંજો ફેલાવી રહી હતી, એ યુગના એ દિવસો હતો એથી હિન્દુ બહેન-બેટીઓની ચારિત્રરક્ષા માટે કટોકટીનો ગણી શકાય, એવો એ કાળ હતો. ગરબે ઘૂમતી સ્ત્રીઓનો ભય સાચો ઠર્યો. એ સ્ત્રીઓ કંઈ વિચાર કરે એ પૂર્વે તો અજમેરના સૂબેદાર મલ્લુખાની સેના વચ્ચે એ સ્ત્રીઓ ઘેરાઈ ગઈ. સ્ત્રીઓમાંથી કોઈ નું 'રણચંડી' તરીકેનું રૂપ ન જાગે, એ માટે સૂબાએ સિંહ જેવો એક સાદ પાડ્યો : મીર ઘડુલો હાજર ?

-ને વળતી જ પળે ભૂત જેવી એક ભયાનકતાએ દેખી દીધી. પહાડ જેવું પ્રચંડ એનું શરીર હતું. બિહામણો એનો વાન હતો. રડતું બાળક છાનું રહી જાય, એવો ઘોર એનો દેદાર હતો. એનું નામ હતું : મીર ઘડુલો ! માંડુગઢનો એ હાકેમ હતો અને અજમેરના સૂબા મલ્લુખા સાથે એ મૈત્રીના સંબંધે સંકળાયેલો હતો. એને જોઈને જ ઘણાના છક્કા છૂટી જતા. ઘડુલો ભીતિથી પ્રીતિ કરવામાં માનતો હતો. એથી એણે સ્ત્રીવૃંદને ડરાવવા કહ્યું :

'ચસકવા જશો, તો ચગદાઈ જશો, એવો આ ઘેરો છે. માટે એક હરફ પણ કાઢ્યા વિના અમને વશ થઈ જવામાં જ ડહાપણ છે. વશ થઈ જશો, તો અમારી 'બીબી' બનવાનું બડભાગ્ય પામશો અને આવેશ કરશો, તો 'બંદી' તરીકેનો બહિષ્કાર ખમવા તૈયાર રહેવું પડશે. માટે હિન્દુ-મુસ્લિમની લાંબી ગણતરી કર્યા વિના પ્રેમની પટ્ટીથી અજમેરના સૂબાઓના સૌંદર્યને માપવાની દીર્ઘ-દ્રષ્ટિ નહિ દોડાવો, તો મોતની મહેમાનગીરી માણવાનો અંજામ વેઠવો પડશે ! લક્ષ્મી ચાંલ્લો કરવા આવે, ત્યારે મોં ધોવા જવાનું ન હોય !'

સ્ત્રીઓ દેહથી ભલે અબળા હતી, પણ સિંહનું સામર્થ્ય એમના મનને વરેલું હતું. એઓ સમસ્વરે બોલી ઉઠી : આવી વિવેક વિનાની વાતો બોલતા શરમાતા નથી ! અમારા પિતાઓનું પરાક્રમ કંઈ પાણી ભરવા ગયું નથી અને અમારા ભાઈઓએ કંઈ બંગડીઓ નથી પહેરી ! અમને બીબી બનાવવાના સ્વપ્નનાં સેવતા તમે પોતે જ બંદી થઈને રહેશો. તમને ખબર નથી કે. આ તો મારવાડની મર્દ ભૂમિ છે અને જાણી જાણીને ઝેરને પી જનારા જવાંમર્દો અહીં ધર્મ-રક્ષા માટે યા હોમ કરીને સંગ્રામના સિંહને જગાડવા સદા સજ્જ જ રહેતા હોય છે !

સૂબો, મલ્લુખા અને મીર ઘડુલો સ્ત્રીઓના હૈયે વસતી આ હિંમતને જોઈ જ રહ્યા. પળ લાખેણી જતી હતી. સૂબાએ આજ્ઞા કરી :

સિપાઈઓ ! કેદ કરી લો, નાના મોઢે મોટી વાતો કરનારી આ છોકરડીઓ ને ! મિત્ર ઘડુલા તરફ નજર કરીને એણે કહ્યું : દોસ્ત, કુદરતના ગુલશનમાં કેવાં કેવાં ગુલ ઉગે છે ! ખુદાએ જ ખુશ થઈને આ પરીઓ સાથે આપણો ભેટો કરાવી આપ્યો હશે ! માટે સમય વર્તે સાવધાન થઈ જઈએ, અને મારવાડની આ માટીમાંથી મર્દાનગી જાગી જઈને માથું ઉચકે, એ પૂર્વે જ આપણે અજમેર ભેગા થઈ જઈએ.

-ને થોડી પળોમાં તો મેળો, મેળાને ઠેકાણે રહ્યો અને હસતી-રમતી એ સો-દોઢસો યુવતીઓને કબજે કરી સૂબાએ પોતાની સેનાને અજમેરની વાટે દોટાવી મૂકી. સતને અને સતીને સંરક્ષવાના સંકલ્પથી બંધાયેલી કેટલીય તાતી-તલવારોને મ્યાન-મુક્ત બનાવવાનું નોંતરું દેતી એ સેના એક મોટા વાવાઝોડા પૂર્વેની શાંતિને ઘેરી બનાવતી આગળ વધી રહી. એ સેનાને વધુ ડર જોધપુરના જોદ્ધાઓનો હતો. નાના નાના આક્રમણોને હસી કાઢતી એ સેના જ્યારે કોસાણાનાં તંબુઓમાં પેઠી, ત્યારે એમને ભાવિનો ભય સતાવી રહ્યો હતો. કારણ કે કોસાણા-જોધપુર વચ્ચે કંઈ ઘણું લાંબુ અંતર નહોતું.

રાવ સાતલજીની જવાંમર્દીને પડકારતા આ સમાચાર જ્યાં જોધપુરમાં ફેલાયા. ત્યાં જ જોધાણાની જવાંમર્દી જાગી ઉઠી. શૂરાઓ સમશેર તાણીને સજ્જ થઈ ગયા. સતીઓના સતની સુરક્ષાના એ સંગ્રામમાં ઝંપલાવવા રાવ સાતલજી વળતી જ પળે તૈયાર થઈ ગયા. એમણે ધરતીને ધ્રુજાવતી એક ત્રાડ નાખી :

'સંસ્કૃતિના સિંહની સામે અડપલું કરનારના કાંડા કાપવામાં નહિ આવે, તો ધરમની આ ધરતી કલંકિત થશે ! પછી એ કલંકને ધોવા આપણે આપણા લોહી વહાવીશું, તોય એ કલંકની કાળાશ નહિ જ ધોવાય ! માટે રણશૂરા ઓ જોદ્ધાઓ ! જાગજો અને આપણી મા-બેનની આબરુ લૂંટીને ભાગતા અજમેરની સામે એવું તો આક્રમણ જગવજો કે,

એ બેટો ભવિષ્યમાં મારવાડ તરફ મીટ માંડવાનું જ ભૂલી જાય ! આ સંગ્રામ સતની સુરક્ષાનો છે. આ જંગ જિંદાદિલી અને જંવામર્દીનો છે. આ યુદ્ધ શુદ્ધ/શુભની જાળવણીનું છે. માટે આપણે જરાક ઉદાસીનતા દાખવીશું, તોય આ ધર્મ-ધરતીના ધાવણ લજવાશે. અજમેરને આંતરવા હું કેસરિયા કરીને ઝંપલાવવા જઈ રહ્યો છું મારા પગલે પગલે શૂરાઓ અને વીરાઓ ચાલ્યા આવે !'

રણ ઝાલરી વાગી ચૂકી. યુદ્ધનો એ નાદ સાંભળીને વીરાઓની વણઝાર કોસાણાની કેડીએ ચાલી નીકળી. કેસરિયા વાઘા સમજીને જતા એ વીરોને, જોધપુરની મા-બહેનોએ કંકુ-ચાંલ્લો કરીને વધાવ્યા ને વિદાય આપી. આળસ મરડીને બેઠા થતા યુદ્ધ-મેદાનની ભાળ માળતા જ સૂબેદાર-મલ્લુખાની સેનામાં ભાગદોડ મચી ગઈ. એ ભાગદોડ બિલાડના મારકણા-મહોરામાંથી બચાવા આડેધડ દોડતા ઉંદર જેવી જ સાબિત થઈ. જોધાણાના જોદ્ધાઓ ચારે બાજુથી એ રીતે ધસી આવ્યા કે, અજમેરની સંપૂર્ણ સેના એ ધસારા વચ્ચે કેદી બની ગઈ. સૂબેદાર મલ્લુખાએ તીક્ષ્ણ નજરે જોઈને વિચાર્યું કે, હવે આ નાકાબંધીમાંથી છટકવું અશક્ય છે. એથી સ્વમાનભેર સંગ્રામ ખેલ્યા વિના મરી જવામાં મજા શી આવે ? મલ્લુખાંએ સેનામાં છવાઈ ગયેલી હતાશાને હઠાવી દેવા એક હાક મારી :

'અજમેરી યોદ્ધાઓ ! ડરવાની જરૂર નથી. મીર ઘડુલો આપણી મોટામાં મોટી મૂડી છે. આપણા બળ સામે આ જોધાણાનું જોર જ શું છે ? ભય જ માણસને માયકાંગલો બનાવે છે. નિર્ભયતા જ મોટું બળ છે. માટે તલવાર તાણીને ઉભા થઈ જાવ ! આવું ધિંગાણું ફરી ક્યારે ખેલવા મળશે. આમ છૂપી રીતે ધસી આવેલા બાયલા-જોધાણાઓ સામે તલવાર તાણતા જો કે આપણને શરમ આવે છે. પણ જ્યારે એમણે સામે પગલે આવીને આપણી સેનાના સૂતેલા સિંહની કેસસં ખેંચવાનું

અડપલું કર્યું જ છે, ત્યારે એ અડપલાને તીખો, તમતમતો અને જડબાતોડ જવાબ આપવો, એ આપણી ફરજ થઈ પડે છે. માટે યાહોમ કરીને પડો, ફતેહ છે આગે !'

આ રણ-ઝાલરીના નાદે અજમેરી યોદ્ધાઓમાં જવાંમર્દી ધસી આવી. બંને પક્ષો તાતી તલવારો તાણીને સામસામા ઉભા રહીગયા. મરવું કે મારવુંના આક્રમણ ઝનૂને કોસાણાના પાદરને યુદ્ધ ભૂમિમાં પલટાવી દીધું. ઘડી પળમાં તો ધમસાણ યુદ્ધ ખૂનરેજી બોલવતું આગળ વધી રહ્યું.

મીર ઘડુલો રાક્ષસની જ જાણે પ્રતિકૃતિ હતી. એણે તલવારના વાર ચલાવીને જોધાણાનું પાણી ઉતારવા માંડ્યું. સૂબેદાર મલ્લુખાને યુદ્ધ આપી રહેલા રાવ સાતલજીની નજર મરણતોલ જંગ ખેલતી પોતાની સેનાનો સર્વનાશ નોંતરતા ઘડુલાં પર પડી અને એમણે વ્યૂહ બદલવાનો નિશ્ચય કર્યો. એમને થયું કે, આ ઘડુલાનો ઘડો-લાડવો નહિ કરવામાં આવે, તો માભોમનો મહિમા મરી પરવારશે, કુશળતાથી પોતાના હરીફને એઓ મીર ઘડુલાની નજીક ખેંચી ગયા. સૂબેદારની સામે વિરાટકાય જણાતા રાવ સાતલજી મીર ઘડુલાની સામે સાવ વામણા જણાવા માંડ્યા. છતાં એમણે એક વીરહાક કરીને મીર ઘડુલાને ચેતવતા કહ્યું કે,

'ઘડુલા ! રાક્ષસ જેવું બળ ધરાવીને, આવા નાના સૈનિકોને સંહારતા તને શરમ નથી આવતી ? મર્દ માનો બહાદૂર બચ્ચો હોય, તો આવી જા મારી સામે ! સંગ્રામ તો સરખે - સરખા વચ્ચે હોય, તો જ શોભે ! નબળાઈને નમાવે અને સબળા સામે સૂઈ જાય, એને વીરતાની વાત ઉચ્ચારવાનો કોઈ અધિકાર નથી. માટે સાબદો થઈ જા, મારી તલવારનો વાર ખમવા !'

-ને ઘડુલા તેમજ રાવ સાતલજી વચ્ચે ખૂનખાર જંગ શરુ થઈ ગયો. એકબીજા એકબીજા પર મોતને મુઠ્ઠીમાં લઈને તૂટી પડ્યા. ઘડુલો બળકળનો માલિક હતો, છતાં અસત્યના આગ્રહી બનીને પોતાના

નાશને એણે ક્યારનુંય નોતરું પાઠવી જ દીધું હતું. એ નોંતરાના જવાબરૂપે જ જાણે રાવ સાતલજી એની સામે ટકરાયા હતા.

યુદ્ધનું મેદાન દંગ રહી જાય, એ રીતના ખરાખરીના જંગનો જબરો રંગ જામ્યો. આખી યુદ્ધભૂમિ દંગ રહી જઈને બે બળિયા વચ્ચેની એ લડાઈને નીરખી રહી. મદઝરતા હાથીના જેમ રાવસાતલજીને મીર ઘડુલાના લોહી નીંગળતા દેહ શોભી રહ્યા. હાર-જીતનું અનુમાન ન થઈ શકે, એ જાતનું પરાક્રમ બંને બળિયાની વહારે હતું. છતાં સાતલજી પોતાના વિજય માટે પૂરો વિશ્વાસ સેવી રહ્યા હતા. એ વિશ્વાસનો પાયો હતો : સતની સુરક્ષા કાજેના આ સંગ્રામનું સેનાનીપણું !

ઘડી અધઘડીના સંગ્રામે તો મીર ઘડુલાના દેહને ચાલણીની જેમ ઘાથી જર્જરીત કરી મૂક્યો. રાવ સાતલજીનો દેહ પણ ઠીક ઠીક ઘાથી ઘેરાઈ ચૂક્યો હતો, મૃત્યુના ભાવિને હવે ભૂંસી શકાય એમ ન હતું. છતાં સતની સુરક્ષાના સંગ્રામને વિજયી બનાવીને એઓ મોતને ભેટવા માંગતા હતા. એથી શરીરની તમામ તાકાતને એકઠી કરીને રાવ સાતલજી યુદ્ધનો અંત આણવા થનગની રહ્યા. અષાઢના ઘનઘોર વાદળામાંથી વીજ ત્રાટકે, એમ એમના હાથમાંથી તાતી તલવારનો એક એવો જીવલેણ ઘા થયો કે, મીર ઘડુલાનો ઘડો-લાડવો થઈ ગયો. હાથી જેવી કાયા ધરાવતો એ મીર ધરતી પર ઢળી પડ્યો અને અજમેરી સેનામાં ભયના ઘરની નાસભાગ મચી ગઈ.

રાવ સાતલજીને સમરાંગણમાં સહાયક થવા માટે એમના બંને સગા ભાઈઓ રાવ દુદાસિંહજી ને રાવ વરસિંહજી મેદાનમાં મરણિયા થઈને ઝઝૂમી રહ્યા હતા. મીર ઘડુલો મૃત્યુ પામતા અજમેરના સૈન્યની કરોડરજ્જુ પડી ભાંગી હતી. સાતલજીના સગા-ભાઈઓ, આઘાત એવો પ્રત્યાઘાત પાડવાના મતના હતા. મીર ઘડુલો મરાયો, મલ્લુખા જીવ લઈને નાસવાની તૈયારીમાં હતો, પીપાડના પાદરથી પકડાયેલી સુંદરીઓ

હવે જોધપુરનાં તાબામાં સુરક્ષિત હતી. છતાં આટલેથી વેર વસૂલ્યાનો સંતોષ અનુભવે, એવું તો ખુન્નસ નહોતું. એથી એમણે અજમેરની સેનામાં રહેલી મુસ્લિમ સુંદરીઓને કેદ કરવાની આજ્ઞા ફરમાવી.

મુસ્લિમ સુંદરીઓને દેખો ત્યાંથી પકડોનું ફરમાન છૂટતા જ કેટલીય સ્ત્રીઓ જોધપુરની પક્કડમાં ભીંસાઈ ગઈ. જોધાણાના સતના સ્નેહી ઘણાખરા યોદ્ધાઓને આઘાત એવો પ્રત્યાઘાત પાડવાની આ વૃત્તિ ન ગમી. પણ અત્યારે ડહાપણ ડોળવામાં મજા જેવું ન જણાતા, એમણે આ અયોગ્ય પગલાના સમાચારથી મૃત્યુ-બિછાને પોઢેલા રાજ સાતલજીને વાકેફ બનાવ્યા, સતના સંગ્રામને વિજયી બનાવ્યાનો રાવ સાતલજીનો આનંદ. આ સમાચારથી ઉડી ગયો. એમને થયું : મારૂં મોત બગડી જશે કે શું ? મ્લેછોની સામે મ્લેછ જેવા થવામાં આપણી કીર્તિ શી ?

ગઢ આવ્યો, પણ સિંહ ગયો, જેવો ઘાટ આ યુદ્ધમાં ઘડાયો હતો. યુદ્ધ ભલે જીતાયું હતું. પણ યુદ્ધ-નેતા રાવ સાતલજીનો ઘાથી ઘેરાઈ ગયેલો દેહ હવે ઝાઝા સમય સુધી મૃત્યુનો મુકાબલો લઈ શકે એમ નહતો. એમની ગંભીર સ્થિતિના સમાચાર સાંભળીને, એમના ભાઈઓ સંગ્રામભૂમિને છોડીને એ મૃત્યુ-શૈય્યા આગળ આવી ઉભા. વડીલ બંધુના મોં પર છવાયેલો વિષાદ જોઈને એમણે કહ્યું :

'વહાલા વડીલ બંધુ ! આપને માટે તો વીરની અદાથી વિદાય લેવાની પળ હવે બહુ દૂર નથી, ત્યારે આપના મોં પર આનંદ હોવો જોઈએ. જીવન આપ જીવી જાણ્યા છો, એથી મૃત્યુ આપના માટે મહોત્સવ સમુ મંગલ છે ! પછી આવી ગમગીની અને આવી ગંભીરતા આપના ચહેરા માટે યોગ્ય ન ગણાય !'

રાવ સાતલજીના જર્જરિત-દેહમાંથી ચોમાસામાં નળિયા ચુવે, એ રીતે લોહી ટપકી કહ્યું હતું. છતાં બહાદુરી પૂર્વક બેઠા થઈને, મનની મૂંઝવણ રજૂ કરતા એમણે કહ્યું : ભાઈઓ ! એક સમાચાર એવા

સંભળવા મળ્યા છે કે, એણે સતના આ સંગ્રામના વિજયની બધી ખુશાલી પર પાણી ફેરવવાનું કામ કર્યું છે. એ સમાચાર જો સાચા હોય તો....

રાવ-સાતલજી જરા થાક ખાવા અટક્યા. ભાઈઓને થયું કે, કંઈ આંધળે બહેરૂં કુંટાણું લાગે છે ! એથી એમણે કહ્યું : વડીલબંધુ ! અજમેર બહુ જ બૂરી રીતે બહિષ્કૃત થઈને બાયલાની જેમ રણને છોડી ગયું છે. જેની ખાતર આ ધર્મયુદ્ધને જગવવામાં આયું હતું. એ આપણી મા-બેટી-બહેનો સુરક્ષિત રીતે આપણા તાબામાં ને તંબૂમાં આવી ગઈ છે. આટલું જ નહિ, વેરની પૂરી વસૂલાત લેવા, આપણી સેનાએ આંધી જેવા આઘાતનો, પ્રલય જેવો પ્રત્યાઘાત વાળવા, મુસ્લિમ સુંદરીઓને કેદ કરી નાખી છે. કેટલી બધી ખુશાલીની આ ખબરો છે! છતાં આપને એવા તે ક્યા માઠા સમાચાર મળ્યા કે, જેણે આપના મોતની મજા મારી નાખી !

શરીરમાં શક્તિ ન હતી, છતાં ખોંખારો ખાઈને ખમીરથી સાતલજીએ સામો પ્રશ્ન કર્યો : ભાઈઓ ! આને તમે ખુશાલી કહો છો ! જે પ્રશ્નના ઉકેલ ખાતર આપણે યુદ્ધ ખેલ્યું, એ યુદ્ધના વિજય પર તમે મુસ્લિમ-મહિલાઓને કેદ કરીને પાણી ફેરવી દીધું છે. સ્ત્રી-માત્રને મા-બહેન-બેટીની નજરે જોવાની સંસ્કૃતિના ધાવણને તમે આજે લજવ્યું છે. અજમેર આપણા સ્ત્રી ધનને લૂંટે અને આપણે એની બહેન-બેટીઓ પર કુનજર-કરીએ, તો પછી અજમેર અને જોધપુરમાં ફેર શો રહ્યો ! મારા મરણનો સ્વાદ બગાડનાર આ સમાચાર છે. જ્યાં સુધી તમે અજમેરના સૂબાને એ સ્ત્રીઓ સન્માનભેર પાછી નહિ સોંપો, ત્યાં સુધી મારો જીવ અંદર ઘોળાયા જ કરશે. કદાચ હું મરીશ, તોય મોજથી નહિ મરું. માટે મને મોજથી મરવા દેવો હોય, તો પહેલું કામ આ કરો.

ગળગળા સાદે રાવ સાતલજીએ પોતાની આંતર-વ્યથા ઠલવી નાખી. ગમે તેમ તોય સહુમાં રજપૂતાઈનું ખાનદાન લોહી વહેતું હતું. બધાએ આ વાતને સમસ્વરે વધાવી લેતાં કહ્યું :

'રાવ સાતલજી ! પહાડ જેવી ભૂલને કબૂલતા અમે કાનબુટ્ટી પકડીએ છીએ. આપના વિજયને અમે કારમા પરાજયમાં પલટાવવામાં થોડા ઘણા નિમિત્ત બની ગયા છીએ, એ બદલ આપની ક્ષમા યાચીએ છીએ અને 'સાર જાઈ પર સિર ન જાઈ' ની ટેકની ટેકરી પર ઉભીને અમે આપને વચન આપીએ છીએ કે, દરેક મુસ્લિમ સ્ત્રીને સન્માનભેર અજમેર પહોંચાડીને પછી જ અમે વિજયના આનંદ-ગુલાલ ઉડાડીશું. આપ હવે ગમગીની અને ગંભીરતાથી લેવાઈ ગયેલા, મોં પર એક મુક્ત સ્મિતને રમતું મૂકો, જેથી અમે માફી મળ્યાની સંતોષાનુભૂતિ કરીને વચનને પાળવા અજમેરને પંથે રવાના થઈ શકીએ !'

મૃત્યુ-શૈય્યા પરથી રાવ સાતલજીએ એક નિખાલસ સ્મિત વેર્યું અને થોડી જ પળોમાં એ યુદ્ધનેતા વીરની અદાથી મૃત્યુને ભેટ્યો !

સતની સુરક્ષા કાજે નો આ સંગ્રામ તો ખેલાયો હતો ૧૫૪૮માં ! પણ એ સંગ્રામની સુવાસ આજેય હજી ઈતિહાસની ઈમારતમાં અકબંધ સચવાઈ છે અને આ ઈમારતના પ્રવાસીના તન-બદલને પ્રસન્નતાથી ભરી દેવા માટે સમર્થ એ પરમાટ જાણે પ્રશ્ન કરી રહી છે : સતનની સુરક્ષા કાજે જાણી જાણીને ઝેરને પીનારા આવા નરબંકાઓ આ ભૂમિ પર હવે પાછાં ક્યારે જાગશે ?





વિ.સં.૨૦૪૭-૨૦૭૨ 'સૂરિપદ રજતોત્સવ'

## ।। नमो आयरियाणं ।।

जे निच्चमप्पमत्ता विगहविरत्ता कसायपरिचत्ता ।
धम्मोवएससत्ता ते आयरिए नमंसामि ॥

જેઓ નિત્ય અપ્રમત્ત હોય છે, વિકથાથી વિરક્ત હોય છે, કષાયોથી ત્યક્ત હોય છે, અને ધર્મોપદેશમાં આસક્ત હોય છે, તે આચાર્ય ભગવંતોને હું નમસ્કાર કરું છું.



અમૃત જેવા મધુર

પંચ પ્રસ્થાન
પુણ્યસ્મૃતિ
પ્રકાશન
સુરત